**આજનો સુવિચાર**

મૂળ વગરના વૃક્ષને વિશ્વાસ વગર ના સબંધ, વધુ સમય ટકતા નથી!

સ્થાપક તંત્રી : સ્વ. કાર્તિક આર. ઉપાધ્યાય
તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક : અભિજીત કે. ઉપાધ્યાય

Post Regn. G/JND/24
(VALID up to 31-12-2026)
RNI Regn. No. 27509/67

Ph. : (0285) 2621000/ 2651800
E-mail : saurashtrabhoomi@gmail.com
Website : www.saurashtrabhoomi.com

# સૌરાષ્ટ્ર ભૂમિ

દૈનિક

જૂનાગઢ અને ગાંધીનગરથી પ્રસિધ્ધ થતું ગુજરાત અને સૌરાષ્ટ્ર-કચ્છનું અગ્રીમ અખબાર

વર્ષ : ૪૮ અંક : ૧૫૨ જૂનાગઢ તા.૧૦-૦૬-૨૦૨૪ સોમવાર પાના : ૮ કિંમત ૧-૫૦ રૂા. ● પ્રકાશન સ્થાન : સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક કાર્યાલય, જેઈલ રોડ, જૂનાગઢ. ગુજરાત ● મુદ્રણ સ્થાન : સોમનાથ પ્રિન્ટર્સ, જેઈલ રોડ, જૂનાગઢ, ગુજરાત (ઈન્ડીયા)

Saurashtra Bhoomi (Daily) Year : 48 Volume : 152, Junagadh : Date : 10 Jun, 2024, Monday, Pages 8 Price Rs.1.50 • Published from Saurashtra Bhoomi Karyalaya, Jail Road, Junagadh and Printed at : Somnath Printers, Jail Road, Junagadh, Gujarat, India. Editor, Printer, Publisher & Owner : Abhijeet K. Upadhyay

### મોદી ૩.૦ - પહેલો દિવસ, પહેલો-શો : વડાપ્રધાને કાર્યભાર સંભાળતા જ કિસાન સમ્માન નીધિનો ૧૭મો હપ્તો જારી કર્યો

# ૯.૩ કરોડ ખેડૂતોનાં ખાતામાં રૂા. ૨૦૦૦ જમા થશે

નવી દિલ્હી તા. ૧૦ વડાપ્રધાન મોદીએ શપથવિધિ બાદ આજે કાર્યભાર સંભાળતાની સાથે જ સમગ્ર સરકાર એકશનમોડમાં આવી ગઈ છે. વડાપ્રધાન મોદીનાં આજથી ત્રીજા કાર્યકાળની શરૂઆત થઈ છે. આજે પ્રથમ દિવસે વડાપ્રધાન મોદીએ સૌપ્રથમ કાર્ય કિસાન સન્માન નિધિનો ૧૭મો હપ્તો જારી કરવાની ફાઈલ પર હસ્તાક્ષર કરવાની સાથે કર્યો હતો. કિસાન સમ્માન નીધિની ફાઈલ પર હસ્તાક્ષર થવાની સાથે જ આજે અથવા આવતીકાલે દેશનાં ૯.૩ કરોડ ખેડૂતોનાં ખાતામાં ૧૭માં હપ્તા રૂપે રૂા. ૨૦૦૦ જમા થઈ જશે. કિસાન સમ્માન નીધિ માટે રૂા. ૨૦ હજાર કરોડની ફાળવણી કરવામાં આવી છે. ફાઈલ પર હસ્તાક્ષર કર્યા બાદ વડાપ્રધાને જણાવ્યું હતું કે, તેમની સરકાર કિસાનોનાં કલ્યાણ માટે પ્રતિબધ્ધ છે.



## નવી ટોલ કલેકશન સીસ્ટમ આવી રહી છે : ફાસ્ટેગ ભૂતકાળ બનશે

નવી દિલ્હી, તા.૧૦: કેન્દ્ર સરકાર ટૂંક સમયમાં ભારતમાં સેટેલાઈટ આધારિત ઈલેક્ટ્રોનિક ટોલ કલેકશન શરૂ કરવા જઈ રહી છે. તે પહેલા કોમર્શિયલ વાહનો માટે શરૂ કરવામાં આવશે. આ પછી ખાનગી કાર, જીપ અને વાન માટે તબક્કાવાર આ ટેકનોલોજી લાગુ કરવામાં આવશે. આ ગ્લોબલ નેવિગેશન સેટેલાઈટ સિસ્ટમ આગામી બે વર્ષમાં તમામ ટોલ વસૂલાત પર સ્થાપિત કરવામાં આવશે. આ સાથે ટોલ પ્લાઝા અને ફાસ્ટેગનું કામ સમાપ્ત થઈ જશે.

નવી ટેકનોલોજીના કારણે ટોલ પ્લાઝા પર ટ્રાફિક જામથી રાહત મળશે. આ ટેકનોલોજીમાં યુઝર્સે તેઓ જેટલા અંતરની મુસાફરી કરે છે તેના હિસાબથી ચૂકવણી કરવી પડશે. GNSS શ્રેષ્ઠ ટોલ સિસ્ટમ અવરોધ મુક્ત ઈલેક્ટ્રોનિક ટોલ કલેકશન હશે. આ ટેકનોલોજીમાં વાહનની મુવમેન્ટ અને તે કેટલા કિલોમીટર કવર કર્યું છે તેના પર નજર રાખીને ટોલ લેવામાં આવશે.

## પાટીલનાં અનુગામી તરીકે ગુજરાત પ્રદેશ ભાજપ પ્રમુખ પદે કોની વરણી થશે ?

ગાંધીનગર તા. ૧૦ સી.આર. પાટીલ કેન્દ્રીય મંત્રી બનતા હવે ગુજરાતમાં ભાજપનું સુકાન કોણ સંભાળશે ? એ ચર્ચાએ જોર પકડ્યું છે. ગુજરાતમાં નવા પ્રદેશ અધ્યક્ષની નિમણૂક ન થાય ત્યાં સુધી કાર્યકારી પ્રદેશ અધ્યક્ષ નિમાઈ શકે છે. તેના માટે હાલના ગુજરાત ભાજપના મહામંત્રી અને પૂર્વ ગૃહ રાજ્યમંત્રી રજની પટેલને સૂચના અપાઈ હોવાનું મનાય છે. ગુજરાતમાં ભાજપના નવા અધ્યક્ષની નિયુક્તિ નહી થાય ત્યાં સુધી હવે રજની પટેલ કાર્યકારી અધ્યક્ષની ભૂમિકામાં રહી શકે છે.

ગુજરાત ભાજપના વર્તમાન પ્રદેશ પ્રમુખ સી.આર.પાટીલે કેન્દ્રમાં મંત્રી તરીકે શપથ ગ્રહણ કર્યા છે ત્યારે સ્વાભાવિક છે કે ગુજરાત પ્રદેશ અધ્યક્ષ તરીકેનો હવાલો તેમણે છોડવો પડશે. આમ પણ તેમની ટર્મ પૂર્ણ થઈ ગઈ છે પરંતુ વધારાનું એક વર્ષનું આપવામાં આવેલું એક્સટેન્શન પણ પૂર્ણતાના આરે છે ત્યારે તેમના સ્થાને નવા પ્રદેશ અધ્યક્ષ તરીકે અનેક નામ ચર્ચામાં આવવા લાગ્યા છે.

## આજે સાંજે કેબીનેટની પ્રથમ બેઠક : કોને કયું ખાતુ મળશે ?

નવી દિલ્હી, તા. ૧૦ વડાપ્રધાન નરેન્દ્ર મોદીની નવી કેબીનેટની મીટીંગ આજે સાંજે લોકકલ્યાણ માર્ગ સ્થિત તેમના નિવાસ પર થવાની સંભાવના છે. સુત્રોના જણાવ્યા મુજબ કેબીનેટની બેઠક સાંજે પાંચ વાગ્યે મળી શકે છે. ભાજપ અધ્યક્ષ જે.પી.નડ્ડાએ મોદી સરકારના નવા પ્રધાનો માટે ડિનર પાર્ટી રાખી છે.

આ વખતે મોદી ૩.૦ની જમ્બો કેબીનેટ બની છે. ત્રીજી વખતની સરકારમાં કયા પ્રધાનોને કયા ખાતા મળે છે તેના પર સૌની મીટ છે. આજે સાંજે ખાતા ફાળવણી થવાની પણ શકયતા છે. ગૃહ, સંરક્ષણ, નાણા, રેલવે, શહેરી વિકાસ, વાણિજય, આરોગ્ય સહિતના મહત્વના ખાતાઓ મોટા ભાગે ભાજપ પોતાની પાસે જ રાખશે તેવું મનાય છે. ગત ટર્મમાં રાજનાથસિંહ સંરક્ષણ મંત્રી, અમિત શાહ ગૃહમંત્રી હતા. આ વખતે ખાતાઓની ફાળવણીમાં કોઈ ફેરફાર થાય છે કે કેમ તે જોવાનું રહેશે. મોદી સરકારના એજન્ડા આગળ વધારવા માટે તેમની વિશ્વાસુ ટીમ જ કેબીનેટને લીડ કરે તે અનિવાર્ય છે. સાથી પક્ષોને કઈ રીતે અને કયા ખાતા આપવાની વ્યુહરચના બનાવવામાં આવી છે તે ફોર્મ્યુલા હજુ જાહેર થઈ નથી.





આજે સાંજે મોદી કેબીનેટની પ્રથમ મીટીંગમાં આ અંગે નામો અને વિભાગોની યાદી ફાઈનલ થઈ જાય એવું લાગી રહ્યું છે. મોદી ૩.૦ સરકારમાં વિકાસને નવો વેગ આપવા માટે અનુભવી નેતાઓ અને મંત્રીઓ પર વિશ્વાસસ મુકવામાં આવ્યો છે. ૭૨ સભ્યોના મંત્રી પરિષદના અર્ધાથી વધુ પ્રધાનો અગાઉ પણ કેન્દ્રમાં મંત્રી અને ત્રણ કે તેથી વધુ વખત સંસદ સભ્ય રહી ચૂકયા છે. મંત્રીમંડળમાં દરેક ક્ષેત્ર, વર્ગ અને સમુદાયોને જગ્યા આપવા પ્રયત્ન કરવામાં આવ્યો છે. ૪૭ મંત્રી ઓબીસી, એસસી, એસટી અને લઘુમતી સમુદાયના છે. વડાપ્રધાને ગઈકાલે નવરચિત સરકારના તમામ પ્રધાનોને વિનમ્ર રહેવા, ઈમાનદારી અને પારદર્શતાથી કામ કરવા સલાહ આપી હતી.

જો કે એનસીપીના પ્રફુલ પટેલે રાજય કક્ષાનું મંત્રી પદ નહી સ્વીકારતા થોડો અસંતોષ જોવા મળ્યો હતો. જોકે કોઈ માથાકૂટ થઈ નથી. પરંતુ હવે ખાતા ફાળવણી બાદ કોઈ પ્રશ્ન ઉભો થશે કે નહીં તેની પણ ઘણા લોકો અટકળ કરવા લાગ્યા છે. આમ છતાં મુખ્ય અને મહત્વના ખાતાનો હવાલો વડાપ્રધાન ભાજપના પ્રધાનોને જ ફાળવશે તે નકકી છે.

## ભાજપનાં રાષ્ટ્રીય અધ્યક્ષ પદે નડ્ડાનાં સ્થાન કોણ આવશે ?

નવી દિલ્હી,તા.૧૦ : નવી સરકારની રચના બાદ ભાજપમાં સંગઠન સ્તરે ફેરફારની પ્રક્રિયા શરૂ થશે. નવા રાષ્ટ્રીય અધ્યક્ષની પસંદગી બાકી હતી અને હવે જે. પી. નડ્ડા સરકારમાં સામેલ થયા બાદ એ વાત વધુ સ્પષ્ટ થઈ ગઈ છે કે પાર્ટીને નવા રાષ્ટ્રીય અધ્યક્ષ મળશે. નડ્ડાનો પ્રમુખ તરીકેનો કાર્યકાળ જાન્યુઆરીમાં પૂર્ણ થયો હતો અને તેમને લોકસભા ચૂંટણી સુધી એક્સ્ટેંશન આપવામાં આવ્યું હતું. ભાજપનાં નવા રાષ્ટ્રીય અધ્યક્ષ કોણ હશે તે અંગે અનેક ચર્ચાઓ થઈ રહી છે. મધ્યપ્રદેશના પૂર્વ સીએમ શિવરાજ સિંહ ચૌહાણ અને હરિયાણાના પૂર્વ સીએમ મનોહર લાલના નામ પણ સામે આવ્યા હતા. હવે આ બંને કેન્દ્રની એનડીએ સરકારમાં મંત્રી બની ગયા છે, તેથી હવે નવા નામોની ચર્ચા શરૂ થશે. એક ચર્ચા એવી પણ ચાલી રહી છે કે નવા રાષ્ટ્રીય અધ્યક્ષ ઉત્તર પ્રદેશમાંથી આવી શકે છે, કારણ કે આ રાજયે લોકસભા ચૂંટણીમાં ભાજપને મોટો ફટકો માર્યો છે. એવું પણ કહેવામાં આવ્યું હતું કે ઉત્તર પ્રદેશમાં સંગઠનની સ્થિતિ નબળી પડી છે. જો કે, મહારાષ્ટ્રના એક નેતાનું નામ પણ ચર્ચામાં છે જેઓ હાલમાં સંગઠનમાં મહત્વની જવાબદારીઓ સંભાળી રહ્યા છે. માનવામાં આવી રહ્યું છે કે તેમને સંગઠનની જવાબદારી સોંપવામાં આવી શકે છે. ગત સરકારમાં માહિતી અને પ્રસારણ મંત્રી રહેલા અનુરાગ ઠાકુરને આ વખતે મંત્રી પરિષદમાં સ્થાન આપવામાં આવ્યું નથી, તેમને સંગઠનમાં સ્થાન આપવામાં આવી શકે છે. તેઓ ભાજપ યુવા મોરચાના પ્રમુખ રહી ચૂક્યા છે. એ જ રીતે સ્મૃતિ ઈરાની સહિત અનેક નેતાઓ હવે સંગઠનમાં કામ કરતા જોવા મળી શકે છે.

## સૌરાષ્ટ્ર-ગુજરાતમાં આંધી સાથે તોફાની વરસાદ : ૪નાં મોત



રાજકોટ,તા.૧૦ નૈઋત્ય ચોમાસાની ગુજરાતમાં એન્ટ્રી થવાના દિવસો ગણાય રહ્યા છે.

ચોમાસાની વિધિવત શરૂઆત પુર્વે જ પ્રિ-મોનસુન વરસાદ શરૂ થઈ ગયો હોય તેમ રાજયના દરિયાકાંઠા સહિતના ભાગોમાં ૩ ઈંચ સુધી વરસાદ નોંધાયો હતો. ભાવનગરજીલ્લામાં તોફાની આંધી સાથે વરસાદ થતા વૃક્ષો-થાંભલા ધરાશયી થવા ઉપરાંત મકાનોના છાપરા ઉડયા હતા. ભરૂચ પંથકમાં આંધી ફુંકાવાથી વૃક્ષ નીચે દબાઈ જવાથી એક મહિલા સહિત ત્રણ લોકોના મોત થયા હતા. અમરેલીના બાબરામાં પણ વરસાદી પાણીમાં કાર તણાઈ જતા ચાલકનું મોત થયુ હતું.

ગુજરાતને ચોમાસાનુ વિધિવત આગમન હજુ થયુ નથી પરંતુ પ્રિ-મોનસુન વરસાદ ઝંઝાવાતી બન્યો છે. અનેક ભાગોમાં ચોમાસા જેવો ભારે વરસાદ થયો હતો. રાજયના ૯ તાલુકામાં બે ઈંચ કરતા વધુ પાણી વરસ્યુ હતું. ધરમપુર તાલુકામાં ૪ કલાકમાં ૩ ઈંચ વરસાદ થતા રસ્તાઓ જળબંબાકાર બન્યા હતા. ઉમરપાડામાં બે ઈંચ, છોટા ઉદેપુરના કવાંટમાં બે ઈંચ, તાપીના વલેટમાં ૩ ઈંચ વરસાદ હતો. કપરાડા-પારડીમાં પણ ભારે વરસાદ નોંધાયો હતો.

સૌરાષ્ટ્રના ભાવગનર, અમરેલી, ગીર સોમનાથ, સુરેન્દ્રનગર જેવા જિલ્લાઓમાં પ્રિ-મોન્સુન વરસાદ નોંધાયો હતો ખાસ કરીને ભાવગનર જિલ્લામાં વ્યાપક નુકસાન થયું છે.

## શેરબજાર ઓલટાઈમ હાઈ ૭૭ હજારની સપાટી વટાવી

નવી દિલ્હી તા. ૧૦ : વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ સતત ત્રીજી વખત વડાપ્રધાન તરીકે શપથ લીધા છે જેને પગલે શેરબજારે આજે નવો ઈતિહાસ રચ્યો હતો. વાસ્તવમાં, સપ્તાહના પહેલા દિવસે સોમવારે બોમ્બે સ્ટોક એક્સચેન્જના ૩૦ શેરોવાળા સેન્સેકસે ૩૨૩.૬૪ પોઈન્ટના જોરદાર ઉછાળા સાથે પ્રથમ વખત ૭૭,૦૦૦ની સપાટીને પાર કરી હતી. તે ૭૭,૦૧૭ના સ્તરે ખુલ્યો હતો.

જો કે બજાર ૭૭૦૦૦ની અંદર ચાલ્યું ગયું હતું જો કે ૧૦.૧૦ કલાકે બજાર રેડ ઝોનમાં છે. શરૂઆતના વેપારમાં, અદાણી પોર્ટ્સ, પાવર ગ્રીડ કોર્પ, બજાજ ઓટો, કોલ ઈન્ડીયા અને શ્રીરામ ફાઈનાન્સના શેરમાં નિફટી ઈન્ડેક્સમાં સૌથી વધુ વધારો જોવા મળ્યો હતો. તેનાથી વિપરીત, ટેક મહિન્દ્રા, ઈન્ફોસિસ, ડો રેડ્ડીઝ લેબ્સ, એલટીઆઈ માઈન્ડટ્રી અને હિન્દાલ્કોના શેરમાં ઘટાડો નોંધાયો હતો.

## વીમા પોલીસી ધારકોને રાહત : ગ્રેસ પીરીયડમાં પણ વિમા કવર મળશે

નવી દિલ્હી,તા.૧૦ વીમા નિયામક અને વિકાસ ઓથોરિટી (ઈરડા)એ પોલીસી ધારકોને એક મોટી રાહત આપી છે. હવે બધી સ્વાસ્થ્ય અને સામાન્ય વીમા કંપનીઓએ ફરજિયાતપણે રાહત સમયગાળો (ગ્રેસ પીરિયડ) દરમિયાન પણ વીમા કવર આપવું પડશે. સ્વાસ્થ્ય વીમાના મામલામાં આ છુટ એ ગ્રાહકોને મળશે. જેમણે પોતાના પ્રીમીયમનું પેમેન્ટ માસિક, ત્રૈમાસિક, અર્ધવાર્ષિક કે વાર્ષિક આધારે કર્યું છે.

પોલીસી ધારકોને સામાન્ય રીતે પોતાના સ્વાસ્થ્ય વીમા પ્રીમીયમનું પેમેન્ટ કરવા માટે રાહત સમયગાળા મળે છે. આ દરમિયાન પોલીસી ધારકોને વીમા પ્રીમીયમ ચૂકવવાનો મોકો આપવામાં આવે છે, જેઓ નિશ્ચિત સમયે હપ્તો નહોતા ભરી શકયા. વીમા કંપનીઓ ૧૫થી માંડીને ૩૦ દિવસ સુધી રાહત સમયગાળો પ્રદાન કરે છે પણ આ દરમિયાન વીમા ધારકને પોલીસી કવરેજ નથી આપવામાં આવતુ, હવે ઈરડાએ વીમા કંપનીઓને છુટના સમયગાળા દરમિયાન પણ દાવા કવરેજ આપવાનું કહ્યું છે.

## ચાંદીમાં તેજીનો દોર યથાવત : સોનાનો ભાવ ઘટયો

નવી દિલ્હી તા. ૧૦ આજે સોનાની કિંમતમાં રેકોર્ડ ઘટાડો નોંધાયો છે. જ્યારે ચાંદીના ભાવમાં ઉછાળો જોવા મળ્યો છે. સોમવારે ભારતીય બુલિયન માર્કેટ ખુલ્યા બાદ સોનાની કિંમતમાં ૩૦૦ રૂપિયાથી વધુનો ઘટાડો થયો છે. મલ્ટી કોમોડિટી એક્સચેન્જ એટલે કે MCX પર, ૫ ઓગસ્ટે ભાવિ ડિલિવરી સાથે સોનું ૭૧૦૧૨ રૂપિયા પ્રતિ ૧૦ ગ્રામના ભાવે ટ્રેડ થઈ રહ્યું છે. જ્યારે આ પહેલા તે ૭૧૩૫૩ રૂપિયાના ભાવે બંધ થયો હતો.દરમિયાન ૪ ઓક્ટોબર, ૨૦૨૪ ના ભાવિ ડિલિવરી સાથે સોનું ૭૧૫૨૩ રૂપિયા પ્રતિ ૧૦ ગ્રામના દરે ટ્રેડ થઈ રહ્યું છે. અગાઉ તે ૭૧૬૭૮ રૂપિયાના ભાવે બંધ થયો હતો.

**સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિકનાં ૪૮માં વર્ષમાં મંગલ પ્રવેશ નિમિતે હાર્દિક શુભેચ્છા...**

આપની જીંદગીનાં દરેક શુભપ્રસંગોને યાદગાર બનાવવા માટે એકવાર અમારી મુલાકાત લો



- રીંગ સેરમની
- ફેમીલી ફંકશન
- કોન્ફરન્સ
- રીસેપ્શન પાર્ટી
- ગેટ ટુ ગેધર
- મેરેજ પાર્ટી

**શિવમ પાર્ટી પ્લોટ**
બંસીધર નગર, બસસ્ટેશન પાછળ, જૂનાગઢ

**સત્યમ પાર્ટી પ્લોટ**
LPG ગેસ પંપ સામે, ઝાંઝરડા ચોકડી, બાયપાસ રોડ, જૂનાગઢ

પરેશ કે. ડોબરીયા : મો. ૯૪૨૬૨ ૩૦૮૨૦

**સી. સી. પડદાવાળા**

- ફર્નિચર
- ફર્નિચર માલ
- પ્લાયવુડ
- હેન્ડલ
- પડદા
- સોફા
- સોફા માલ
- વોલ પેપર
- મેટ્રેસ
- પીલો
- પડદાનું કાપડ
- ઓફિસ કેર્ટન
- મોડયુલર કિચન

પડદા, સોફા, ફર્નિચર વ્યાજબી ભાવે કરી આપવામાં આવશે

તળાવ ગેઈટ, રેલ્વે ક્રોસીંગ, ૧લો માળ, સયુબ ચેમ્બર સામે, જૂનાગઢ - ૩૬૨૦૦૧

મો. ૯૯૭૮૬ ૫૪૧૫૫

તમામ પ્રકારનાં હઠીલા રોગોની આર્યુવેદીક પધ્ધતિથી સારવાર માટે નિષ્ણાંત (કેન્સરનાં દર્દીઓ અવશ્ય સંપર્ક કરે)

**ડૉ. ધવલ સંઘવી**

બી.એ.એમ.એસ. (B.V.P.U.), Pune
સૌરાષ્ટ્રમાં સૌ પ્રથમ જૂનાગઢ ખાતે નાડી પરીક્ષણથી નિદાન તેમજ અપાતી સારવાર
એપોઈન્ટમેન્ટ :- જૂનાગઢ મો.: ૯૩૨૮ ૫૫૪૩૪૩

ઈમ્યુનિટા લ્યો.. સંક્રમણથી બચો





તમામ પ્રકારનાં રોગોની આયુર્વેદિક પધ્ધતિથી સારવાર કરવાનાં નિષ્ણાંત

વર્તમાનમાં કોરોનાથી બચવા અને સંક્રમણને અટકાવવા તેમજ રોગપ્રતિકારક શકિત વધારવા માટે ઈમ્યુનિટાનું નિયમિત સેવન કરો અને સ્વસ્થ રહો.... દવા એક ફાયદા અનેક


દરેક જગ્યાએ ઉપલબ્ધ

કલીનીક : ઝાંઝરડા બાયપાસ ચોકડી, ત્રીજો માળ, ૯ સ્કવેર બિલ્ડીંગ, કે.જે. હોસ્પીટલ પાસે, જૂનાગઢ
સમય : સવારે ૧૦ થી ૨ સાંજે : ૫ થી ૭.૩૦ સુધી
અગાઉથી એપોઈન્ટમેન્ટ લેવી...

ઓપરેશનો મફત... ઓપરેશનો મફત... ઓપરેશનો મફત
● પીએમ જય / આયુષ્યમાન કાર્ડ ધારકો માટે જ

**હરિ-કલા યુરોસર્જીકલ હોસ્પિટલ**

**ડો. જયંત એચ. પંડયા**
જનરલ લેપ્રોસ્કોપી સર્જન અને એનોરેકટલ સર્જન



ઉપલબ્ધ સેવાઓ :


- હરસ, મસા, ભગંદર માટેની અદ્યતન IRCA,HAL LASER મશીનથી એક દિવસમાં સર્જરી અને રજા અને ગેરેંટીથી નાબૂદ થશે
- પથરી, પ્રોસ્ટેટ, સારણ ગાંઠ, એપેન્ડીકસના લેપ્રોસ્કોપી દૂરબીનથી ઓપરેશનો

પહેલો માળ, શ્રીજી ટાવર, કોર્ટ રોડ, જૂના બસસ્ટેશન સામે, જૂનાગઢ-૧ ફોન : (૦૨૮૫) હો. ૨૬૨૪૫૯૪,
મો. ૯૪૨૮૫ ૭૫૮૮૭, ૯૮૨૪૨ ૮૯૫૫૪, ૯૮૨૪૨ ૧૩૫૯૪

બીજી બ્રાંચ : હેલ્થ પ્લસ મલ્ટીસ્પેશ્યાલીટી હોસ્પીટલ અને રીસર્ચ સેન્ટર
લાલબહાદુરશાસ્ત્રી સોસાયટી, બસસ્ટેશન રોડ, જૂનાગઢ
મો. ૯૮૨૪૨ ૮૯૫૫૪, ૯૮૨૪૨ ૧૩૫૯૪

**મધુરમ સ્કુલ**

એડમિશન ઓપન...



પ્રાપ્ત થતી સુવિધાઓ :

- નવા વર્ષથી નવી શિક્ષણની નીતિ
- જવાહર નવોદય પ્રવેશ પરીક્ષા પધ્ધતિ અને GPSC પરિક્ષાઓની પધ્ધતિથી અપાતુ શિક્ષણ
- તમામ વિષયોમાં અનુભવી શિક્ષકો દ્વારા ડિજીટલ કલાસરૂમમાં અપાતુ શિક્ષણ
- પહેલા ધોરણથી જ વિશાળ કોમ્પ્યુટર લેબમાં અપાતુ શિક્ષણ
- દર અઠવાડિયે લેવાતી વિકલી ટેસ્ટ, બેઝિક ટેસ્ટ, સરપ્રાઈઝ ટેસ્ટ.
- શાળાના સમય સિવાયના સમય એકસ્ટ્રા બેચનું આયોજન કરી નબળા વિદ્યાર્થીઓ માટે ખાસ શિક્ષણનું આયોજન
- ૧ કલાસરૂમમાં ૨ શિક્ષકો દ્વારા અપાતું વ્યકિતગત શિક્ષણ
- અનુભવી ૪૦ થી વધારે શિક્ષકો દ્વારા અપાતું શિક્ષણ
- વિજ્ઞાન ક્ષેત્રમાં નવા વર્ષથી સાયન્સ લેબનું આયોજન
- મહિનામાં ૫ અને એક વર્ષમાં ૬૦ થી વધુ પ્રોજેકટ અને એકિટીવીટી
- સી.સી.ટીવી દ્વારા સતત નિરીક્ષણ
- ખુબ જ મર્યાદિત સંખ્યામાં એડમીશન બાકી રહેતા વહેલા તે પહેલાના ધોરણે આપના બાળકનું એડમીશન મેળવી લેવુ.
- આવો આપના બાળકોને મેધાવી – તેજસ્વી – યશસ્વી બનાવીએ.

જુલાય વાડા, જૂનાગઢ.
મો. ૯૭૧૪૫ ૬૩૨૬૮ / ૭૦૧૬૩ ૪૭૧૧૨

Since 1983
**શંખ મસાલા**
ગાયત્રી મસાલા
મો. ૯૪૨૮૬ ૨૩૦૨૩

- મરચું
- હળદર
- ધાણાજીરૂ
- ગરમ મસાલો



# અદાણી એરપોર્ટ્સે એક મિલિયન ટનથી વધુ કાર્ગોનું સંચાલન કરી ૭% વૃદ્ધિ હાંસલ કરી




મુંબઈ તા.૧૦

અદાણી એરપોર્ટ હોલ્ડિંગ્સ લિમિટેડ (AAHL) એ નાણાકીય વર્ષ ૨૦૨૩-૨૦૨૪માં ૧૦ લાખ ટન એર કાર્ગોનું નોંધપાત્ર સંચાલન કરી માઈલસ્ટોન હાંસલ કર્યો છે. આ સિદ્ધિ AAHL ની મજબૂત ઓપરેશનલ ક્ષમતાઓ અને ઉડ્ડયન ઉદ્યોગમાં વ્યૂહાત્મક વૃદ્ધિને દર્શાવે છે.

મજબૂત વૃદ્ધિ નોંધાવતા AAHLએ નાણાકીય વર્ષ ૨૦૨૩-૨૪માં ૧૦,૧૩,૧૧૫ મેટ્રિક ટનના નોંધપાત્ર કાર્ગોની સુવિધા થકી ૩૦.૧% બજાર હિસ્સો મેળવ્યો છે. જેનું કુલ કાર્ગો ટનેજ ૯,૪૪,૯૧૨ મેટ્રિક ટન હતું, અગાઉના નાણાકીય વર્ષની સરખામણીમાં આ નોંધપાત્ર ૭% y-o-y વધારો દર્શાવે છે.

નાણાકીય વર્ષ ૨૦૨૩-૨૦૨૪માં AAHLની કાર્ગોની મેનેજ કરાયેલી કામગીરી મુખ્યત્વે આંતરરાષ્ટ્રીય હતી - કાર્ગોનો ૬૫% હિસ્સો આંતરરાષ્ટ્રીય હતો. તે મજબૂત સ્થાનિક હાજરી જાળવીને વિશ્વવ્યાપી કામગીરીના સંચાલનમાં AAHLની કાર્યક્ષમતા દર્શાવે છે. આંતરરાષ્ટ્રીય કાર્ગો ટનેજનું પ્રમાણ ૬,૬૨,૨૫૮ મેટ્રિક ટન હતું, જે અગાઉના નાણાકીય વર્ષના ૬,૦૬,૩૪૮ મેટ્રિક ટનની સરખામણીએ નોંધપાત્ર ૯% y-o-y વૃદ્ધિ નોંધાવે છે.

કાર્ગો કામગીરીમાં ઓટોમોબાઈલ, ફાર્માસ્યુટિકલ્સ, નાશવંત, ઈલેક્ટ્રીકલ્સ/ઈલેક્ટ્રોનિક્સ અને ઈજનેરી સામાન સહિત કોમોડિટીનો સમાવેશ થાય છે. જે છત્રપતિ શિવાજી મહારાજ ઈન્ટરનેશનલ એરપોર્ટ (મુંબઈ), સરદાર વલ્લભભાઈ પટેલ ઈન્ટરનેશનલ એરપોર્ટ (અમદાવાદ), ચૌધરી ચરણ સિંહ ઈન્ટરનેશનલ એરપોર્ટ (લખનૌ), તિરુવનંતપુરમ ઈન્ટરનેશનલ એરપોર્ટ, મેંગલુરુ ઈન્ટરનેશનલ એરપોર્ટ, લોકપ્રિયા ગોપીનાથ બોરડોલોઈ ઈન્ટરનેશનલ એરપોર્ટ એરપોર્ટ (ગુવાહાટી) અને જયપુર ઈન્ટરનેશનલ એરપોર્ટ પર હેન્ડલ કરવામાં આવ્યા હતા.

કાર્ગો માટેના મુખ્ય આંતરરાષ્ટ્રીય સ્થળોમાં જર્મની, નેધરલેન્ડ, સંયુક્ત આરબ અમીરાત, યુનાઈટેડ કિંગડમ અને યુનાઈટેડ સ્ટેટ્સ ઑફ અમેરિકાનો સમાવેશ થાય છે.

આ સિદ્ધિ અંગે જણાવતા AAHLના CEO અરુણ બંસલે જણાવ્યું હતું કે, "અદાણી એરપોર્ટ હોલ્ડિંગ્સ લિમિટેડમાં અમે ઓપરેશનલ કાર્યક્ષમતા માટે સતત નવા બેન્ચમાર્ક સેટ કરી રહ્યા છીએ. કાર્ગો ટર્મિનલ્સે આ નાણાકીય વર્ષમાં ૧ મિલિયન ટનથી વધુ હેન્ડલ કરીને નોંધપાત્ર સીમાચિહ્ન હાંસલ કર્યું છે. આ સિદ્ધિ ભારતમાં આંતરરાષ્ટ્રીય અને સ્થાનિક એમ બંને એરફ્રેઈટ કામગીરીમાં મુખ્ય સુવિધા આપનાર તરીકેની અમારી સ્થિતિને મજબૂત બનાવે છે."

નાણાકીય વર્ષ ૨૦૨૩-૨૦૨૪ AAHL ની સફરની હાઈલાઈટ્સ:

મુંબઈ ઈન્ટરનેશનલ એરપોર્ટ પર માર્ચ ૨૦૨૪માં નાણાકીય વર્ષમાં સૌથી વધુ રેકોર્ડ વોલ્યુમ જોવા મળ્યું.

એરપોર્ટને ૨ પ્રતિષ્ઠિત પુરસ્કારો મળ્યાઃ

કાર્ગો એરપોર્ટ ઓફ ધ યર - એર કાર્ગો ઈન્ડિયા ૨૦૨૪

બેસ્ટ કાર્ગો એરપોર્ટ - ઈન્ડિયા કાર્ગો એવોર્ડ્સ ૨૦૨૩માં કાર્યક્ષમતા અને ડિજીટાઈઝેશન.

નવા ફ્રેઈટ ઓપરેટર્સમાં ઉમેરોઃ ચેલેન્જ ગ્રુપ, CMA CGM એર કાર્ગો, એર પેસ, કેન્યા એરવેઝ, ઈન્ડિગો અને યુગાન્ડા એરલાઈન્સ.

મુંબઈ ખાતે SACT એ સ્થાનિક કાર્ગો કામગીરીમાં ડિજિટાઈઝેશન તરફ એક મોટું પગલું ભરીને વેપાર ભાગીદારો દ્વારા ૧૦૦% વર્ચ્યુઅલ એકાઉન્ટ વપરાશનો અમલ કર્યો.

સરદાર વલ્લભભાઈ પટેલ ઈન્ટરનેશનલ એરપોર્ટ (અમદાવાદ) એ ઈન્ડિગોના પ્રથમ ૭૩૨૦ નિયો ફ્રેઈટરને ૧૮ મે, ૨૦૨૪ના રોજ સફળતાપૂર્વક હેન્ડલ કર્યું

ચૌધરી ચરણ સિંઘ ઈન્ટરનેશનલ એરપોર્ટ (લખનૌ) ખાતે આંતરરાષ્ટ્રીય કાર્ગો કામગીરીએ માર્ચ ૨૦૨૪માં અત્યાર સુધીની સૌથી વધુ ૭૦૦ ટનની માત્રા હાંસલ કરી હતી.

અદાણી એરપોર્ટ હોલ્ડિંગ્સ લિમિટેડ (AAHL) વિશે : AAHL ને ૨૦૧૯ માં અદાણી ગ્રુપની ફ્લેગશિપ કંપની અદાણી એન્ટરપ્રાઈઝ લિમિટેડની ૧૦૦% પેટાકંપની તરીકે સામેલ કરવામાં આવી હતી. સંકલિત ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને ટ્રાન્સપોર્ટ લોજિસ્ટિક્સમાં વૈશ્વિક અગ્રણી બનવાના તેના વિઝનને અનુરૂપ, અદાણી જૂથે ૭ એરપોર્ટના સંચાલન, સંચાલન અને વિકાસ માટે સૌથી વધુ બોલી લગાવીને એરપોર્ટ સેક્ટરમાં પહેલું સાહસ કર્યુંઃ અમદાવાદ, લખનૌ, મેંગલુરુ, જયપુર, ગુવાહાટી અને તિરુવનંતપુરમ અને તમામ ૭ એરપોર્ટ માટે એરપોર્ટ ઓથોરિટી ઓફ ઈન્ડિયા સાથે કન્સેશન કરાર પર હસ્તાક્ષર કર્યા. AAHL મુંબઈ ઈન્ટરનેશનલ એરપોર્ટ લિ.માં ૭૪% હિસ્સો ધરાવે છે, નવી મુંબઈ ઈન્ટરનેશનલ એરપોર્ટ લિ.માં ૭૪% હિસ્સો ધરાવે છે. તેના મેનેજમેન્ટ અને ડેવલપમેન્ટ પોર્ટફોલિયોમાં આઠ એરપોર્ટ સાથે AAHL ભારતની સૌથી મોટી એરપોર્ટ ઈન્ફ્રાસ્ટ્રક્ચર કંપની છે, જે મુસાફરોની સંખ્યામાં ૨૩% અને ભારતના એર કાર્ગો ટ્રાફિકનો ૩૦% હિસ્સો ધરાવે છે.

# સત્યમ સેવા યુવક મંડળ તથા ગાયત્રી શક્તિપીઠ ચેરી. ટ્રસ્ટના સંયુક્ત ઉપક્રમે નેત્ર યજ્ઞ તથા સર્વરોગ નિદાન કેમ્પમાં ૨૫૦ દર્દીઓએ લાભ લીધો






(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૧૦

જૂનાગઢની જાણીતી સેવાભાવી સંસ્થા સત્યમ સેવા યુવક મંડળ તથા ગાયત્રી શક્તિપીઠ જૂનાગઢના સંયુક્ત ઉપક્રમે તા.૯-૬-૨૪ના રોજ ગાયત્રી શક્તિપીઠ જૂનાગઢ ખાતે આણંદની શંકરા આઈ હોસ્પિટલના તજજ્ઞ ડોકટરો દ્વારા નેત્ર, જામર, મોતિયો, વેલ, પડદાના ઓપરેશન માટે આ હોસ્પિટલના તજજ્ઞ આંખના ડો.શિલ્પાબેન યાદવ દ્વારા તપાસ કરીને ઓપરેશન વાળા દર્દીઓને આણંદની શંકરા હોસ્પિટલ ખાતે લઈ જવામાં આવેલ, આ તકે તેમની સાથે આવેલ પુરી ટીમને લાખ લાખ અભિનંદન. તેમજ કમ્પિંગ થેરાપીના થેરાપિસ્ટ ડો. પ્રતીક્ષાબેન દ્વારા વા, સાંધાના દુખાવા, ચામડીના રોગ, કમર - ગોઠણ ના દુખાવા ની કંમ્પિંગ થેરાપિસ્ટ તરીકેની આડઅસર વગરના ઈલાજ યુકત સારવાર અને માર્ગદર્શન આપવામાં આવેલ.

આ ઉપરાંત દાંતના રોગો માટેના જૂનાગઢના સેવાભાવી ડો. પાર્થ ગણાત્રા દ્વારા દંત રોગનું નિદાન અને માર્ગદર્શન પૂરૂ પાડવામાં આવેલ હતું. આ સેવા યજ્ઞનું ઉદ્‌ઘાટન ભાગવત કથાકાર રવિભાઈ શાસ્ત્રી, મનસુખભાઈ વાજા, નાગભાઈ વાળા, હરસુખભાઈ વઘાસિયા, નિશાબેન પાનેરા, નીતાબેન દુધાત્રાના હસ્તે દીપ પ્રાગટ્ય કરીને કાર્યક્રમની શુભ શરૂઆત કરવામાં આવી હતી. કાર્યક્રમને સફળ બનાવવા માટે બટુક બાપુ, અલ્પેશભાઈ પરમાર, અરવિંદભાઈ મારડિયા, શાંતાબેન બેસ, કમલેશભાઈ પંડ્યા, યતિનભાઈ કારીયા, દીપલભાઈ રૂપારેલ, પ્રવીણભાઈ જોશી, ચંપકભાઈ જેઠવા, મનહરસિંહ ઝાલા, રણછોડભાઈ ગોડફાડ, કે.કે. ગોસાઈ, અશોકભાઈ ભટ્ટ, નાથાભાઈ શીલુ, જીતુભાઈ નેનોજી, દયાબેન માણેક, સરોજબેન જોશી, કંચનબેન પરમાર, કેતનભાઈ નાંઢા, શિલ્પાબેન વિગેરે સેવાભાવીઓ દ્વારા આ કાર્યક્રમને સફળ બનાવવા માટે જહેમત ઉઠાવી હતી જે ખરેખર માનવસેવા એ જ પ્રભુ સેવાની આ ઉક્તિને સાર્થક કરે છે.

# નરેન્દ્ર મોદીએ વડાપ્રધાન તરીકે શપથ લેતા દ્વારકામાં ઉજવણી




(પ્રતિનિધી દ્વારા) દ્વારકા તા.૧૦ : નરેન્દ્રભાઈ મોદીએ વડાપ્રધાન તરીકે ત્રીજી વખત શપથ લીધા હતા ત્યારે યાત્રાધામ દ્વારકા શહેરમાં ત્રણબત્તી ચોક ખાતે ફટાકડા ફોડી અને મીઠાઈ ખવડાવી દ્વારકા શહેર ભાજપ પ્રમુખ વિજયભાઈ બુજડ, શૈલેષભાઈ રાયમંગીયા, રમેશભાઈ હેરમા, પરબતભાઈ લગારીયા,અક્ષય બારાઈ તેમજ ભાજપના કાર્યકરો દ્વારા ઉજવણી કરવામાં આવી હતી.

# જૂનાગઢમાં લોટસ સ્પોર્ટ એકેડેમી દ્વારા યોગાસન સ્પર્ધા યોજાઈ

(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૧૦

લોટસ સ્પોર્ટસ એકેડેમી એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટ જૂનાગઢ અને ગોપાલ કૃષ્ણ ટ્રસ્ટ જૂનાગઢ દ્વારા યોગ દિવસ નિમિત્તે યોગ મહોત્સવ 'યોગાસન સ્પર્ધા ૨૦૨૪' યોજાઈ હતી. જેમાં પારકરા વેદાંત, ગોક્ષણીયા મયુર, વઘાસીયા અંશ, જનવી ઉનડકટ, ચોથાની શ્રધ્ધા, હારવી જીલકા, ફળદુ કિસન, દુબલ રાજ, મકવાણા અલ્પેશ, ઠકકર નેહા, ભાદરકા ધ્રુવીશા, વસોયા પલક,




નિશાબેન ગોધીયા, દયાબેન રીબડીયા, ચોથાણી ઉર્મીલાબેન, સંજયભાઈ જોશી, વિજુંડા અમૃતલાલ, કૈલાશભાઈ મકવાણા, નર્મદાબેન ચૌહાણ, શારદાબેન બોરસણીયા અને જયશ્રીબેન પટેલ વિજેતા થતાં સંસ્થા દ્વારા મેડલ અને પ્રમાણપત્ર આપી પ્રોત્સાહીત કરવામાં આવ્યા હતાં.

# ગીરમાં આ વર્ષે ૧૫ જુનથી સિંહોનુ વેકેશન શરૂ થશે

## સિંહોના મેટીંગ પિરીયડને લઈને વેકેશન પાડવામાં આવે છે, હવે ૧૬ ઓકટોબરથી ફરી સિંહ જોવા મળશે

જૂનાગઢ, તા.૧૦

ગીરના જંગલમાં સિંહદર્શન માટે જવા ઈચ્છતા લોકો માટે ખરાબ સમાચાર છે. હવે જલ્દી જ સિંહોનું વેકેશન શરૂ થવા જઈ રહ્યું છે. હવે ચાર મહિના સુધી પ્રવાસીઓ ગીરના સિંહના દર્શન નહિ કરી શકે. કારણ કે, દર વર્ષે ચાર મહિના ગીરનું જંગલ પ્રવાસીઓ માટે બંધ કરવામાં આવે છે. આ વર્ષે ૧૫ જુનથી સિંહોનુ વેકેશન શરૂ થશે. હવે માત્ર ૬ દિવસ બાકી રહ્યાં છે, તેના બાદ સિંહ દર્શન નહિ કરી શકાય. સિંહોના મેટીંગ પિરીયડને લઈને વેકેશન પડાય છે, હવે ૧૬ ઓકટોબરથી ફરી સિંહ જોવા મળશે. જૂનાગઢમાં આવેલ ગિરનાર નેચર સફારી પાર્કમાં ૧૫ જૂનથી સિંહોનું વેકેશન પડશે. આ વેકેશન ૧૫ ઓકટોબરે પૂર્ણ થતું હોય હવે ૧૬ ઓકટોબરથી ફરીથી સિંહ દર્શન થઈ શકશે. આ અંગે જૂનાગઢ વન વિભાગના ડીસીએફ અક્ષય જોષીએ જણાવ્યું હતું કે, જૂનાગઢમાં આવેલ ગિરનાર નેચર સફારી પાર્કને ૧૫ જુનથી ૧૫ ઓકટોબર સુધી બંધ રાખવામાં આવશે.

એશિયાઈ સિંહો માટે દુનિયાભરમાં વિખ્યાત એવું ગીરનું જંગલ ચાર મહિના માટે બંધ કરી દેવાય છે. ૧૫ જૂન થી લઈને ૧૬ ઓકટોબર સુધી વનરાજો માટે વેકેશન જાહેર કરાય છે. ચોમાસાની ઋતુ શરુ થાની સાથે જ ગીરનું જંગલ દર વર્ષે બંધ કરી દેવામાં આવે છે. કારણ કે જંગલના રાજા સિંહ અને બીજા ઘણા પ્રાણીઓ માટે સંવનન કાળ શરૂ થયો હોવાથી, તેમને કોઈ ખલેલ ના પહોંચે તે માટે વન વિભાગ દ્વારા પ્રવાસીઓ માટે ગીરના દરવાજા બંધ કરી દેવાય છે.

તો બીજી તરફ, ચોમાસાની ઋતુમાં વન વિભાગની કામગીરી વધી જાય છે. કારણ કે, ઈન્ફાઈટના કારણે સિંહો અને અન્ય પ્રાણીઓ ઘાયલ થતા હોય છે. ત્યારે વરસતા વરસાદમાં પણ તેઓને રેસ્ક્યુ કરી બચાવ કામગીરી થાય છે. ચોમાસાના ચાર મહિનામાં વરસાદને કારણે જંગલના રસ્તા બિસ્માર બની જાય છે. તેથી ભારે વરસાદમાં રસ્તાઓને રીપેર કરવા જેવા પડકારો આ ચાર મહિના દરમિયાન કરવા પડે છે. જેથી વેકેશન ખૂલે એટલે મુસાફરોને કોઈ તકલીફ ન થાય.

### અવસાન નોંધ

જામ ખંભાળિયાઃ ગો.વા. વિઠ્ઠલદાસ માધવજીભાઈ હિંડોચા (મૂળ સલાયા વારા)ના પુત્ર નવીનભાઈ (ભીખુભાઈ બારાઈ) (ઉ.વ. ૬૪) તે ગો.વા. ગોપાલભાઈ, ગુલાબભાઈ અને લીલાભાઈના નાના ભાઈ અને સતીશભાઈના મોટાભાઈ તથા હિરેન, દિપેન, રવીના પિતા તથા સ્વ. શાંતિલાલ પોપટલાલ બારાઈ (મીઠાપુર)ના જમાઈ તા. ૧૦ ના રોજ અવસાન પામેલ છે. સદગતની પ્રાર્થનાસભા તથા સ્વસુર પક્ષની સાદડી ભાઈઓ તથા બહેનો માટે આજરોજ સોમવારે સાંજે ૪.૦૦ થી ૪.૩૦ અત્રે જલારામ મંદિર પ્રાર્થના હોલ ખાતે રાખવામાં આવેલ છે.

# જૂનાગઢમાં ભક્ત કવિ નરસિંહ મહેતાના પદો, પ્રભાતિયા અને સાહિત્યીક કાર્યક્રમ યોજાશે

જૂનાગઢ તા.૧૦

આગામી તા.૧૨-૬ને બુધવારના રોજ રાત્રીના ૯ વાગ્યેથી જૂનાગઢ સ્થિત લોઢીયાવાડી એસી હોલ, બીજા માળે ગુજરાત રાજય સંગીત નાટક અકાદમી ગાંધીનગર અને સાજન ટ્રસ્ટ રાજકોટના સંયુકત ઉપક્રમે આદિ કવિ શ્રી નરસિંહ મહેતાજીનાં પદો, પ્રભાતિયા સાથે સાહિત્ય વિવેચનનો કાર્યક્રમ યોજાશે. આ કાર્યક્રમમાં ગુજરાતનાં નામવર કલાકારો ગુણવંત ચુડાસમા, ઉર્વશી પંડયા, સંદીપ પ્રજાપતિ, અનિલ પટેલ ખાસ વિવિધ પદો તથા પ્રભાતિયાની પ્રસ્તુતી થશે. આ કાર્યક્રમના અધ્યક્ષસ્થાને સંતશ્રી મુકતાનંદબાપુ રહેશે. કાર્યક્રમમાં દિપ પ્રાગટય સંજયભાઈ કોરડીયા, ધારાસભ્ય તથા ચેતન ત્રિવેદી દ્વારા કરવામાં આવશે. તથા કાર્યક્રમના મુખ્ય મહેમાનોમાં પલ્લવીબેન ઠાકર, ધવલભાઈ વસાવડા, હેમંતભાઈ નાણાવટી, કવી ઉર્વશી વસાવડા, કવી મહેન્દ્રસિંહ પઢીયા, ખમીર મજમુદાર, મનોજભાઈ પોપટ, રાજુભાઈ પટ્ટ, જયકિશનભાઈ દેવાણી, અમિષાબેન માંકડ તથા વિપુલ ત્રિવેદીની ઉપસ્થિતી રહેશે. આ કાર્યક્રમમાં ઉપસ્થિત રહેવા ગુજરાત રાજય સંગીત નાટક અકાદમી અને સાજન ટ્રસ્ટનાં પ્રમુખ ચેતન ટાંક દ્વારા જૂનાગઢની જાહેર જનતાને ભાવભર્યુ નિમંત્રણ પાઠવેલ છે. આ સમગ્ર કાર્યક્રમનું ઉદ્‌ઘોષન ધારા બુધ્ધ દ્વારા કરવામાં આવશે.

# કેશોદમાં હોર્ન વગાડવા મુદ્દે બોલાચાલી થયા બાદ એસટી ડ્રાઈવર ઉપર હૂમલો

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૧૦

કેશોદમાં રહેતાં રમેશભાઈ રાણાભાઈ ડાંગર એસટી ડેપોમાં ડ્રાઈવર તરીકે ફરજ બજાવતાં હોય જીજે ૧૮ ઝેડ ૯૧૭૧ નંબરની મેંદરડા - રાજેશર - કેશોદ બસ ચલાવી રહ્યાં હતાં. ત્યારે એસટી બસ અક્ષયગઢ અને એનપી કોલેજ વચ્ચે પહોંચતાં રસ્તામાં ગાય ઉતરતાં હોય કંપની માન્ય હોર્ન વગાડ્યું હતું. એક વાર સાઈડમાં જતી રહેલી ગાય ફરી રોડ ઉપર આવતાં ફરી હોર્ન વગાડ્યું હતું આથી ગાયની સાથે ચાલી રહેલ એક શખ્સ આવી પહોંચી હોર્ન કેમ વગાડે છે તેમ ગાળા ગાળી કરા બસના આગળના ભાગના મુખ્ય કાચમાં લાકડી મારી તોડી નાખ્યો હતો. તે દરમ્યાન જીજે-૧૧-એએચ-૫૪૭૪ નંબરની બાઈક ઉપર એક શખ્સ આવી પહોંચતાં બંને શખ્સોએ અહીંયા નીકળતી વખતે હોર્ન વગાડવાનું નહી તેમ કહી ગાળા ગાળી કરી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. આથી ડ્રાઈવરે સેજા ડાયાભાઈ, અમરા સેજાભાઈ નામના શખ્સ વિરૂધ્ધ ફરજ રૂકાવટની ફરિયાદ નોંધાવતાં પોલીસે બંને આરોપીઓને ઝડપી લીધેલ છે.

# અમૂલ બાદ હવે સુમુલ ડેરીએ દૂધના ભાવમાં વધારો કર્યો

સુરત, તા.૧૦

અમૂલ ડેરી બાદ ગુજરાતની વધુ એક ડેરીએ દૂધના ભાવમાં વધારો કર્યો છે. અમૂલ બાદ સુમુલ ડેરી દ્વારા દૂધના ભાવમાં લીટરે રૂપિયા બેનો વધારો કર્યો છે. ૬ દિવસ પહેલા જ અમુલ ડેરી દ્વારા દૂધના ભાવમાં પ્રતિ લીટરે બે રૂપિયાનો વધારો કર્યો હતો. ત્યારે આજથી સુમુલ ડેરી દ્વારા પણ પ્રતિ લિટરે બે રૂપિયાનો વધારો કરવામાં આવ્યો છે. સુરત સહિત તાપી જિલ્લાના સુમુલના ગ્રાહકો પર રોજ ૨૪ લાખ રૂપિયાનું ભારણ વધશે. દેશમાં મોંઘવારી સતત વધી રહી છે. મોંઘવારી અટકવાનું નામ નથી લઈ રહી. ત્યારે હવે દક્ષિણ ગુજરાતમાંથી વધુ એક મોટો ઝટકો પ્રજા માટે આવ્યો છે. તાજા અપડેટ પ્રમાણે, અમૂલ બાદ સુમુલ ડેરીએ ભાવ વધારો કર્યો છે. દૂધના ભાવમાં પ્રતિ લીટરે ૨ રૂપિયાનો વધારો કરાયો છે. સુરત-તાપી જિલ્લા સહકારી દૂધ સંઘે આ વધારો કર્યો છે. વધારા બાદ નવા ભાવ પણ સામે આવ્યા છે. સુમુલ ડેરીએ દૂધના ભાવમાં અચાનક વધારો ઝીંકતા ગૃહીણીઓનું બજેટ બગડી શકે છે.

સુમુલ ડેરી દૂધના નવા ભાવ

૧. અમુલ ગોલ્ડ ૫૦૦ મિલી નો ભાવ ૩૪ રૂપિયા

૨. અમુલ શક્તિ ૫૦૦ મિલી નો ભાવ ૩૧ રૂપિયા

૩. અમુલ તાજા ૫૦૦ મિલી નો ભાવ ૨૭ રૂપિયા

બે દિવસ પહેલા સુરત અને તાપી જિલ્લાના પશુપાલકો માટે ખુશખબર આપી હતી કે, પશુપાલકો માટે દૂધમાં કિલોફેટે ભાવમાં વધારો જાહેર કર્યો હતો. ભેંસના દૂધમાં કિલોફેટે ૨૦ રૂપિયાનો વધારો કરાયો હતો. તો ગાયના દૂધમાં કિલોફેટે ૧૫ રૂપિયાનો વધારો કરાયો હતો. ભેંસના દૂધના કિલોફેટે ભાવ ૮૩૦ રૂપિયા હતા, જે વધારીને ૮૫૦ રૂપિયા કરવામાં આવ્યા છે. ગાયના દૂધના કિલોફેટના ભાવ ૭૯૫ રૂપિયા હતા, જે વધારી ૮૧૦ રૂપિયા કરવામાં આવ્યા હતા. સુમુલ ડેરીના ચેરમેન માનસિંગ પટેલે આ જાહેરાત કરી હતી. આ જાહેરાતથી સુરત તાપી જિલ્લાના અઢી લાખ પશુપાલકોને વાર્ષિક ૬૦ કરોડનો ફાયદો થશે. અઢી લાખ પશુપાલક માટે ખુશીના સમાચાર છે.

ઉલ્લેખનીય છે કે, લોકસભાની ચૂંટણી પૂર્ણ થતાં જ લોકો પર મોંઘવારીનો માર ઝીંકાઈ રહ્યો છે. તાજેરતમાં જ અમૂલ દૂધમાં પ્રતિ લીટર ૨ રૂપિયાનો વધારો કરવામાં આવ્યો હતો.

અમૂલ ગોલ્ડ, અમૂલ શક્તિ, અમૂલ ટી સ્પેશિયલ દૂધના ભાવમાં વધારો કરાયો છે. હવે અમૂલ ગોલ્ડ લીટરનો ભાવ ૬૪ રૂપિયાથી વધી ૬૬ રૂપિયા થશે. જ્યારે અમૂલ ટી સ્પેશિયલના પ્રતિ લિટર ભાવ રૂ.૬૨થી વધી ૬૪ થશે. એટલુ જ નહી અમૂલ શક્તિના પ્રતિ લીટર રૂ.૬૦ થી વધી ૬૨ રૂપિયા થશે જ્યારે દૂધ સહિત દહીંના ભાવમાં પણ વધારો થયો છે. હવે સવાલ એ છે કે, અમૂલ દૂધના ભાવ વધતા ગુજરાતની અન્ય ડેરીઓ પણ ધીરે ધીરે ભાવ વધારી રહી છે.

### શાકભાજીના ભાવમાં વધારો

# ગરમીના કારણે શાકભાજીની ખેતી ઉપર અસર જોવા મળી

## ગરમીની અસર તુરિયા, ગલકા, દુધી, કાકડી, ટામેટા, ગીલોડા સહિત અન્ય શાકભાજીના ઉત્પાદન પર પડી છે

જૂનાગઢ, તા.૧૦

સૌરાષ્ટ્ર-ગુજરાતના દરેક જિલ્લામાં લોકો ૪૫ ડિગ્રીથી વધુ ગરમીનો ભોગ બન્યા છે. અસહ્ય ગરમીના કારણે શાકભાજીની ખેતી પર અસર જોવા મળી છે, જેની અસર ગૃહિણીઓના બજેટ પર પણ તેની અસર જોવા મળી છે. આમ તો ખેડૂતોએ મોંઘા ભાવના બિયારણ અને ખાતર નાખીને શાકભાજીનુ વાવેતર કરવામાં આવ્યું હતું. વધી રહેલી ગરમીને કારણે શાકભાજીના છોડ પર ફૂલ ખીલતાની સાથે સુકાઈને ખરી પડતા હતા. જો કોઈ ફૂલમાંથી ફળ બેસે તો તે નાનકડું ફળ પણ તાપમાં મૂરજાઈને ખરી પડતું હતું. જેને લઈને સારી આવકની આશાએ વાવેલો પાક પૂરતું પાણી આપવા છતાં સારું ઉત્પાદન આપી નથી રહ્યો.

આકરી ગરમીની અસર ખાસ કરીને વેલાવાળી શાકભાજી જેવા કે તુરિયા, ગલકા, દુધી, કાકડી, ટામેટા, ગીલોડા સહિત અન્ય શાકભાજીના ઉત્પાદન પર પડી છે. ઉત્પાદન ઓછું થવાના કારણે સૌરાષ્ટ્ર-ગુજરાતના જિલ્લામાં હોલસેલ માર્કેટ ખાતે ભાવમાં ભારે તેજી જોવા મળી છે. આમ તો ખેડુતોને જે ભાવ મળી રહ્યો છે, આ ભાવ પહેલા કરતા પણ પોષાય તેમ નથી. કારણ કે પહેલા મળેલા ભાવ કરતા આ વખતે ભાવ વધુ મળ્યા છે, પણ સામે ખેડૂતોને પાક નુકસાન પણ એટલું જ થયું છે.

હોલસેલ માર્કેટમાં છેલ્લા ૨૫ દિવસથી શાકભાજીની આવકમાં ઘટાડો જોવા મળ્યો છે. આકરી ગરમીને લઈને શાકભાજીના ભાવ આસમાને પહોંચ્યા છે. ગરમીને કારણે ઉત્પાદન ઘટતા માર્કેટમાં શાકભાજીની આવક પણ ઘટી છે, ૭૦ થી ૮૦ ટકા ભાવ વધારો થયો છે. માર્કેટના વેપારીઓ જણાવી રહ્યા છે કે, શાકભાજીના ભાવ વધવાનું એક માત્ર કારણ આકરી ગરમી છે. ગરમીને કારણે જરૂર જેટલું ઉત્પાદન મળતું નથી, તો સામે ખર્ચ, બિયારણ, સહિતનો ભાવ વધી ગયો છે એટલે એકંદરે ખેડુતોને આ ભાવ પણ પોસાય તેમ નથી. જો રાજ્યમાં ગરમીનું પ્રમાણ વધુ રહેશે તો શાકભાજીના ભાવમાં આનાથી પણ વધારો આવી શકે તેમ છે, ત્યારે સરકારે શાકભાજીના ભાવ વિશે કંઈક વિચારવું જોઈએ તેવું ખેડૂતો માની રહ્યા છે.

### મસ્ક ગયા વર્ષે યુએસમાં પીએમ મોદીને મળ્યા હતા

# ‘હવે મારી કંપનીઓ ભારતમાં છે’, એલોન મસ્ક

## મોદીના નેતૃત્વમાં NDAએ ૫૪૩ લોકસભા સીટોમાંથી ૨૯૩ સીટો જીતી છે



નવી દિલ્હી, તા.૧૦

અબજોપતિ ઉદ્યોગપતિ અને ઈલેક્ટ્રિક કાર ઉત્પાદક ટેસ્લાના CEO, એલોન મસ્ક, વડાપ્રધાન નરેન્દ્ર મોદીને લોકસભા ચૂંટણીમાં તેમની જીત બદલ અભિનંદન પાઠવ્યા છે. મસ્કે કહ્યું કે તેમની કંપનીઓ ભારતમાં કામ કરવા ઉત્સુક છે.મસ્કે સોશિયલ મીડિયા પોસ્ટમાં કહ્યું કે નરેન્દ્ર મોદી, વિશ્વની સૌથી મોટી લોકતાંત્રિક ચૂંટણીમાં તમારી જીત બદલ અભિનંદન. મારી કંપનીઓ ભારતમાં કામ કરવા આતુર છે.


આ પહેલા શુક્રવારે નરેન્દ્ર મોદી રાષ્ટ્રપતિ ભવન પહોંચ્યા અને રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુને મળ્યા અને સરકાર બનાવવાનો દાવો કર્યો. આ દરમિયાન રાષ્ટ્રપતિએ મોદીને વડાપ્રધાન પદ માટે નોમિનેટ કર્યા હતા. તેઓ રવિવારે સતત ત્રીજી વખત વડાપ્રધાન તરીકે શપથ લેવા તૈયાર છે. મોદીના નેતૃત્વમાં NDAએ 543 લોકસભા સીટોમાંથી 293 સીટો જીતી છે.તમને જણાવી દઈએ કે ચૂંટણી પહેલા મસ્કે ભારતની મુલાકાતની જાહેરાત કરી હતી.

જોકે, બાદમાં તેણે પોતાનો ભારત પ્રવાસ સ્થગિત કરી દીધો હતો.ગયા વર્ષે જૂનમાં જ્યારે વડાપ્રધાન નરેન્દ્ર મોદી અમેરિકાના પ્રવાસે ગયા હતા. એલોન મસ્ક તેને ત્યાં મળ્યો. આ દરમિયાન પોતાને મોદીના પ્રશંસક ગણાવતા મસ્કે કહ્યું હતું કે ટેસ્લા ભારતમાં રોકાણ કરશે. ટેસ્લાની જેમ, કંપનીએ ગયા વર્ષે જુલાઈમાં કહ્યું હતું કે તે $24,000ની કિંમતની EVsનું ઉત્પાદન કરવા માટે ભારતમાં ફેક્ટરી ખોલવામાં રસ ધરાવે છે.એલોન મસ્કે 2019ની શરૂઆતમાં ભારતમાં રોકાણ કરવા માટે સૌપ્રથમ રસ દર્શાવ્યો હતો. જો કે, તેમણે ઊંચા આયાત કર અંગે વાંધો ઉઠાવ્યો હતો. પરંતુ ભારત સરકાર સ્પષ્ટપણે કહે છે કે જો ટેસ્લા ભારતમાં મેન્યુફેક્ચરિંગ પ્લાન્ટ સ્થાપશે તો રાહતો પર વિચાર કરવામાં આવશે. સરકારે ટેસ્લાને ભારતમાં ચીની બનાવટની કાર વેચવાની પરવાનગી આપી નથી. સરકારે એલોન મસ્કની કંપનીને દેશમાં મેન્યુફેક્ચરિંગ પ્લાન્ટ સ્થાપવા કહ્યું હતું જેથી સ્થાનિક વેચાણ અને નિકાસ માટે ઉત્પાદન કરી શકાય.

### સોળ વર્ષ પછી આમિર ખાન ફરીથી ધૂમ મચાવશે

# "સિતારે જમીન પર"ના શૂટિંગ માટે આમિર દેખાયા

## અભિનેતા આમિર ખાનની તેની ફિલ્મનું શૂટિંગ કરવા માટે એક ચાર્ટડ ફ્લાઈટ દ્વારા વડોદરા આવ્યો હતો



વડોદરા, તા.૧૦

લાલ સિંહ ચઢ્ઢા’ ફ્લોપ થયા બાદ આમિર ખાન બ્રેક પર હતો. હવે તે કમબેક કરવા જઈ રહ્યો છે, લગભગ સોળ વર્ષ પહેલા આમિરે તારે જમીન પર ફિલ્મ આપી હતી જે હિટ રહી હતી. હવે તે તારે જમીન પરની સિક્વલ બનવા જઈ રહ્યો છે, જેનું નામ "સિતારે જમીન પર" જણાવાયું છે. આ ફિલ્મમાં આમિર ખાન સાથે જેનેલિયા દેશમુખ જોવા મળશે. હાલમાં ફિલ્મનું શૂટિંગ ચાલી રહ્યું છે. આ દરમિયાન સ્ટોરી લઈને એક મોટો સંકેત મળ્યો છે. આમિર ખાન, તેની બ્લોકબસ્ટર હિટ ફિલ્મો માટે પ્રખ્યાત છે, તેના આગામી સાહસોની આતુરતાપૂર્વક રાહ જોઈ રહેલા વિશાળ વૈશ્વિક ચાહકોનો એક વર્ગ છે. હાલમાં બધાની નજર તેની આગામી ફિલ્મ ’સિતારે જમીન પર’ પર છે. તાજેતરના અહેવાલો દર્શાવે છે કે આમિર સતત શૂટિંગમાં વ્યસ્ત છે અને હાલમાં વડોદરાની તીવ્ર ગરમીમાં શૂટિંગ કરી રહ્યો છે.ચાહકો આ પ્રોજેક્ટ પર અપડેટ્સની આતુરતાથી રાહ જોઈ રહ્યા છે કારણ કે અભિનેતા તેના ઑન-સ્ક્રીન અભિનયથી પ્રેક્ષકોને મંત્રમુગ્ધ કરવાનું ચાલુ રાખે છે. ઈન્ડસ્ટ્રીના વિશ્વસનીય સૂત્રના જણાવ્યા અનુસાર, "આમીર ખાન ’સિતારે જમીન પર’ માટે બેક ટુ બેક શૂટમાં વ્યસ્ત છે. દિલ્હીનું શેડ્યૂલ પૂરું કર્યા પછી, તે હવે વડોદરામાં શૂટિંગ કરી રહ્યો છે. સુપરસ્ટાર સખત ગરમીમાં અથાક શૂટિંગ કરી રહ્યો છે. અભિનેતા આમિર ખાનની તેની ફિલ્મનું શૂટિંગ ગુજરાતના વડોદરામાં કરવા માટે એક ચાર્ટડ ફ્લાઈટ દ્વારા વડોદરા આવ્યો હતો, તે વાસણા-ભાયલી રોડ પરની એક હોટેલમાં રોકાયો હતો. સિતારે જમીન પરનું શૂટિંગ આજથી શરૂ થાય છે, અને તે ૧૨ જૂન સુધી ચાલશે. આ મૂવી સ્પેનિશ સ્પોર્ટ્સ ડ્રામા, કેમ્પિઓન્સ (૨૦૧૮)નું હિન્દી રૂપાંતરણ છે. આ ફિલ્મમાં આમિર ખાન, જેનેલિયા દેશમુખ અને દર્શિલ સફારી છે. આમિર ખાને તાજેતરમાં ઈન્સ્ટાગ્રામ લાઈવમાં જણાવ્યું હતું કે, આ ફિલ્મ આ વર્ષે ડિસેમ્બરમાં રિલીઝ થવાની આશા છે. ડાઉન સિન્ડ્રોમ પર બનેલી આ ફિલ્મ વિષે આમિરે જણાવ્યું હતું કે તારે જમીન પર તમને રડાવ્યું જ્યારે આ ફિલ્મ સિતારે જમીન પર તમને હસાવશે.

### મધ્યપ્રદેશ હાઈકોર્ટે FIR રદ કરવાનો ઈનકાર કર્યો

# ભોજપુરી ગાયિકા નેહા સિંહ રાઠોડને હાઈકોર્ટનો ઝટકો

## મધ્યપ્રદેશ હાઈકોર્ટે કહ્યું, જે મામલામાં સંઘને કોઈ લેવાદેવા નહોતી તેમાં RSSને સંડોવવાનું પગલું અયોગ્ય

ભોપાલ, તા.૧૦

ભોજપુરી ગાયિકા નેહા સિંહ રાઠોડને મધ્યપ્રદેશ હાઈકોર્ટ તરફથી ઝટકો લાગ્યો છે. “યુપી બિહાર મેં કા બા’’ ગીત દ્વારા લોકપ્રિય થયેલા નેહા સિંહ રાઠોડ વિરુદ્ધનો ફોજદારી કેસ રદ કરવાનો હાઈકોર્ટે ઈનકાર કરી દીધો છે. આ કેસ એક એવા વાયરલ વીડિયોના સંદર્ભમાં હતો જેમાં એક વ્યક્તિ કોઈ શ્રમિક ઉપર પેશાબ કરતો હતો. નેહા સિંહ રાઠોડે એ ઘટનામાં આરએસએસની સંડોવણીનું કાર્ટૂન બનાવ્યું હતું અને એ રીતે સંઘને બદનામ કરવાનો પ્રયાસ કર્યો હતો. અદાલતે કહ્યું કે, અભિવ્યક્તિની સ્વતંત્રતા એ મૌલિક અધિકાર છે ખરો, પરંતુ એ અધિકારના અમાર્યાદ ઉપયોગ ઉપર પ્રતિબંધ છે જ. ન્યાયમૂર્તિ ગુરપાલસિંહ અહલુવાલિયાએ સુનાવણી દરમિયાન પ્રશ્ન કર્યો હતો કે, શ્રમિક ઉપર પેશાબ કરનાર વ્યક્તિએ એવો કોઈ પોષાક પહેર્યો નહોતો છતાં નેહા સિંહ રાઠોડે સોશિયલ મીડિયા ઉપર પોસ્ટ કરેલા કાર્ટુનમાં આરએસએસની ખાખી ચડ્ડીનો ઉલ્લેખ કરીને એક વિશિષ્ટ વિચારધારાને જોડવાનો પ્રયાસ શા માટે કર્યો હતો?

હાઈકોર્ટે જણાવ્યું કે, અરજદાર નેહા સિંહે તેના ટ્વિટર અને ઈન્સ્ટાગ્રામ ઉપર જે કાર્ટુન અપલોડ કર્યું હતું તે વાસ્તવિક ઘટના સાથે બંધબેસતું નહોતું. નેહા સિંહે પોતાની મુનસફી મુજબ અમુક બાબતો જોડી દીધી હતી, અને તેથી આ અદાલત એ મુદ્દા ઉપર વિચાર ન કરી શકે કે અરજદારે અભિવ્યક્તિ સ્વતંત્રતાનો મૌલિક ઉપયોગ કરીને એ કાર્ટુન અપલોડ કર્યું હતું.

ન્યાયમૂર્તિએ સ્પષ્ટ કહ્યું કે, કલાકારને વ્યંગના માધ્યમથી કોઈની ટીકા કરવાનો અધિકાર છે ખરો, પરંતુ કાર્ટુનમાં કોઈ વિશેષ પોષાકને જોડી દેવામાં આવે, જેને ઘટના સાથે કોઈ લેવાદેવા જ નથી, તેને સ્વતંત્રતાનો મૌલિક અધિકાર ન ગણાવી શકાય. આવા કહેવાતા મૌલિક અધિકાર ઉપર યોગ્ય નિયંત્રણો જરૂરી છે. અદાલતે વધુમાં કહ્યું કે, અરજદાર નેહા સિંહ રાઠોડનો પ્રયાસ કોઈ એક ચોક્કસ વિચારધારાને બદનામ કરવાનો હતો અને તેથી એ કથિત મૌલિક અધિકાર બંધારણની કલમ ૧૯(૧) હેઠળ આવતો નથી. આ કેસમાં વ્યંગાત્મક અભિવ્યક્તિ પણ બંધારણની કલમ ૧૯(૨) હેઠળ પ્રતિબંધિત કરી શકાય છે.

નેહા સિંહ રાઠોડ ઉપર ગયા વર્ષે ફોજદારી કાયદાની કલમ ૧૫૩-એ હેઠળ FIR દાખલ કરવામાં આવી હતી જેમાં તેણે એક વ્યક્તિને નીચે બેઠેલા બીજા વ્યક્તિ ઉપર પેશાબ કરતો બતાવ્યો હતો. એ કાર્ટુનમાં તેણે પેશાબ કરનાર વ્યક્તિને ખાખી ચડ્ડીમાં બતાવ્યો હતો.

### ઝુ ફેઈહોંગે કહ્યું, ‘ઓપન બેવડા ધોરણો...’

# દિલ્હીની શેરીઓની તસવીરો શેર કરીને ચીનના રાજદૂત કેમ ગુસ્સે થયા?

## ભારતમાં ચીનના નવા રાજદૂત ઝુ ફેઈહોંગે વેપારમાં બેવડા માપદંડનો આરોપ લગાવ્યો છે

નવી દિલ્હી, તા.૧૦

ભારતમાં ચીનના નવા રાજદૂત ઝુ ફેઈહોંગે વેપારમાં બેવડા માપદંડનો આરોપ લગાવ્યો છે. ચીનના રાજદૂતે દિલ્હીની સડકો પર દોડતી કારની તસવીરો સોશિયલ મીડિયા પર શેર કરી છે અને કહ્યું છે કે અહીં જાપાન, કોરિયા, અમેરિકા અને જર્મનીની કાર છે અને તેમ છતાં ચીન પર તેના સામાન સાથે વિદેશી દેશોમાં પાણી ભરાવવાનો આરોપ છે.રાજદૂતે પૂછ્યું છે કે શા માટે માત્ર ચીનને ‘ઓવર કેપેસિટી’ માટે દોષી ઠેરવવામાં આવે છે. ઓવરકેપેસિટી એ વ્યાપારમાં વપરાતો શબ્દ છે જેનો અર્થ થાય છે કે દેશમાં જરૂરીયાત કરતાં વધુ માલ સપ્લાય કરવો.શુ ફેઈહોંગે સોશિયલ મીડિયા સાઈટ એક્સ પર લખ્યું, ‘દિલ્હીના રસ્તાઓ જાપાની, કોરિયન, અમેરિકન અને જર્મન કારથી ભરેલા છે. આ જોઈને મને વિચાર આવે છે કે, શું કાર વેચતા તમામ દેશોને વધુ ક્ષમતા માટે દોષી ઠેરવવા ન જોઈએ? જો નહીં, તો નવી એનર્જી કાર વેચવા માટે ચીનને ઓવરકેપેસિટીનું લેબલ શા માટે આપવામાં આવ્યું છે?ચીનના રાજદૂતે અમેરિકાને ઘેર્યું અને આગળ પૂછ્યું, ‘અમેરિકા સોયાબીન, ચિપ્સ અને બોઈંગ પ્લેનનો મોટો નિકાસકાર છે... તો શા માટે ત્યાં વધારે ક્ષમતા નથી? શું આ બેવડા ધોરણો નથી? વેપાર એટલે લોકોના જીવનને સુધારવા માટે ગુણવત્તાયુક્ત ચીજવસ્તુઓની આપ-લે. જો આને ઓવરકેપેસિટી કહેવામાં આવે તો શું આપણે વૈશ્વિક વેપારને સમાપ્ત કરીએ?’થોડા સમય પહેલા, શુ ફીહોંગે ઓવરકેપેસિટીને લઈને બીજી એક ટ્વિટ કરી હતી જેમાં તેણે કહ્યું હતું કે, ‘કેટલાક ચોક્કસ દેશો ચીનની ઓવરકેપેસિટીને આટલી હવા કેમ આપી રહ્યા છે? કેટલાક વિકસિત દેશો આપણને વૈશ્વિક મૂલ્ય શૃંખલામાં તળિયે રાખવાના ઉદ્દેશ્ય સાથે સસ્તા શ્રમ, કાચો માલ અને પ્રાથમિક ઉત્પાદનોના સ્રોત તરીકે વિકાસશીલ દેશોને માને છે. તેથી જ ચીનનો નવો ઉર્જા ઉદ્યોગ તેમને આશ્ચર્યચકિત કરી રહ્યો છે. ટેક્નોલોજીમાં એકાધિકાર જાળવી રાખવા તેઓ વિકાસશીલ દેશોને ઓવર કેપેસિટીના નામે વિકાસના તેમના કાયદેસરના અધિકારથી રોકી રહ્યા છે.

ચાઈના એક મોટો મેન્યુફેક્ચરિંગ ઉદ્યોગ છે જેના પર ઘણી વખત તેના માલસામાનને પ્રમાણમાં સસ્તા ભાવે વેચવાનો આરોપ મૂકવામાં આવે છે, જે અન્ય દેશોમાં તેના માલની ભરમાર તરફ દોરી જાય છે.ગયા વર્ષે, ચીને જાપાનને પાછળ છોડીને વિશ્વના સૌથી મોટા કાર વેચનાર તરીકે સ્થાન મેળવ્યું હતું. ચીનમાં ઈલેક્ટ્રિક કારના ઉત્પાદનમાં વધારો થવાને કારણે આ શક્ય બન્યું છે. આનાથી પશ્ચિમી દેશોમાં ડર ફેલાયો છે કે ચીન સ્થાનિક સ્તરે મોટા પાયે ઈલેક્ટ્રિક કારનું ઉત્પાદન કરે છે, જે તેમના માટે સ્પર્ધામાં વધારો કરશે. પશ્ચિમે ચીન પર ઓવરકેપેસિટીનો આરોપ લગાવ્યો હતો પરંતુ ઘણા ચીની કાર નિર્માતાઓએ આ ખ્યાલને નકારી કાઢ્યો છે.

### ગુજરાતીઓ માટે ચોમાસા પહેલા સારા સમાચાર

# સરદાર સરોવર ડેમની સપાટીમાં થયો વધારો

## નર્મદા કેનાલમાં પાણીની જાવક ૫,૩૬૫ ક્યૂસેક નોંધાઈ

નર્મદા, તા.૧૦

ગુજરાતમાં થોડા દિવસોમાં જ ચોમાસુ શરુ થશે. તે પહેલા જ ગુજરાતવાસીઓમાં માટે સારા સમાચાર આવી રહ્યા છે. સરદાર સરોવર ડેમની સપાટીમાં વધારો થયો છે. પાવરહાઉસમાંથી નર્મદા કેનાલમાં પાણીની જાવક ૫,૩૬૫ ક્યૂસેક છે. પાવરહાઉસમાંથી નર્મદા નદીમાં પાણી છોડાવવાની શક્યતા છે.

ગુજરાતની જીવાદોરી ગણાતા સરદાર સરોવર ડેમની સપાટીમાં વધારો થયો છે. ચોમાસા અગાઉ જ સરદાર સરોવર ડેમની સપાટી ૧૨૩.૩૮ મીટર નોંધાઈ છે. જો કે સરદાર સરોવર ડેમમાં ૯૪,૪૦૫ ક્યુસેક પાણીની આવક નોંધાઈ છે.

બીજી તરફ રાજકોટના ધોરાજી નજીક આવેલા ભાદર ૨ ડેમમાંથી સિંચાઈનું પાણી છોડાયુ છે. કેનાલ મારફતે સિંચાઈનું પાણી છોડવામાં આવ્યુ છે. ૧૪૦ ક્યુસેક પાણી કેનાલ મારફત છોડવામાં આવ્યું છે. ચોમાસુ પાકના આગોતરા વાવેતર માટે ધરતીપુત્રોએ પાણીની માગ કરી હતી.

### પિતા સતત પુત્રના નામનું રટણ કરતા હતા

# રાજકોટ અગ્નિકાંડમાં પુત્રનું મુત્યુ થતા, પિતાએ આઘાતમાં દમ તોડ્યો

## તબિયત લથડતાં હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા

રાજકોટ, તા.૧૦

રાજકોટ TRP ગેમ ઝોન અગ્નિકાંડ થતાં ૨૭ લોકો જીવતા ભુંજાઈ ગયા હતા. જેમાં એક ૨૪ વર્ષિય યુવક વિશ્વરાજસિંહ જશુભા જાડેજાનું ગેમ ઝોનમાં નોકરી મળ્યાના પ્રથમ દિવસે જ મોત થયું હતું. હવે વિશ્વરાજસિંહના પરિવાર પર આભ ફાટ્યા જેવી સ્થિતિ સર્જાઈ છે. વિશ્વરાજનું મોત થતાં તેમના પિતા સતત તેના નામનું રટણ કરતા હતા. તેમની તબિયત લથડતાં હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. ત્યાં સારવાર દરમિયાન વિશ્વરાજના પિતાનું પણ મૃત્યુ નિપજ્યું છે. વિશ્વરાજસિંહના પિતા જશુભા હેમુભા જાડેજા છેલ્લા એક સપ્તાહથી દીકરાના આઘાતમાં રહેતા હતા. સતત દીકરાના નામનું રટણ કરતા હતા. આ દરમિયાન ગઈકાલે રાત્રે તેમની તબિયત લથડતા તેમને સારવાર અર્થે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. જ્યાં આજે વહેલી સવારે હોસ્પિટલમાં સારવાર દરમિયાન દમ તોડી દીધો હતો. જશુભા હેમુભા જાડેજાનું મૃત્યુ થતાં પરિવાર પર આભ ફાટ્યા જેવી સ્થિતિ સર્જાઈ છે. માત્ર ૧૨ દિવસમાં બે-બે સભ્યોના મોત થયાં છે. જેમાં પુત્રના વિયોગમાં પિતાનું મોત થતા પરિવારમાં કલ્પાંત છવાયો છે. ૨૪ વર્ષીય વિશ્વરાજસિંહ જાડેજા TRP ગેમઝોનમાં નોકરીમાં રહ્યા હતા અને દુર્ઘટના બની એ દિવસે તેમની નોકરી પર ફરજનો પ્રથમ દિવસ હતો અને અગ્નિકાંડ સર્જાતા તેમનું આગ લાગતા મોત નીપજ્યું હતું. ગેમઝોન અગ્નિકાંડને નજરે જોનાર યુવકને પૂછપરછ માટે ક્રાઈમ બ્રાન્ચ બોલાવવામાં આવ્યો હતો. રાજકોટમાં સર્જાયેલ ટીઆરપી ગેમ ઝોન દુર્ઘટના મામલે ક્રાઈમ બ્રાન્ચ દ્વારા તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે. આ સમગ્ર મામલે પોલીસે પૂછપરછનો ધમધમાટ શરૂ કર્યો છે. પોલીસ દ્વારા એમ.ડી. સાગઠીયાને પૂછપરછ માટે બોલાવ્યા હતા. એમ.ડી. સાગઠીયાએ પૂછપરછમાં ભાજપના પદાધિકારીનું નામ આપ્યું હતું. જેમાં ભાજપનાં પદાધિકારીનાં કહેવાથી ડિમોલેશન રોક્યું હતું. તેમજ ક્યા પદાધિકારીનું નામ આપ્યું તે અંગે એસઆઈટી દ્વારા હજુ સત્તાવાર જાહેરાત કરાઈ નથી. ભાજપનાં ત્રણથી વધુ પદાધિકારીઓનાં નામ પૂછપરછમાં ખૂલ્યાનું સામે આવ્યું છે.

### અત્યાર સુધીમાં ૩૬,૭૩૧ લોકોના મોત થયા છે

# ગાઝામાં પેલેસ્ટિનિયનોના મૃત્યુનો આંકડો વધી રહ્યો છે

નવી દિલ્હી, તા.૧૦

ગાઝામાં પેલેસ્ટિનિયનોના મૃત્યુની સંખ્યા વધીને ૩૬,૭૩૧ થઈ ગઈ છે. ગાઝા સ્થિત હમાસ સંચાલિત આરોગ્ય મંત્રાલયના અધિકારીએ શુક્રવારે જણાવ્યું હતું કે ગાઝા પટ્ટી પર ઈઝરાયેલ-હમાસ સંઘર્ષની શરૂઆતથી ગાઝા પટ્ટી પર ઈઝરાયલી સુરક્ષા દળોના હુમલામાં માર્યા ગયેલા પેલેસ્ટિનિયનોની સંખ્યા વધીને ૩૬,૭૩૧ થઈ ગઈ છે, જ્યારે ૮૩,૫૩૦ લોકો માર્યા ગયા છે. ઘાયલ થયા છે.

છેલ્લા ૨૪ કલાકમાં ઈઝરાયેલી સુરક્ષા દળોના હુમલામાં ૭૭ લોકો માર્યા ગયા અને ૨૨૧ અન્ય ઘાયલ થયા, આરોગ્ય મંત્રાલયે એક નિવેદનમાં જણાવ્યું હતું કે, ગયા વર્ષે ઓક્ટોબરમાં પેલેસ્ટિનિયન-ઈઝરાયેલ સંઘર્ષ શરૂ થયો ત્યારથી મૃત્યુની કુલ સંખ્યા ૩૬,૭૩૧ અને ૮૩,૫૩૦ પર પહોંચી છે લોકો ઘાયલ થયા હતા. સુરક્ષા દળો દ્વારા ભારે બોમ્બમારો અને બચાવ ટીમના અભાવને કારણે હજુ પણ કેટલાક લોકો કાટમાળ નીચે દટાયેલા છે.હમાસ-ના મીડિયા કાર્યાલય દ્વારા જારી કરાયેલા એક નિવેદન અનુસાર, ગાઝા શહેરમાં અલ-શાતી શરણાથી શિબિરમાં, પેલેસ્ટિનિયન શરણાથીઓ માટે સંયુક્ત રાષ્ટ્રની એજન્સી UNRWA દ્વારા સંચાલિત એક શાળા પર ઈઝરાયેલના હવાઈ હુમલામાં ત્રણ લોકો માર્યા ગયા અને સાત અન્ય ઘાયલ થયા. સરકાર ચલાવી છે.તે જ સમયે, ઈઝરાયેલની સેનાનું કહેવું છે કે તેના હવાઈ હુમલામાં ત્યાં છુપાયેલા હમાસના આતંકવાદીઓને નિશાન બનાવવામાં આવ્યા છે. મીડિયા ઓફિસના નિવેદન મુજબ, ગાઝામાં અત્યાર સુધીમાં ૧૫૦ UNRWA શાળાઓ પર ઈઝરાયેલ સુરક્ષા દળો દ્વારા હુમલો કરવામાં આવ્યો છે. આ શાળાઓને વિસ્થાપિત લોકો માટે રાહત શિબિર બનાવવામાં આવી હતી.

સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક

## તંત્રી લેખ

# નકલી બિયારણ કૌભાંડમાં સામેલ સામે કડક પગલાં ઝડપી ભરવા પડે

ખેતીની આવકનો આધાર સારા બિયારણો છે. બિયારણની ભૂમિકા ૬૦% છે. ખાતર, પાણી, હવામાન, જમીનનો હિસ્સો ૪૦% છે. બિયારણ સારૃં હોય તો જ સારું ઉત્પાદન મળે. નકલી બિયારણના કારણે ખેજૂતને કૃષિ ઉત્પાદન ગુમાવવું પડે છે. એક અંદાજ મુજબ ગુજરાતમાં નકલી બિયાણનો ધંધો હજારો કરોડ રુપિયાનો થતો જાય છે ! ખેડૂતો બિયારણ વાપરે છે તેમાં માંડ ૨૦થી ૨૫% બિયારણ સરકારી એજન્સી સર્ટીફાઈડ હોવાની વાત ચિંતાજનક છે. ૨૫% બિયારણ જ સર્ટિફાઈડ હોય તો બાકીનું બિયારણ રિસર્ચના નામે કે લેબલ સીડ્સના નામે વેચાય છે. આ ૨૫%માં, કપાસના બિયારણનો સમાવેશ થતો નથી. એટલે કપાસના બિયારણમાં જેને જે કરવું હોય તેની છૂટ છે? કપાસના બિયારણને સરકારે માન્યતા આપી નથી છતાં વેચાય છે. રાજકોટના શાપર-વેરાવળના ગોડાઉનમાંથી ૨.૮૩ લાખના કપાસના નકલી બિયારણની ૪૦૫ થેલીઓ જપ્ત કરી છે. આ નકલી બિયારણ એક બેગનો ભાવ રુપિયા ૪૭૫ હતો પરંતુ ખેડૂતોને રુપિયા ૧૦૦૦થી ૧૫૦૦માં વેચાતું ! નકલી બિયારણ પણ મોંઘું ! બીજા એક કેસમાં પોલીસે ઉપલેટામાંથી રુપિયા ૧.૨૮ લાખની કિંમતનું કપાસના નકલી બિયારણની ૧૮૪ થેલીઓ કબજે કરી હતી. ૪ મે ૨૦૨૪ ના રોજ, મહારાષ્ટ્રના નંદુરબારકર જિલ્લાથી ગુજરાતમાં બનેલ કપાસના નકલી બિયારણના રુપિયા ૧૫ લાખના ૧૦૦૦ પેકેટ પકડાયા હતા. તે બિયારણ ક્યાંથી આવ્યું હતું? કયા ખેતરમાં બનાવાયું હતું? તે સરકાર ક્યારેય જાહેર કરતી નથી ! ત્યારે સરકાર ચલાવનારા આ કૌભાંડમાં સામેલ હોવાની શંકા ઉભી થાય છે.

એક માહિતી મુજબ અમેરિકાની કંપની ભારતમાં બીટી કપાસના બિયારણો વેચતી હતી તેણે ૨૦૧૭માં ભારત છોડી દીધું છે જેનો ફાયદો બિયારણ માફિયાઓ ઉઠાવી રહ્યા છે. નવું બિયારણ શોધવું હોય તો ઓછામાં ઓછી પથી ૭ વર્ષ ફિલ્ડ ટ્રાયલ લેવી પડે. પછી જ તેને ખેડૂતોને આપવામાં આવે. પણ કંપનીઓ આવું કરતી નથી. તેઓ એકના એક બિયાણના નામ બદલીને દર વર્ષે બજારમાં નવું સંશોધીત બિયાણ તરીકે મૂકી રહ્યાની વાત છે. બિયારણ કંપનીઓ - વેપારીઓ ખેડૂતોને પાકુ બિલ આપતાં નથી. જો ખેડૂતો જો પાકુ બીલ લે તો છેતરપિંડી અટકે અને છેતરાય તો ગ્રાહક સુરક્ષા ફોરમ સમક્ષ જઈ વળતર મેળવી શકે. ગુજરાત રાજ્ય બીજ નિગમ લિમિટેડ એક સરકારી કંપની છે, તેની કામગીરી સતત નબળી પડતી જાય છે, તેના કારણે ખેડૂતો બિયારણની હલકી ગુણવત્તા, વધુ ભાવ અને બિયારણનો પુરવઠો સમયસર મળતો ન હોવાથી પરેશાન છે. બીજ નિગમની જવાબદારી છે કે ખેડૂતોને પ્રમાણિત અને ટ્રુથફૂલ બિયારણ પૂરું પાડવું. કેન્દ્રીય કૃષિ વિભાગે બિયારણની અસલી ઓળખ માટે જીઈૅ એપ અને પોર્ટલ - એટલે કે સીડ ટ્રેસેબિલિટી, ઓથેન્ટિકેશન અને હોલિસ્ટિક ઈન્વેન્ટરી બનાવી છતાં બનાવટી બિયારણો પકડવામાં ખેડૂતોને તે મદદ સંતોષકારક રીતે કરી શકાતી નથી. કેટલાક જાણકારો નકલી બિયારણ અટકાવલું સાવ સહેલું હોવાનું કહે છે. જેના માટે સૂચનો કરતાં સોશ્યિલ મીડિયામાં લખે છે કે, બિયારણના પેકેટ પર અંગ્રેજી ભાષાના બદલે ગુજરાતીમાં માહિતી મૂકવી. બિયારણ ઉત્પાદકનું નામ સરનામું, વેબ સાઈટની વિગત મૂકવી. બિયારણ સંબંધી ફરિયાદ કઈ જગ્યાએ કરી શકાય તેની વિગત મૂકવી. સીડ પોલિસી અને કૃષિ નીતિ બનાવવી જોઈએ. ખેડૂતોને નુકસાન-વળતરની કાયદામાં જોગવાઈ કરવી જોઈએ. નકલી બિયારણ માટે આકરો દંડ અને લાંબા સમયની જેલની સજા થવી જોઈએ. નકલી બિયારણ ઉત્પાદક પકડાય પછી બીજા નામે ફરી બીજ ઉત્પાદન કે વેચાણ ન કરી શકે તેવી જોગવાઈ હોવી જોઈએ. જિનેટિકલ ટેક્નોલોજીનું બિયારણ સરકારી રાહે સંશોધન અને ઉત્પાદન કરી એ બિયારણ ખાનગી પેઢી ઉત્પાદન ન કરી શકે તેવી જોગવાઈ કરવી પડશે. નમુનાની ચકાસણી માટે જિલ્લાના સમૂહ માટે લેબ ઊભી કરવી. માન્ય બિયાણ કંપનીઓની યાદી જાહેર કરવાની જરૂર છે. ખાનગી કંપનીઓનું બિયારણ પણ બિજનિગમ જ આપે. જેથી જવાબદારી નક્કી થઈ શકે. અનેક આગેવાનો બનાવટી બિયારણ સામે ઝૂંબેશ ચલાવે છે. બિયારણ માફિયા સામે પગલાં ભરવા જણાવે છે. ગુજરાતમાં બિનઅધિકૃત ૠ કપાસના બિયારણના લાખો પેકેટ દર વર્ષે વ્યાય છે અને ખેડૂતોને કરોડો રુપિયાનું નુકસાન જાય છે. સરકાર શામાટે બિયારણ ગુનેગારો સામે પગલાં લેતી નથી? જે નમૂના અમાન્ય ઠર્યા તે બિયારણનો કુલ જથ્થો કેટલો હતો? કઈ કંપનીનો હતો? તે કંપનીએ કેટલો બિનઅધિકૃત જથ્થાનું વેચાણ કરેલ? તેની પર કોઈ પગલાં લીધાં કે નહીં? તેની માહિતી જાહેર કરવી જોઈએ. ગુજરાતમાં ૪ કૃષિ યુનિવર્સિટીઓ પણ નકલી બિયારણ બાબતે જાગૃતિ લાવે તે આવકાર્ય છે.

## આપની આવતીકાલ કેવી જશે...?

:: રત્નકણીકા ::

દુઃખની રાત પૂરી થયા પછી સુખનો સૂરજ ઉગે જ છે.

- વાલ્મીકીજી

## : આજનું પંચાંગ :

વિક્રમ સં. ૨૦૮૦, શા. શાકે. ૧૯૪૬, પા.દએ-૧૩૯૩, મુ. જીલ્હજ-૧૪૪૫, જૈન વીર સં.-૨૫૫૦, કચ્છી સં. ૨૦૮૦, જેઠ સુદ-૪ વિનાયક ચતુર્થી, ગુરૂ શ્રી અર્જુન દેવ પુણ્યતિથિ તા.૧૦ જૂન ૨૦૨૪, સોમવાર, પારસી તા.૩૦, મુસ્લિમ તા.૩, પુષ્ય નક્ષત્ર, ધ્રુવ યોગ, બવ કરણ, સૂ.ઉ.૬:૦૫, સૂ.અ.૭:૩૬

આજનો દિવસ અશુભ છે.

આજે જન્મેલા બાળકની રાશી કર્ક (ડ હ) છે.

- કનકચંદ્ર સી. વ્યાસ

# દ્વારકાના નજીકના દરિયા કાંઠેથી કરોડો રૂપિયાનો ચરસનો જથ્થો ઝડપાયો

## રૂપેણ બંદર વિસ્તારમાં પોલીસ તપાસનો ધમધમાટ

(પ્રતિનિધી દ્વારા)

જામ ખંભાળિયા તા.૧૦

દેવભૂમિ દ્વારકા વિસ્તારમાં છેલ્લા કેટલાક સમયથી વ્યાપક પ્રમાણમાં ઝડપાયેલા ડ્રગ્સ સહિતના નશાકારક પદાર્થોએ વ્યાપક ચર્ચાઓ જગાવી છે. ત્યારે ગત મોડી રાત્રે દ્વારકા નજીકના રૂપેણ બંદર તથા વરવાળા વિસ્તારના દરિયાકાંઠેથી આશરે બે ડઝન જેટલા ચરસના પેકેટનો જથ્થો બિનવારસુ હાલતમાં મળી આવ્યો હતો. જે અંગે પોલીસ દ્વારા વ્યાપક તપાસ હાથ ધરવામાં આવી છે.

આ સમગ્ર પ્રકરણ અંગે બિન આધારભૂત સૂત્રો દ્વારા જાણવા મળતી વિગત મુજબ દ્વારકા નજીક મીઠાપુર માર્ગ પર આવેલા રૂપેણ બંદર તથા વરવાળા ગામ વચ્ચેના દરિયાકાંઠા વિસ્તારમાં કેટલાક શંકાસ્પદ મનાતા પેકેટ પડ્યા હોવા અંગેની જાણ પોલીસ તંત્રને કરવામાં આવી હતી. જેને અનુલક્ષીને એના ઈન્ચાર્જ એસ.પી. હાર્દિક પ્રજાપતિની સૂચના મુજબ પોલીસ સ્ટાફ દ્વારા રાત્રીના સમયે જ આ સ્થળે દોડી જઈ અને અહીં રહેલા પેકેટને કબજામાં લીધા હતા.

વધુમાં જાણવા મળતી વિગત મુજબ આશરે ૨૦ થી ૨૫ જેટલા આ પેકેટમાં રહેલો આ પદાર્થ ચરસ જેવું નશાકારક પદાર્થ હોવાનું કહેવાય છે. ત્યારે આંતરરાષ્ટ્રીય બજારમાં કરોડો રૂપિયાની કિંમત ધરાવતા આ નશાકારક પદાર્થ અંગે પોલીસે જરૂરી કાર્યવાહી કરી હતી. આટલું જ નહીં, બિન વારસુ મળી આવેલા કરોડો રૂપિયાની કિંમતના આ ડ્રગ્સ (ચરસ) સંદર્ભે રાત્રે જ પોલીસ દ્વારા કોમ્બિંગ તેમજ વ્યાપક ચેકિંગ કામગીરીની જવાબદારી એસ.ઓ.જી. પોલીસને સોંપવામાં આવી હતી.

આ સમગ્ર પ્રકરણ અંગે દ્વારકા પોલીસે સઘન કાર્યવાહી કરી અને આ ડ્રગ્સની ગુણવત્તા, કિંમત, સર્ચ ઓપરેશન સહિતની બાબતે કામગીરી કરી હતી. જો કે આ લખાય છે ત્યારે આ અંગેની કોઈ સત્તાવાર વિગતો જાહેર કરવામાં આવી નથી.

ગતરાત્રિના ઝડપાયેલા કરોડો રૂપિયાના ડ્રગ્સના જથ્થાના આ બનાવ વચ્ચે આજથી આશરે બે માસ પહેલા પણ દ્વારકા વિસ્તારમાંથી મોટી માત્રામાં ડ્રગ્સ ઝડપાયું હતું. ત્યારે ગતરાત્રે પણ ઝડપાયેલા આ નશાકારક પદાર્થોએ અનેક સવાલો ખડા કર્યા છે. દ્વારકા નજીકના દરિયા વિસ્તારમાંથી કરોડો રૂપિયાના ડ્રગ્સની વ્યાપક હેરાફેરી થતી હોવાના જોવા મળતા ચિત્ર વચ્ચે પોલીસ પાસે આવતા આ થોડા ડ્રગ્સના જથ્થા વચ્ચે મોટો જથ્થો પગ કરી જતો હોય તો નવાઈ નહીં તે બાબતની ચર્ચાએ પણ જોર પકડ્યું છે. તો કરોડો રૂપિયાની કિંમતનું ડ્રગ્સને બિનવારસુ હાલતમાં છોડી દેવા પાછળ ક્યું આયોજન કે રમત છે તેવા પણ પ્રશ્નો લોકોમાં પુછાય રહ્યા છે. વિદેશમાંથી દ્વારકાના દરિયા સુધી પહોંચતા કરોડો રૂપિયાના ડ્રગ્સ વચ્ચે બીજો કેટલો જથ્થો ક્યાં હશે તે બાબત પણ લોકો માટે જાણકારીનો વિષય છે. અગાઉ પોલીસ તપાસમાં અખાતના દેશોમાંથી ખંભાળિયા, સલાયા અને દ્વારકા પંથકમાં ડ્રગ્સ ઉતારીને અહીંથી મુંબઈ સહિતના સ્થળોએ સપ્લાય થતી હોવાનું ખુલ્યું હતું.

અગાઉ તત્કાલીન એસ.પી. સુનિલ જોશીએ અહીંથી ડ્રગ્સનું મોટું રેકેટ પકડી પાડી અને નાઈઝેરીયન શખ્સ તથા મુસ્લિમ શખ્સોને કરોડો રૂપિયાના મુદ્દામાલ સાથે ઝડપી લીધા હતા. તે પછી પણ ડ્રગ્સની હેરાફેરી અવિરત રીતે ચાલી રહી હોવાનું આ ઝડપાયેલા આ ચરસના તથા પરથી ફલિત થાય છે.

દાયકાઓ અગાઉ અહીંના સલાયા પંથકમાં સોના તેમજ ઈલેક્ટ્રોનિક્સ ચીજ વસ્તુઓની હેરાફેરી થતી. પરંતુ હવે ડ્રગ્સની વધતી જતી માંગ તેમજ અન્ય પરિબળોએ ડ્રગ્સના જથ્થાને સાંતળવો સહેલો પડતો હોય અને વહાણવટીઓ પણ આ બાબતથી પૈસા કમાવવાના શોર્ટકટમાં ડ્રગ્સની હેરાફેરીનો ધંધો વ્યાપક બન્યો હોવાનું કહેવાય છે. ત્યારે બિન વારસુ ઝડપાયેલા આ જથ્થા સંદર્ભે જિલ્લા પોલીસ દ્વારા ઊંડી તપાસ પણ હાથ ધરવામાં આવી છે.

### સંચાલકોએ ૫૭ કરોડથી વધુનો ખેલ કર્યો

# ગુજરાતના ૧૫ વોટર પાર્કમાં GST વિભાગના દરોડા

## અમદાવાદ, હિંમતનગર, મહેસાણા, રાજકોટ, નવસારી, બનાસકાંઠા, ખેડામાં GST વિભાગની તપાસ ચાલી રહી છે

અમદાવાદ,તા.૧૦

રાજ્યના ૧૫ વોટર પાર્કમાં GST વિભાગના દરોડા પાડવામાં આવ્યા છે. વોટર પાર્કના ૨૭ એકમો પર દરોડાની કાર્યવાહીથી સંચાલકોમાં ફફડાટ જોવા મળી રહ્યો છે. GST વિભાગના દરોડામાં ૫૭ કરોડથી વધારેના શંકાસ્પદ વ્યવહાર મળી આવ્યા છે. અમદાવાદ, હિંમતનગર, મહેસાણા, રાજકોટ, નવસારી, બનાસકાંઠા, ખેડામાં GST વિભાગની તપાસ ચાલી રહી છે.

૧૫ વોટર પાર્કમાં GST વિભાગના દરોડામાં કોચ્યુમ લોકર, અન્ય એસેસરીઝના રોકડ વ્યવહાર સામે આવ્યા છે. રૂમ ભાડાની રકમ QR કોડ થકી સગાંના ખાતામાં મોકલાતી હોવાનો ખુલાસો થયો છે. પ્રવેશ મેળવનારની એન્ટ્રી ન દર્શાવી કરચોરી પણ થતી હોવાનું ખૂલ્યું છે. તપાસમાં મોટી કરચોરી મળવાની સંભાવના છે. GST વિભાગે રાજ્યના ૧૫ વોટર પાર્કમાં દરોડા પાડ્યા છે જેમના નામો સામે આવી ચૂક્યા છે, જેમાં અમદાવાદના ફ્લેમિંગો વોટર પાર્ક & રિસોર્ટમાં દરોડા પાડવામાં આવ્યા છે. આ સિવાય અમદાવાદના ૭જી વોટર પાર્ક એન્ડ એડવેન્ચરમાં તપાસ ચાલી રહી છે. ત્યારબાદ અમદાવાદના જલધારા વોટર વર્લ્ડ, સ્વપ્ન સૃષ્ટિ વોટર પાર્ક, હિંમતનગરના વોટર વીલે, સુસ્વા વોટર પાર્ક, મહેસાણાના બ્લિસ એક્વા, શ્રીગણેશા ફનવર્લ્ડ, નવસારીના મોદી વોટર રિસોર્ટમાં GSTના દરોડા પાડવામાં આવ્યા છે. આ સિવાય રાજકોટના વોટર વેલી, એક્વાટિક વોટર પાર્ક, રાજકોટના ધ હેવન, ધ સીમર વોટર પાર્ક, બનાસકાંઠાના શિવધારા રિસોર્ટમાં GSTની કાર્યવાહી ચાલી રહી છે.

# કલ્યાણપુરમાં વિદેશી દારૂ સાથે બે શખ્સો ઝડપાયાઃ સપ્લાયર ફરાર



(પ્રતિનિધી દ્વારા)

જામ ખંભાળિયા તા.૧૦

કલ્યાણપુર તાલુકાના નંદાણા ગામના બસ સ્ટેશન પાસેથી પોલીસે આ જ ગામના ગોવિંદ સગા ચાવડા (ઉ.વ. ૩૩) અને વિજય ધરણાંત વારોતરીયા (ઉ.વ. ૨૪) નામના બે શખ્સોને વિદેશી દારૂની બોટલ તેમજ મોબાઈલ ફોન અને મોટરસાયકલ સહિત કુલ રૂપિયા ૧૨,૯૦૦ ના મુદ્દામાલ સાથે ઝડપી લીધા હતા. આ દારૂની બોટલ તેઓએ નંદાણા ગામના સંજય દેવાભાઈ મકવાણા નામના શખ્સ પાસેથી મેળવ્યું હોવાનું કબુલતા કલ્યાણપુર પોલીસ મથકમાં બંને શખ્સો સામે કાર્યવાહી કરવામાં આવી હતી.

આ પછી કલ્યાણપુરના પી.એસ.આઈ. યુ.બી. અખેડની સૂચના મુજબ પી.એસ.આઈ. કે.પી. ઝાલા દ્વારા હાથ ધરવામાં આવેલા પેટ્રોલિંગ દરમિયાન કોન્સ્ટેબલ મિલનભાઈ કંડોરીયા તથા મેહુલભાઈ પોસ્તરીયા સહિતના સ્ટાફ દ્વારા ઉપરોક્ત પ્રકરણને અનુલક્ષીને નંદાણા ગામના સંજય દેવાભાઈ મકવાણા નામના આરોપીના ઘરમાં દરોડો પાડવામાં આવતા આ સ્થળેથી રૂ. ૨૬,૪૦૦ ની કિંમતની વિદેશી દારૂની ૬૬ બોટલ મળી આવી હતી. પરંતુ આરોપી સંજય મકવાણા આ સ્થળેથી મળી આવ્યો ન હતો. જે અંગે કલ્યાણપુર પોલીસે પ્રોહી. એક્ટ મુજબ ગુનો નોંધી, આગળની તપાસ હાથ ધરી છે.

# આણંદમાં ૫૦ જેટલા શંકાસ્પદ ઝાડા ઉલ્ટીના નોધાયા કેસ, ૨ લોકોના મોત

આણંદ,તા.૧૦ : આણંદના ચિખોદરાના ઘશાપુરામાં ૨૪ જેટલા લોકોને ફૂડ પોઈઝનિંગ થતા ૬ જેટલા લોકોને સારવાર અર્થે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. તેમજ એક વૃદ્ધ મહિલા અને ૧૪ વર્ષીય બાળકીનું શંકાસ્પદ મોત થયુ હોવાનું પણ સામે આવ્યુ હતુ. બે મોત થતા જિલ્લા આરોગ્યની ટીમ હરકતમાં આવી હતી. આરોગ્ય વિભાગના ૨ ડોક્ટર સહિત ૬ ટીમોને અનેક વિસ્તારોમાં ચેકિંગ હાથ ધર્યુ હતુ. ઘટનાની ગંભીરતાને જોતા ડોક્ટરોની ટીમેન ૨૪ કલાક એમ્બ્યુલન્સ સાથે ખડકી દેવામાં આવી હતી. દુધેશ્વર મહાદેવના પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ દરમિયાન મંદિરમાં દર્શન કરવા માટે આવેલા લોકો માટે ભોજનની વ્યવસ્થા કરવામાં આવી હતી. જ્યાં દુષિત ખોરાક અને દુષિત પાણીના કારણે ઉમટી પડેલા ભક્તો ઝળા ઉલ્ટીની ફરિયાદ કરી હતી. ત્યાર બાદ સમગ્ર જિલ્લાના આર્ગોયની ટીમ હરકતમાં આવી હતી. છેલ્લા ચાર દિવસમાં ૫૦ જેટલા લોકોને ઝાળા ઉલ્ટી થયા હોયા હોવાના કેશ નોધાયા હતા.

# રાજકોટના જામકંડોરણાના ગ્રામ્ય વિસ્તારોમાં દોઢ ઈંચ વરસાદ

(પ્રતિનિધિ દ્વારા)

જામકંડોરણા, તા.૧૦

ગુજરાતમાં આગામી ચાર દિવસ અનેક જિલ્લામાં વરસાદની આગાહી કરવામાં આવી છે. જેના કારણે આજે ગુજરાતના ડાંગ, વલસાડ, સુરત, પંચમહાલ, છોટાઉદેપુર અને રાજકોટ જિલ્લાના જામકંડોરણાના ચરેલ ગામે ધોધમાર વરસાદ વરસ્યો છે. છોટાઉદેપુર જિલ્લાના બોડેલીના ચલામલીમાં અને આસપાસના વિસ્તારમાં વરસાદ વરસતાં ગરમીથી રાહત મળી છે.

મધ્યપ્રદેશમાં ભારે વરસાદથી ઉમઠીના સાપન નદીમાં નવા નીરની આવક થઈ છે. ચોમાસા પહેલા જ ઉમઠીમાં સાપન નદી વહેતી થઈ તો નર્મદા ડેમની પાણીની આવકત પણ વધી છે. ડેમમાં ૯૪ હજાર ૪૦૫ ક્યુસેક પાણીની આવક થઈ છે. સતત બીજા દિવસે પણ ગિરીમથક સાપુતારામાં સતત બીજા દિવસે વરસાદી વાતાવરણથી પ્રવાસીઓમાં ખુશી જોવા મળી હતી.

રાજકોટ જિલ્લામાં વાતાવરણમાં એકાએક પલટો આવ્યા બાદ જામકંડોરણાના તાલુકાના ગ્રામ્ય વિસ્તારમાં વરસાદ વરસ્યો છે.

જામકંડોરણાના ચરેલ, દડવી ગામે વરસાદ વરસ્યો છે. દડવી, કાના વડાળા, ચરેલ ગામે ભારે પવન સાથે વરસાદી માહોલ જોવા મળી રહ્યો છે. ચરેલ ગામે અંદાજિત ૧.૫ ઈંચ વરસાદ ખાબકતા પાણી પાણી થયું છે. ચરેલ ગામે ભારે પવનના કારણે વૃક્ષ પણ ધરાશાયી થયું છે. સવારથી અસહ્ય ઉકળાટ બાદ ધોધમાર વરસાદ વરસ્યો હતો. વરસાદ શરૂ થતાં વાતાવરણમાં ઠંડક પ્રસરી છે. લોકોને અસહ્ય ગરમીથી રાહત મળી છે.

ગુજરાતમાં આગામી ચાર દિવસ અનેક જિલ્લામાં વરસાદની આગાહી કરવામાં આવી છે. પ્રિ-મોન્સૂન એક્ટિવિટી અને ગુજરાત પર સાયક્લોનિક સર્ક્યુલેશન બનતા વરસાદ પડશે. ગુજરાતના કયા જિલ્લામાં વરસાદની આગાહી કરાઈ છે.

# સાપ્તાહિક રાશી ભવિષ્ય

## તા. ૧૦-૦૬-૨૦૨૪ થી ૧૬-૦૬-૨૦૨૪ સુધીનું આપનું સાપ્તાહિક રાશિ ભવિષ્ય

**મેષ : અ.લ.ઈ. સ્વામિ - મંગળ**

આ સપ્તાહ દરમિયાન હિમ્મત આવે, દ્રઢતા અને મક્કમતા કેળવવી. સ્વાસ્થય બાબતે કાળજી રાખવી હિતાવહ. માનસિક સ્વાસ્થય જાળવી રાખશો તો પરિસ્થિતિ સાનુકૂળ રહેશે. નાણાંકીય મુંઝવણ અનુભવાય. એક સાંધો ત્યાં તેર તૂટે તેવી પરિસ્થિતિ રહે. ધંધા-વ્યવસાયમાં મિશ્ર સંજોગો રહે. નોકરીયાત વર્ગને લાભ મળે અને ઉન્નતિનો માર્ગ સરળ બને. તક ઝડપી લેવી હિતાવહ. કૌટુંબિક પ્રશ્નોને કારણે મન અશાંત રહે. જીવનસાથી સાથે વિશેષ લગાવ રહે. તેનો સહકાર પ્રાપ્ત થાય.

**વૃષભ : બ.વ.ઉ. સ્વામિ - શુક્ર**

આ સપ્તાહ દરમિયાન માનસિક બેચેની, ઉત્પાત, અજંપો વર્તાય. આત્મવિશ્વાસ કેળવવો તેમજ તમારા વિચાર અને સિધ્ધાંતોને વળગી રહેવું. આર્થિક પરિસ્થિતિમાં સુધારો થાય. અગત્યની કામગીરી કે ઉપરી હાથયશ ન મળતા ઉદ્વેગ રહે. જીવનસાથી સાથે કુનેહપૂર્વકનું સહનશીલતા સભર વર્તન રાખવું હિતાવહ. સંતાનોથી સારૂં રહે. ઋતુગત બિમારીથી સાવધ રહેવું. તેમજ ખાવા-પીવામાં કાળજી રાખવી હિતાવહ.

**મિથુન : ક.છ.ઘ. સ્વામિ - બુધ**

આ સમય દરમિયાન તમારી સમસ્યાનો ઉકેલ મળતા રાહતનો અનુભવ થાય. નાણાંકીય સ્થિતિ મુશ્કેલીભરી રહે. એકબાજુ ખર્ચ વધે જ્યારે બીજી બાજુ આવક યથાવત રહે તેથી નાણાંભીડ અનુભવાય. નોકરીક્ષેત્રે પણ દેખીતા લાભ મેળવી શકાય નહીં. વિરોધીઓના કારણે વિઘ્ન આવે. વેપાર-ધંધા ક્ષેત્રે સંઘર્ષમય સ્થિતિ રહે. દાંપત્ય જીવનમાં સાનુકૂળ અને લાગણીસભર વાતાવરણ રહે. આરોગ્ય એકંદરે સારૃં રહે.

**કર્ક : ડ.હ. સ્વામિ - ચંદ્ર**

આ સપ્તાહ દરમિયાન આકારણ ચિંતાને કારણે અકળામણ અને અશાંતિ વધે, મનને શાંત રાખવું હિતાવહ. વાણી સંયમ જાળવવો. નાણાંકીય જવાબદારીઓ વધે, આવક કરતા ખર્ચ વધી જાય. આ સમય દરમિયાન નાણાંનું રોકાણ કરવું નહીં કે મોટા સાહસિક કાર્યમાં ન પડવું. નોકરીયાત માટે આ સમય સારો ગણાવી શકાય. પ્રગત્તિ અને ઉન્નતિની તક મળે. વડીલો અને સ્નેહિજનોની તબિયત અંગે ચિંતા રહે, જીવનસાથીનો સહકાર મળે.

**સિંહ : મ.ટ. સ્વામિ - સૂર્ય**

આ સપ્તાહ દરમિયાન અંગત મુશ્કેલીઓને કારણે વ્યથા અને બેચેની અનુભવાય. મનને પ્રવૃત્તિમાં વ્યસ્ત રાખવું જેથી રાહત અનુભવાય. નાણાંકીય પરિસ્થિતિ મધ્યમ રહે. ખર્ચ અને ચૂકવણીના કારણે આવક વપરાઈ જાય. નોકરીયાત વર્ગ માટે આ સમય પ્રતિકૂળતાસભર છે. વિરોધીઓથી સાવધ રહેવું. ઉતાવળીયા નિર્ણયો ન લેવા હિતાવહ, ઉપરી અધિકારીથી ચકમક ઝરે, મિલ્કતો અંગેના પ્રશ્નો યથાવત રહે, ગૃહજીવનમાં મતભેદ હોય તો તે દૂર થાય, આરોગ્ય એકંદરે સારૃં છતાં પણ બેચેની રહે.

**કન્યા : પ.ઠ.ણ. સ્વામિ - બુધ**

આ સપ્તાહ દરમિયાન તમે સર્જનાત્મક કાર્યો કરી શકો. તેમાં સફળતા મળે જેથી મનમાં આનંદ ઉત્સાહનું વાતાવરણ રહે. નાણાંકીય મુંઝવણ અનુભવાય છતાં કોઈ કાર્ય અટકે નહીં. ધંધા-વ્યવસાય ક્ષેત્રે ધીમીગતિએ પ્રગતિ થાય, વિરોધીઓના હાથ હેઠા પડે, નોકરીયાત વર્ગ માટે આ સમય સફળતા-યશ-માન અપાવનાર રહે. ગૃહસ્થી જીવનમાં સંવાદિતતા ભર્યું વાતાવરણ રહે. સંતાનો પ્રત્યે વધુ ધ્યાન આપવું જરૂરી બને.

**તુલા : ર.ત. સ્વામિ - શુક્ર**

આ સપ્તાહ દરમિયાન ટેન્શન અને તાણમાંથી મૂક્તિ મળે, નવિન તકો મળે તે વધાવી લેજો. યશ-માન-પ્રતિષ્ઠામાં વધારો થાય. આર્થિક પરિસ્થિતિ થોડીક ગૂંચવાય, ફરજ અને ખર્ચાઓ વધે છતાં તમારું કાર્ય અટકે નહીં. નોકરી-ધંધાક્ષેત્રે આ સમય સાનુકૂળતાસભર છે. નોકરીયાત વર્ગને મુશ્કેલી હોય તો તેમાંથી માર્ગ મળે. ધંધા-વ્યવસાયવાળાના ભાગીદારીના પ્રશ્નો હલ થાય. હિતશત્રુઓથી સાવધ રહેવું. સ્વજનો સાથે મતભેદ રહે. કુનેહપૂર્વકનું વર્તન રાખવું હિતાવહ.

**વૃશ્ચિક : ન.ય. સ્વામિ - મંગળ**

આ સપ્તાહ દરમિયાન તમે માનસિક રીતે સ્વસ્થ રહો, આત્મવિશ્વાસમાં વધારો થાય. ધંધા-વ્યવસાયમાં નવી તકો મળે જેનું ભવિષ્ય માટેનું આયોજન થાય. નોકરીયાત માટે સારૃં રહે. અંગત પ્રશ્નો ઉકેલાય. બઢતી મળે, ભાગીદારીથી ચેતતા રહેવું. હિતશત્રુઓને કારણે વિઘ્ન આવે. કૌટુંબિક રીતે જોતા ભાઈ-ભાંડુથી વિવાદ સર્જાય. બાળકોથી સુખ મળે. જીવનસાથીનો સહકાર સંપાદન કરી શકાય. તબિયત જાળવવી હિતાવહ.

**ધન : ભ.ધ.ફ.ઢ. સ્વામિ - ગુરૂ**

આ સપ્તાહ દરમિયાન ખોટી ચિંતાઓ વધે, અવિશ્વાસ, શંકા, ભયથી દૂર રહેવું નહિં તો ગૃહજીવનમાં અસંતોષ રહે. નાણાંકીય તકલીફ દૂર થાય. અન્યોની મદદ દ્વારા ધંધાદારી કાર્યો પાર પડે. ખર્ચ વધે. નોકરીયાત વર્ગ માટે સમય સાનુકૂળ છે. ઉપરી અધિકારીવર્ગનો વિશ્વાસ સંપાદન કરી શકશો. કોર્ટ-કચેરીના પ્રશ્નો ઉકેલાય. વડીલો અને ભાઈ-ભાંડુની મદદ મળે, જીવનસાથી સાથે સમજદારી ભર્યું વર્તન રાખવું નહિં તો અશાંતિ સર્જાય. આરોગ્ય એકંદરે સારૃં રહે.

**મકર : ખ.જ. સ્વામિ - શની**

આ સપ્તાહ દરમિયાન લાંબા સમયથી અનુભવાતી બેચેની, અશાંતિ દૂર થાય. આર્થિકક્ષેત્રે સમય સાનુકૂળતાસભર છે. વધારાની આવક ઊભી કરી શકાય. ધંધા-વ્યવસાય ક્ષેત્રે શુભ સમય, નોકરીયાત વર્ગના બઢતી-બદલી અંગેના પ્રશ્નો હલ થાય. દાંપત્યજીવનમાં શાંતિ અને આનંદનું વાતાવરણ રહે. આરોગ્ય એકંદરે સારૃં રહે. અલબત્ત ઋતુગત બિમારીઓથી સંભાળવું હિતાવહ.

**કુંભ : ગ.શ.ષ.સ. સ્વામિ -શની**

આ સપ્તાહ પ્રગતિકારક રહે. માનસિક સ્વાસ્થય જાળવી શકાય. વિપરીત સંજોગોમાંથી માર્ગ મળે. ધંધાકીય સ્થિતિ યથાવત રહે. આવક વધે નહિં પરંતુ ખર્ચામાં થોડો વધારો થતા નાણાંકીય મુંઝવણ રહે. વિરોધીઓથી ચેતતા રહેવું. નોકરીયાત વર્ગ માટે શુભ સમય. સમાધાનકારી વલણ અપનાવું. દાંપત્યજીવનમાં સર્જાયેલા મતભેદો દૂર થાય. સહકારભર્યું વાતાવરણ રહે. આરોગ્ય સારૃં રહે.

**મીન : દ.ચ.ઝ.થ. સ્વામિ - ગુરૂ**

આ સપ્તાહ દરમિયાન નિરાશાના વાદળો દૂર થતા જણાય. બોધરેશન હળવું થાય. મનમાં રાહત અનુભવાય. ધંધાકીય ક્ષેત્રે જરૂરી આવક મળી રહે પરંતુ પુરૂષાર્થ કરવું પડે. મહત્વના નિર્ણયો લઈ શકાય. નોકરીયાત માટે મિશ્ર સમય, વાણી સંયમ રાખવો અથવા ન બોલવામાં નવ ગુણ જેવી પરિસ્થિતિ રહે. ગૃહસ્થીજીવનમાં મતભેદ ન સર્જાય તે જોવું. આરોગ્ય જાળવવું હિતાવહ. ખાવા-પીવામાં કાળજી, નિયમિતતા રાખવી જરૂરી.

# રાજ્યની બે જિલ્લા પંચાયતો સહિત ૭૫ નગરપાલિકાઓની ચૂંટણી થશે

## ૨૭ ટકા OBC અનામત સાથે દિવાળી પહેલાં ચૂંટણી પૂર્ણ કરવા વિચારણા

ગાંધીનગર, તા.૧૦

ગુજરાત સરકારે બનાસકાંઠા અને ખેડાની બે જિલ્લા પંચાયતો સહિત ૭૫ જેટલી નગરપાલિકાઓની ચૂંટણી યોજવા માટે જાહેરનામું બહાર પાડવાની તજવીજ હાથ ધરી છે. આ ચૂંટણીઓ દોઢ વર્ષથી પેન્ડિંગ છે કારણ કે, સરકાર ઓબીસી અનામત ઉપર ચૂંટણી પંચની ભલામણો ઉપર વિચાર કરી રહી હતી. "શહેરી વિકાસ વિભાગ અને પંચાયત વિભાગ ૨૭ ટકા OBC અનામત કલમ સાથે બેઠકોની પુર્નઃ ગોઠવણી ઉપર કામ કરી રહ્યા છે. આગામી થોડા દિવસોમાં એક જાહેરનામું બહાર પાડવામાં આવશે અને સરકાર ૨૭ ટકા OBC અનામત સાથે દિવાળી પહેલા બે જિલ્લા પંચાયતો અને ૭૫ નગરપાલિકાઓમાં ચૂંટણી પૂર્ણ કરવા માંગે છે. "એમ સૂત્રોએ માહિતી આપી હતી.સૂત્રોનું કહેવું છે કે બનાસકાંઠા જિલ્લા પંચાયતની ચૂંટણી ભાજપ માટે લિટમસ ટેસ્ટ બની રહેશે, જેણે એક દાયકા પછી મતવિસ્તારની લોકસભામાં હારનો સામનો કરવો પડ્યો હતો અને આનાથી કોંગ્રેસના કાર્યકરોમાં નવજીવન આવ્યું છે. રાજયભરમાં ૨૦૨૬ની સ્થાનિક સંસ્થાઓની ચૂંટણીઓ પહેલા જિલ્લા પંચાયત અને નગરપાલિકાઓની ચૂંટણીઓ પણ ભાજપ માટે મોટી પરીક્ષા હશે. જસ્ટિસ કે એસ ઝવેરી કમિશને તમામ સ્થાનિક સંસ્થાઓમાં ઓબીસી માટે ૨૭% અનામતની જાહેરાત કરી. ત્યાં સુધી, ઓબીસીને સ્થાનિક સંસ્થાઓમાં ૧૦ ટકા અનામત હતું. ગુજરાતમાં સ્થાનિક સંસ્થાઓમાં ઓબીસી અનામત માટે સૂચનો કરવા માટે ૨૦૨૨માં સુપ્રીમ કોર્ટના આદેશના જવાબમાં કમિશનની રચના કરવામાં આવી હતી. ૨૭ ટકા અનામત મ્યુનિસિપલ કોર્પોરેશનો, નગરપાલિકાઓ, ગ્રામ પંચાયતો, તાલુકા પંચાયતો અને જિલ્લા પંચાયતો સહિત સ્થાનિક સંસ્થાઓના તમામ સ્તરો ઉપર લાગુ થશે. જો કે, વધારો થયેલ આરક્ષણ પંચાયતો (અનુસૂચિત ક્ષેત્રોમાં વિસ્તરણ) અધિનિયમ દ્વારા આવરી લેવામાં આવેલા વિસ્તારોમાં લાગુ થશે નહીં, જ્યાં અનુસૂચિત જનજાતિ (ST)ની વસ્તી ૫૦ ટકાથી વધુ છે. આવા પ્રદેશોમાં, OBC ઉમેદવારોને ૧૦ ટકા અનામત મળશે.

# સ્કૂલ વર્ધીના વાહનોના ફિટનેસ ટેસ્ટ અંગેની કામગીરી શરૂ કરવામાં આવી



અમદાવાદ, તા.૧૦

રાજ્યમાં ૧૩ જૂનથી નવા શૈક્ષણિક વર્ષનો પ્રારંભ થવાનો છે ત્યારે બાળકોને સ્કૂલમાં લઈ જતાં સ્કૂલ વર્ધીના વાહનોના ફીટનેસ ટેસ્ટની કામગીરી ગુરૂવારથી શરૂ કરવામાં આવી હોવાનું જાણવા મળે છે. રાજ્યમાં સ્કૂલો શરૂ થાય તે પહેલા જ ફીટનેસ ટેસ્ટની કામગીરી પુર્ણ કરવાનું આયોજન કરવામાં આવ્યું છે. સ્કૂલ વર્ધીના વાહન ચાલકો પાસે પુરતા ડોક્યુમેન્ટ હશે તેમના ફીટનેસ ટેસ્ટ સર્ટિફીકેટ આપવામાં આવશે તેમ સુત્રોએ જણાવ્યું હતું. આ માટે સ્કૂલ વર્ધીના વાહન માલિકો ઉપરાંત સ્કૂલ સંચાલકો અને વાલીઓ પણ જાગૃત થવાની તાતી જરૂરીયાત હોવાનું જાણવા મળે છે. પ્રાપ્ત માહિતી અનુસાર, રાજ્યમાં રાજકોટ હોનારત બાદ સમગ્ર તંત્ર હરકતમાં આવ્યું હતું અને તપાસનો ધમધમાટ શરૂ કર્યો હતો. જેમાં સ્કૂલોમાં ફાયર સેફ્ટીની તપાસ હાથ ધરવામાં આવ્યા બાદ સ્કૂલ વર્ધીના વાહનોને લઈને પણ પરિપત્ર કરવામાં આવ્યો છે. રાજ્યમાં ૧૩ જૂનથી સ્કૂલો શરૂ થઈ રહી છે ત્યારે સ્કૂલ વર્ધીના વાહનોના ફીટનેસ સહિતની તમામ પ્રક્રિયા પુર્ણ કરવા માટેની કવાયત શરૂ કરવામાં આવી છે. આ માટે રાજયની તમામ આરટીઓ કચેરી ખાતે ગુરૂવારથી વાહનોના ફીટનેસ ટેસ્ટ અંગેની કામગીરી શરૂ કરવામાં આવી હોવાનું જાણવા મળે છે. સમગ્ર રાજ્યમાં ૫૦ હજારથી વધુ સ્કૂલ વર્ધીના વાહનો આવેલા છે. છેલ્લા કેટલાક સમયથી સ્કૂલ વર્ધીના વાહનોના ફીટનેસ આપવામાં આવતા ન હોવાથી વાહનો ફીટનેસ સર્ટિ વગર જ દોડતા હતા. આ માટે અનેક વખત રજૂઆત પણ કરવામાં આવી હતી. પરંતુ ફીટનેસ અને પરમીટ અંગે કોઈ કાર્યવાહી કરવામાં આવી ન હતી. પરંતુ હવે ફાયર સેફ્ટી મુદ્દે તંત્ર સજાગ બન્યું છે ત્યારે હવે વાહનોના ફીટનેસ અંગેની કાર્યવાહી શરૂ કરવામાં આવી હોવાનું જાણવા મળે છે. આ માટે તમામ આરટીઓ ખાતે સ્કૂલ વેન અને રીક્ષા માટે ફિટનેશ સર્ટી આપવાની કામગીરી અને સ્કૂલવેન- રિક્ષાના રજીસ્ટ્રેશનની કામગીરી શરૂ થઈ છે.

# શું પીએમ મોદી હવે આંધ્ર, બિહારને વિશેષ દરજ્જો આપવાનો વાયદો પૂરો કરશે : કોંગ્રેસનો સવાલ



નવી દિલ્હી તા.૧૦

દેશમાં ત્રીજી વખત ભાજપની સરકાર બનવા જઈ રહી છે. ૨૦૨૪ની લોકસભા ચૂંટણીમાં ભાજપને ૨૪૦ બેઠકો મળી છે. પરંતુ આ વખતે ભાજપ માટે રસ્તો એટલો સરળ નથી. ઘણા મોટા રાજ્યોમાં ભાજપની બેઠકો ઘટી છે. જેના કારણે ભાજપને પોતાના દમ ઉપર સમર્થન મળી શક્યું નથી અને હવે તે એનડીએના જોરે સરકાર બનાવવા જઈ રહી છે. તમને જણાવી દઈએ કે NDAએ ચંદ્રબાબુ નાયડુની TDP અને નીતીશ કુમારની JD(U) અને અન્ય ગઠબંધન સહયોગીઓના સમર્થનથી બહુમતનો આંકડો હાંસલ કર્યો છે, જેણે આંધ્ર પ્રદેશ અને બિહારમાં ૧૬ અને ૧૨ બેઠકો જીતી છે. હવે કોંગ્રેસના મહાસચિવ જયરામ રમેશે પણ વડાપ્રધાન નરેન્દ્ર મોદી ઉપર નિશાન સાધ્યું છે. તેમણે કહ્યું કે, વારંવાર દાવો કરવામાં આવે છે કે મોદી ૩.૦ સરકાર બનશે પરંતુ સત્ય એ છે કે આ વખતે મોદી ૧/૩ સરકાર બનશે. આ દરમ્યાન જયરામ રમેશે આંધ્રપ્રદેશ અને બિહારને વિશેષ રાજ્યનો દરજ્જો આપવાનો મુદ્દો પણ ઉઠાવ્યાહતો. ટ્વિટર ઉપર પોસ્ટ કરાયેલા એક વીડિયોમાં રમેશે કહ્યું કે કોંગ્રેસ પાસે વડાપ્રધાન માટે ચાર પ્રશ્નો છે. બે આંધ્ર પ્રદેશ માટે અને બે બિહાર માટે. તેમણે કહ્યું, '૩૦ એપ્રિલ, ૨૦૧૪ના રોજ પવિત્ર શહેર તિરૂપતિમાં તમે આંધ્રપ્રદેશને વિશેષ દરજ્જો આપવાનું વચન આપ્યું હતું જેથી મોટા પાયે રોકાણ આવી શકે. આ વાતને ૧૦ વર્ષ વીતી ગયા પણ બન્યું નથી. શું એ વચન હવે પૂરૂં થશે ? પીએમ ઉપર નિશાન સાધતા કોંગ્રેસના મહાસચિવ જયરામ રમેશે કહ્યું કે, વડાપ્રધાને આંધ્રપ્રદેશને વિશેષ રાજ્યનો દરજ્જાજ આપવો જોઈએ. તેમણે દાવો કર્યો હતો કે વડાપ્રધાન મોદી વિશાખાપટ્ટનમમાં સ્ટીલ પ્લાન્ટનું ખાનગીકરણ કરવાનો પ્રયાસ કરી રહ્યા છે. તમામ પક્ષો તેનો વિરોધ કરી રહ્યા છે. શું તમે હવે વિશાખાપટ્ટનમ સ્ટીલ પ્લાન્ટનું ખાનગીકરણ અટકાવશો ? રમેશે વડા પ્રધાનને એમ પણ પૂછ્યું હતું કે શું તેઓ બિહારને વિશેષ દરજ્જો આપીને તેમના ૨૦૧૪ના ચૂંટણી વચન અને તેમના સાથી અને JDU વડા નીતીશ કુમારની દસ વર્ષ જૂની માંગને પૂર્ણ કરશે.

# ખંભાળિયા શહેર માટે વધુ એક જળસ્ત્રોત અનિવાર્યઃ ઘી ડેમ બની રહ્યો છે અપૂરતો

જામ ખંભાળિયા તા.૧૦

ખંભાળિયા શહેરની જનતાને પીવાના પાણી માટે જીવાદોરી સમાન એક માત્ર ઘી ડેમ હવેની પરિસ્થિતિમાં અપૂરતો બની રહ્યો છે. ત્યારે લગભગ દર વર્ષે છલકાઈને ઓવરફ્લો જતા ઘી ડેમ સિવાય વધુ એક મોટો જળસ્ત્રોત આ વિસ્તારમાં બનાવવામાં આવે તેવી લોકમાંગ છે.

ખંભાળિયા શહેર નજીકના રામનગર વિસ્તારમાં આજથી આશરે પાંચ-છ દાયકા પૂર્વે અંગ્રેજોના સમયમાં ઘી ડેમનું નિર્માણ કરવામાં આવ્યું હતું. ૨૦ ફૂટની ઊંડાઈના ઘી ડેમમાં ૧૦ ફૂટ પાણી શહેર માટે તેમજ ત્યાર બાદનું ૧૦ ફૂટ પાણી સિંચાઈ માટે આપી દેવામાં આવે છે. ઘી ડેમના આ પાણીથી ડેમ વિસ્તારના આશરે બે ડઝન જેટલા ગ્રામ્ય વિસ્તારોમાં પાણી પુરવઠા વિભાગ દ્વારા સિંચાઈના હેતુ માટે નહેર વાટે પાણી વિતરણ કરાય છે.

વર્ષો પૂર્વેની ખંભાળિયાની વસ્તી તથા રચનાને અનુરૂપ ઘી ડેમનું નિર્માણ થયું હતું. જેમના નિર્માણની શરૂઆતમાં દરરોજ શહેરમાં બે વખત પાણીનું વિતરણ કરવામાં આવતું હતું.પરંતુ છેલ્લા ઘણા વર્ષોથી નગરપાલિકા દ્વારા શહેરમાં એકાંતરે અડધો-પોણો કલાક પાણી વિતરણ કરાય છે. શહેરનો વ્યાપ, વિસ્તાર અને નળ જોડાણો (કાયદેસર તથા ગેરકાયદેસર જોડાણો)ની સંખ્યા વધી રહી છે. ત્યારે શહેર માટે રખાતું ૧૦ ફૂટ પાણી અપૂરતું બની રહે છે. આ વચ્ચે મહત્વની બાબત તો એ છે કે અગાઉ આ ડેમ છલકાઈ જાય તો બે વર્ષ સુધી પાણી ખૂટતું ન હતું. છેલ્લા ઘણા વર્ષથી મોટાભાગે ચોમાસામાં ઘી ડેમ ઓવરફ્લો થઈ જાય છે અને તેનું લાખો ક્યુસેક કિંમતી વરસાદી પાણી દરિયામાં વહી જાય છે. સી-પેજનું પાણી પણ દર વર્ષે ઉપયોગમાં લેવામાં આવે છે. તેમ છતાં પણ વર્ષાંતે ધી ડેમ તળિયા ઝાટક હોય છે.

આ પરિસ્થિતિમાં શહેર માટે ઘી ડેમ જેવો વધુ એક જળ સ્ત્રોત બનાવવો અનિવાર્ય છે. ખંભાળિયાના ધારાસભ્ય અને કેબિનેટ મંત્રી મુળુભાઈ બેરા વર્ષો અગાઉ જ્યારે મંત્રી હતા ત્યારે ભાણવડ પંથકમાં અનેક સિંચાઈ યોજનાઓ તેમજ ડેમ બનાવવામાં આવ્યા હતા. વર્તમાન પરિસ્થિતિમાં હાલ ખંભાળિયાના ધી ડેમની જેમ જ અહીં વધુ એક ડેમ બનાવવા પણ જરૂરી પગલાં લેવામા રહયા છે.

# ભાજપને ટેકો આપવાના બદલામાં નાયડુ અને નીતિશ શું ઈચ્છે છે, તેમના રાજ્યો માટે વિશેષ દરજ્જો તેમના લિસ્ટમાં મોખરે છે

## તેમની અન્ય સામાન્ય માંગણીઓમાં કેન્દ્રીય કેબિનેટમાં વધુ હિસ્સો છે, UCC સામે તેઓને કોઈ વાંધો નથી પરંતુ વસ્તી નિયંત્રણ ઉપર પહેલા ચર્ચા થવી જોઈએ

નવી દિલ્હી તા.૧૦

જેડી(યુ)ના વડા નીતિશ કુમાર અને તેલુગુ દેશમ પાર્ટીના વડા એન. ચંદ્રાબાબુ નાયડુ આગામી સરકારમાં બે કિંગમેકર્સ છે. નીતિશકુમાર બિહાર વિશેષ પેકેજ, કેબિનેટમાં વધુ હિસ્સાની તેમની માંગણીઓ રજૂ કરી છે. સરકારને સમર્થન આપવા માટે આ ગઠબંધનની રાજનીતિનું દબાણ રાષ્ટ્રીય સ્તરે શરૂ થઈ ગયું છે. તેલુગુ દેશમ પાર્ટીના વડા એન. ચંદ્રાબાબુ નાયડુ પણ આંધ્રપ્રદેશ માટે સ્પેશિયલ કેટેગરીનો દરજજો મેળવવા માટે આતુર છે. ભાજપ લોકસભામાં ૨૭૨નો આંકડો હાંસલ કરવામાં નિષ્ફળ ગયો હોવાથી, નીતિશ અને નાયડુ હવે સત્તાધારી પક્ષના હાઈકમાન્ડ સમક્ષ તેમની માંગણીઓ મૂકી રહ્યા છે. TDP અને JD(U) અનુક્રમે ૧૬ અને ૧૨ બેઠકો સાથે NDAના સૌથી મોટા અને બીજા સૌથી મોટા સહયોગી છે. ભાજપે ૨૦૧૯માં ચાર કેબિનેટ બેઠકો સાથે નીતિશના આ દાવાને રદિયો આપ્યો હતો, પણ જેડી(યુ)એ બિહારમાં તેની તાકાત પાછી મેળવી છે અને તેથી તે આ તક ગુમાવશે નહીં અને રાષ્ટ્રીય લોકતાંત્રિક ગઠબંધન (એનડીએ) સાથે રહેવાના બદલામાં સોદો કરશે. બિહારમાં આવતા વર્ષે ચૂંટણીઓ પણ થવાની છે. જેડી(યુ)ના નેતા કેસી ત્યાગીએ જણાવ્યું હતું કે, ૨૦૦૦માં રાજ્યના વિભાજન પછી, બિહાર પાસે ઝારખંડ જેવા ખનિજ સંસાધનો નથી. તમામ શૈક્ષણિક સંસ્થાઓ ઝારખંડમાં ગઈ છે. બિહાર અત્યંત ગરીબીમાં છે. રઘુરામરાજન સમિતિને મુદ્દાઓ ઉપર ધ્યાન આપવાનું કહેવામાં આવ્યું હતું, પરંતુ મોદી સરકારે તેની ભલામણો સ્વીકારી ન હતી. એન.કે. સિંહની આગેવાની હેઠળના ૧૫માં નાણાં પંચે તેના સંદર્ભની શરતોમાં રાજ્યોને વિશેષ શ્રેણીનો દરજ્જો આપવાનો સમાવેશ કર્યો ન હતો. ૨૦૧૩માં, કેન્દ્ર દ્વારા નિયુક્ત પેનલે મલ્ટી ડાયમેન્શનલ ઈન્ડેક્સ (MDI) ઉપર આધારિત રાજ્યોને ભંડોળ સોંપવા માટે એક નવી પદ્ધતિ સૂચવી હતી. તેણે બિહારને સૌથી ઓછા વિકસિત રાજ્યો પૈકી એક તરીકે ઓળખાવ્યું હતું.

JD(U)એ માંગ કરી છે કે કેન્દ્ર સરકાર નોકરીઓ અને રોજગાર સર્જન માટે બિહારને વિશેષ પેકેજ આપે. અમે જેડી(યુ)નું સમર્થન બિનશરતી છે અને વિશેષ દરજજાની માંગને સમર્થનની શરત તરીકે જોવી જોઈએ નહીં.જ બિહારના મુખ્યમંત્રી નીતિશકુમારે તેમના ચૂંટણી પ્રચારમાં કહ્યું હતું કે તેઓ એનડીએ કેમ્પ છોડશે નહીં, પરંતુ ચૂંટણીના પરિણામોમાં ફેરફારથી ભાજપ માટે રાજકીય વાસ્તવિકતાઓ બદલાઈ ગઈ છે. એનડીએનું આ સાથી હવે બે કરતા વધુ કેબિનેટ સીટ માંગે છે. JD(U)ને વંચિત જૂથ અને સામાજિક રીતે પછાત સમુદાય અને ખાસ કરીને મહિલાઓનો આદેશ મળ્યો છે, અમે ઈચ્છીએ છીએ કે વિધાનસભાની ચૂંટણી નજીક આવી રહી હોવાથી જનાદેશને માન આપવા માટે કેબિનેટમાં અમારો હિસ્સો પ્રમાણસર હોવો જોઈએ. એમએસપીને કાનૂની સમર્થન હોવું જોઈએ, આ જનાદેશનો સંદેશ એ છે કે ખેડૂતો કેન્દ્ર સરકારથી નારાજ છે. યુપી અને રાજસ્થાનથી લઈને હરિયાણા અને પંજાબમાં ખેડૂતોના ગુસ્સાને કારણે ભાજપને નુકસાન થયું છે. તે માત્ર જાટ પુરતું જ સીમિત નથી. ખેડૂત સમુદાય પીડાઈ રહ્યો છે, અને MSP ઉપર કાનૂની માંગને સમર્થન આપવાનો સમય આવી ગયો છે," તેમણે કહ્યું. નીતિશની પાર્ટીને દેશમાં યુનિફોર્મ સિવિલ કોડ (UCC)ના પ્રસ્તાવિત અમલીકરણ સામે કોઈ વાંધો નથી. નીતિશકુમારે યુસીસી સમર્થન આપ્યું હતું, પરંતુ વસ્તી નિયંત્રણની ચર્ચાને પહેલા મુખ્ય પ્રધાનો સાથેની બેઠકના એજન્ડામાં મૂકવી જોઈએ અને જો ભાજપ તેને અમલમાં મૂકવા માંગે છે તો સર્વસંમતિ મેળવવી જોઈએ. તેવી જ રીતે, TDPએ આંધ્ર માટે વિશેષ દરજજા સાથે સ્પીકર પદ અને અમરાવતી ખાતે મૂડી વિકાસને પુર્નઃ પ્રારંભ કરવા માટે વધારાના ભંડોળની માંગ કરે તેવી શક્યતા છે. ૨૦૧૮માં, તત્કાલિન નાણાપ્રધાન અરૂણ જેટલીએ આંધ્ર પ્રદેશ માટેર વિશેષ શ્રેણીનો દરજજો નકારી કાઢ્યા પછી નાયડુ મોદી સરકારમાંથી બહાર નીકળી ગયા હતા. તેમની બીજી માંગ લાંબા સમયથી પડતર પોલાવરમ સિંચાઈ પ્રોજેક્ટને પૂર્ણ કરવા માટે ભંડોળની છે કારણ કે નાયડુએ તેમના ચૂંટણી પ્રચારમાં ૨ વર્ષમાં પૂર્ણ કરવાનું વચન આપ્યું હતું. ટીડીપી ઈન્ફ્રાસ્ટ્રક્ચર પોર્ટફોલિયો ઈચ્છે છે, હે તેમનું સમર્થન તેના ઉપર નિર્ભર કરે છે કે ભાજપનું નેતૃત્વ આ જોડાણમાં TDPની ભૂમિકા કેવી રીતે નક્કી કરે છે.

# દીદીનું વર્ચસ્વ : મમતાએ ફરીથી સાબિત કર્યું કે બંગાળ તેમનો ગઢ છે

## ભાજપના ઉચ્ચ નેતાઓ મોદી અને અમિત શાહે રાજ્યની ચૂંટણીમાં પોતાનું સર્વસ્વ આપવા છતાં ટીએમસીની ભવ્ય જીત થઈ છે



બહેરામપુર તા.૧૦

મંગળવાર, જૂન ૪ના રોજ ચૂંટણી પરિણામો આવ્યા અને પશ્ચિમ બંગાળની સત્તાધારી ઓલ ઈન્ડિયા તૃણમૂલ કોંગ્રેસ (TMC)એ રાજ્યમાં ભગવા પક્ષને કોઈ તક આપી ન હતી. ઘણા લોકો વિચારી રહ્યા હતા કે બે વર્ષ પછી વિધાનસભાની ચૂંટણીઓ યોજાશે ત્યારે તેણી હારી જશે. ૨૦૨૪ની લોકસભા ચૂંટણીમાં ટીએમસીએ ૨૯ બેઠકો જીતી હતી. દીદીએ ૨૦૧૯માં ભાજપને જીતેલી ૧૮ બેઠકોમાંથી તેને માત્ર ૧૨ બેઠકો ઉપર સીમિત કરી દીધી હતી. મમતા પોતે હજુ પણ "દીદી" છે અને તે હજુ પણ શકિતશાળી છે. ટીએમસીના ઘણા નેતાઓ ભ્રષ્ટાચારના આરોપોનો સામનો કરી રહ્યા છે, પણ પક્ષના અધ્યક્ષ સહીસલામત છે. તેણી એક કાર્યકર તરીકેના સમયથી નમ્ર જીવનશૈલી જાળવી રાખી છે. તે મજબૂત, સંવેદનશીલ વ્યક્તિ અને ચતુર રાજકારણી છે અને અનુયાયીઓએ તેમના ઉપર વિશ્વાસ જાળવી રાખ્યો છે. જૂની પેઢી માટે, તે એક એવી નેતા છે જે ડાબેરીઓના કથિત જુલમ સામે ઉભી રહી હતી. યુવાનો માટે, તે બળવા અને પરિવર્તનનું પ્રતીક છે. આ ઉપરાંત, સ્વાસ્થ્ય જેવી વિશેષ યોજનાઓ અને મહિલાઓ અને લઘુમતીઓ માટે સરકારી પહેલો સાથે તેણીને લોકોનો ટેકો મળ્યો છે. લક્ષ્મીભંડાર યોજનામાં એસસી અને એસટી કેટેગરીની પાત્ર મહિલાઓને દર મહિને રૂા.૧,૦૦૦ અને અન્ય કેટેગરીની મહિલાઓને રૂા.૫૦૦ આપવામાં આવે છે. ૨૦૨૪-૨૫ માટે અનુક્રમે રૂા.૧,૨૦૦ અને રૂા.૧,૦૦૦ની રકમની જાહેરાત કરવામાં આવી છે. માન્યતાપ્રાપ્ત શાળાઓ અથવા તાલીમ અભ્યાસક્રમોમાં ધોરણ VIIIXIમાં નોંધાયેલ ૧૩-૧૮ વર્ષની વયની પાત્ર કન્યાઓ માટે ૨૫,૦૦૦ રૂપિયાનું એક વખતનું અનુદાન અને ૫૦૦ રૂપિયાની વાર્ષિક શિષ્યવૃત્તિ પણ છે. આ કુટુંબની વાર્ષિક કૌટુંબિક આવક રૂા.૧,૨૦,૦૦૦ કરતાં વધુ ન હોય અથવા અનાથ અથવા ૪૦% અપંગતા વગેરે જેવી છોકરીઓ માટે છે. તેથી જ મહિલા મતદારોએ મમતાનું સમર્થન કર્યું હોય તેવું લાગે છે. લોકસભા ચૂંટણી ૨૦૨૪ના તબક્કા ૧માં, રાજ્યમાં ૮૧.૨૫% પુરૂષોર સામે ૮૨.૫૯% મહિલાઓએ તેમનો મત આપ્યો, જ્યારે રાષ્ટ્રીય ટકાવારી અનુક્રમે ૬૬.૦૭ અને ૬૬.૨૨ હતી. બીજા તબક્કામાં, તેઓએ પુરૂષોર ૭૫.૨૨%ની સામે સ્ત્રીઓ ૭૭.૯૯% મતદાન, ત્રીજા તબક્કામાં, ૭૨.૨૧% પુરૂષોની સામે મહિલાઓની સંખ્યા વધીને ૮૩.૦૧% થઈ ગઈ, ચોથા તબક્કામાં, સ્ત્રીઓ (૮૧.૪૯%)એ ફરીથી પુરુષો (૭૯%) કરતાં વધુ સારૂ મતદાન કર્યું, આગામી બે તબક્કામાં, રાજ્યમાં મહિલા મતદારોએ ૭૮.૪૩% અને ૮૩.૮૩% મતદાન નોંધાવ્યું હતું, જેમાં પુરૂષોએ ૭૮.૪૮% અને ૮૧.૬૨% મતદાન કર્યું હતું. આમ મહિલાઓ દીદીને સમર્થન કરતી જોવા મળી હતી, ત્યારે લઘુમતી મતદારો પણ તેમના તરફ વળ્યા હતા. ૨૦૧૧માં હાથ ધરવામાં આવેલી ભારતની છેલ્લી વસ્તીગણતરીમાં અવિભાજિત માલદા જિલ્લાની લગભગ ૪૦ લાખની વસ્તીના ૫૧%થી વધુ મુસ્લિમો છે દીદીની સરકારની લઘુમતીઓ માટે ઘણી યોજનાઓ છે જેમાં ઈમામ અને મુએઝીનને માનદ વેતન, છાત્રાલયોની સ્થાપના માટેના ભંડોળ અને લઘુમતી સમુદાયના ગરીબ અને હોશિયાર વિદ્યાર્થીઓ માટે સ્ટાઈપેન્ડનો સમાવેશ થાય છે. જો કે મુસ્લિમ મતદારો, જેમાંથી મોટાભાગના બાંગ્લાદેશના છે, તેઓ બિન-બંગાળી લઘુમતી ઉમેદવારમાં વિશ્વાસ વ્યકત કરતા નથી, યુસુફ પઠાણ ૨૦૨૪માં એક દુર્લભ ઉદાહરણ સાબિત થયા છે. જેમણે કોંગ્રેસના નેતા અધીરરંજન ચૌધરીને તેમના બહેરામપુર (મુર્શિદાબાદ જિલ્લામાં)માં ૮૫,૦૦૦થી વધુ મતોના માર્જિન સાથે હરાવ્યા છે. ફિલ્મ સ્ટાર શત્રુઘ્ન સિંહા અને ક્રિકેટર કીર્તિ આઝાદ, જેઓ બિહાર રાજ્યના છે, સિન્હા અને આઝાદને પણ આ વખતે વિજય મળ્યો છે. ૨૦૨૪માં TMCએ એકલા જ લડવાનો નિર્ણય લીધો હતો. રાજ્યમાં કોંગ્રેસનો સફાયો થઈ ગયો છે. બીજો મુદ્દો એ હતો કે આ ચૂંટણીઓમાં કોંગ્રેસ સાથે ડાબેરી પક્ષોનું જોડાણ હતું. પશ્ચિમ બંગાળમાં શાસન કરવા માટે મમતાને હવે અન્ય સાથીદારની જરૂર નથી. તેણીના કરિશ્મા અને રણનીતિએ ટીએમસીને ૨૦૨૧ની વિધાનસભા ચૂંટણીમાં ૪૮%થી વધુ મતો મળ્યા, જે ૨૦૧૧માં તેણીની જીત કરતાં લગભગ ૩% વધુ છે. લોકસભાની ચૂંટણીમાં, તેનો હિસ્સો ધીમે ધીમે વધીને ૨૦૧૪માં લગભગ ૪૦% થયો. ૨૦૧૯માં લગભગ ૪૩% અને ૨૦૨૪ માં લગભગ ૪૬% થયો છે.

# NEET પરીક્ષામાં ગેરરીતિઓ થયાની વિદ્યાર્થીઓએ કરી ફરિયાદ

નવી દિલ્હી, તા.૧૦

મેડિકલ સંસ્થાઓમાં અંડરગ્રેજ્યુએટ અભ્યાસક્રમોમાં પ્રવેશ માટે NEET જેવી મુશ્કેલ પરીક્ષાનું આયોજન કરવામાં આવે છે. એવા ઘણા ઓછા વિદ્યાર્થીઓ છે જેઓ ટોચની કોલેજોના કટઓફને ક્લિયર કરી શકે છે. મેડિકલનો અભ્યાસ કરવા ઈચ્છતા ઉમેદવારો આ પરીક્ષામાં સારા માર્ક્સ સાથે પાસ થવાનું સપનું હોય છે, જેના માટે તેઓ દિવસ-રાત મહેનત કરે છે. આ વર્ષે NEET પરિણામ જાહેર થયા પછી ઉમેદવારો નારાજ દેખાય છે. ઉમેદવારો સોશિયલ મીડિયા હેન્ડલ ઉપર NTA ઉપર પોતાનો ગુસ્સો ઠાલવી રહ્યા છે. સોશિયલ મીડિયા પ્લેટફોર્મ એક્સ ઉપર #Neet_paper_Cancel_Karo હેશટેગ સાથે સતત પોસ્ટ કરવામાં આવી રહી છે. વાસ્તવમાં વિદ્યાર્થીઓ માને છે કે આ વર્ષે NEET પરીક્ષામાં ગેરરીતિઓ થઈ છે. એક્સ ઉપર આ હેશટેગ સાથે ટ્વિટનું પૂર આવ્યું છે. NEET પરિણામ જાહેર થયા બાદ જ આ પરીક્ષા અંગેની ચર્ચાઓએ જોર પકડ્યું છે. પરિણામોને શંકાના દાયરામાં રાખીને લોકો તેના ઉપર સવાલો ઉઠાવી રહ્યા છે. ટ્વિટ અનુસાર, લોકો કહી રહ્યા છે કે આટલી અઘરી પરીક્ષામાં ૬૭ વિદ્યાર્થીઓ સંપૂર્ણ માર્ક્સ કેવી રીતે મેળવી શકે, જ્યારે આવું પહેલા ક્યારેય બન્યું નથી. આ ઉપરાંત, હરિયાણાના એક જ કેન્દ્રમાંથી ૮ ઉમેદવારો એવા છે જેમણે ૭૨૦માંથી ૭૨૦ માર્ક્સ મેળવ્યા છે. મુખ્ય કારણ એ પણ છે કે પરીક્ષા દરમ્યાન પટનામાં નકલી ઉમેદવારોની ધરપકડ બાદ પેપર લીક થવાની વાત રજૂ કરાઈ હતી પરંતુ તેમ છતાં પરીક્ષા લેવામાં આવી હતી. નોંધનીય છે કે પરિણામ જાહેર થાય તે પહેલા જ આ વિરોધ ચાલુ છે, કારણ કે બિહાર પોલીસે NEET પેપર લીક કેસમાં કેટલાક લોકોની ધરપકડ કરી હતી, ત્યારબાદ NEET પરીક્ષા ઉપર સવાલો ઉઠવા લાગ્યા હતા. બિહાર પોલીસે મેડિકલ કોલેજોમાં પ્રવેશ માટે ૫ મેના રોજ લેવાયેલી NEET પરીક્ષામાં પેપર લીક થવાના મામલે ચાર પરીક્ષાર્થીઓ અને તેમના પરિવારના સભ્યો સહિત કુલ ૧૩ લોકોની ધરપકડ કરી હતી. પ્રાપ્ત માહિતી અનુસાર, અધિકારીઓએ કહ્યું હતું કે બિહાર પોલીસે NEET UG પ્રશ્ન પેપર લીક કેસમાં આ ધરપકડ કરી છે. આ પછી 'પેપર લીક'ની તપાસ બિહાર પોલીસના આર્થિક અપરાધ એકમ (EOU)ને સોંપવામાં આવી હતી.

# દ્વારકા નજીકના દરિયા કાંઠેથી રૂા. ૧૬.૦૩ કરોડની કિંમતનો ચરસ બિનવારસુ મળી આવ્યો





## ૩૨ કિલોગ્રામથી વધુ ચરસના ૩૦ પેકેટ કબ્જે કરી એલ.સી.બી. તથા એસ.ઓ.જી. પોલીસ દ્વારા વ્યાપક

(પ્રતિનિધિ દ્વારા)

જામ ખંભાળિયા, તા. ૧૦

દેવભૂમિ દ્વારકા વિસ્તારમાં છેલ્લા કેટલાક સમયથી વ્યાપક પ્રમાણમાં ઝડપાયેલા ડ્રગ્સ સહિતના નશાકારક પદાર્થોએ વ્યાપક ચર્ચાઓ જગાવી છે. ત્યારે ગત શુક્રવારે મોડીરાત્રે દ્વારકા નજીકના વરવાળા વિસ્તારના દરિયાકાંઠેથી ચરસના ૩૦ પેકેટનો જથ્થો બિનવારસુ હાલતમાં મળી આવ્યો હતો. જે અંગે પોલીસ દ્વારા વ્યાપક તપાસ હાથ ધરવામાં આવી છે.

આ સમગ્ર પ્રકરણ અંગે પોલીસ સૂત્રો દ્વારા જાહેર કરવામાં આવેલી વિગત મુજબ શુક્રવારે રાત્રે દ્વારકા પોલીસ તેમજ એસ.ઓ.જી. પોલીસ દ્વારા દ્વારકા નજીકના દરિયાકાંઠા વિસ્તારમાં મીઠાપુર માર્ગ પર આવેલા રૂપેણ બંદર તથા વરવાળા ગામ વચ્ચેના દરિયાકાંઠા વિસ્તારમાં પેટ્રોલિંગ હાથ ધરવામાં આવ્યું હતું. આ દરમ્યાન દ્વારકાના પી.એસ.આઈ. આર.એચ. સુવા તથા એસ.ઓ.જી.ના એ.એસ.આઈ. અશોકભાઈ સવાણીને મળેલી ચોક્કસ બાતમીના આધારે દ્વારકા નજીકના વરવાળા ગામે આવેલા ઝવેરનગરના પાછળના ભાગે દરિયા કિનારે કેટલાક શંકાસ્પદ મનાતા પેકેટ પડ્યા હોવાથી આને અનુલક્ષીને અહીંના ઈન્ચાર્જ એસ.પી. હાર્દિક પ્રજાપતિની સૂચના મુજબ પોલીસ સ્ટાફ દ્વારા રાત્રીના સમયે જ તાકીદે આ સ્થળે દોડી જઈ અને તપાસ કરતા અહીંના દરિયા કિનારે રહેલા પથ્થરો તેમજ રેતીમાં પ્લાસ્ટિકની કુલ ત્રણ બાચકીઓ પડી હતી. પોલીસે આ બાચકીઓને ખોલીને જોતા તેમાંથી બિનવારસુ ૩૦ પેકેટ સાંપડ્યા હતા. તે અંગે પોલીસે વધુ ઊંડાણપૂર્વકની તપાસ આદરી, ચેકિંગ કરતા આ તમામ પેકેટમાં ચરસનો જથ્થો હોવાનું ખુલવા પામ્યું હતું. તેમાં આશરે રૂા. ૧૬,૦૨,૬૫,૦૦૦ ની કિંમતના ૩૨.૦૫૩ કિલોગ્રામ ઉચ્ચ ક્વોલિટીના ચરસનો જથ્થો હોવાનું જાહેર થયું છે. જે અંગે અજાણ્યા શખ્સો સામે સ્થાનિક પી.એસ.આઈ. સુવાએ ફરિયાદી બની, શનિવારે દ્વારકા પોલીસ મથકમાં એન.ડી.પી.એસ. એક્ટ મુજબ ગુનો નોંધવામાં આવ્યો છે. જેમાં આગળની તપાસ મીઠાપુરના પી.એસ.આઈ. એન.એચ. જોશીને સોંપવામાં આવી છે. આંતરરાષ્ટ્રીય બજારમાં કરોડો રૂપિયાની કિંમતના આ ડ્રગ્સ (ચરસ) સંદર્ભે રાત્રે જ પોલીસ દ્વારા કોમ્બિંગ તેમજ વ્યાપક ચેકિંગની કામગીરી કરવામાં આવી હતી. દરિયાઈ સુરક્ષાને સુદ્રઢ કરવા માટે જિલ્લા પોલીસની જુદી જુદી ટુકડીઓ દ્વારા બોટ ચેકિંગ અંગેની ડ્રાઈવ હાથ ધરવામાં આવે છે. જિલ્લામાં લેન્ડિંગ પોઈન્ટ વિસ્તારમાં પેટ્રોલિંગમાં દ્વારા પેટ્રોલિંગ પણ હાથ ધરવામાં આવે છે. પરંતુ ગત શુક્રવારે રાત્રે દ્વારકાના દરિયા કિનારા સુધી ૩૦ પેકેટ ચરસ કેવી રીતે પહોંચ્યું તે બાબત પણ તપાસનો વિષય બન્યો છે. અત્રે ઉલ્લેખનીય છે કે અગાઉ ઓખા ખાતેથી ગેરકાયદેસર રીતે ઘૂસણખોરી કરતી ઈરાની બોટ સાથે ત્રણ ઈરાનીઓ તેમજ એક ભારતીય નાગરિકને પણ ઝડપી પાડવામાં આવ્યા હતા.

આ સમગ્ર કાર્યવાહી એલ.સી.બી.ના પી.આઈ. કે.કે. ગોહિલ, દ્વારકાના પી.આઈ. કે.એસ. પટેલ, એસ.ઓ.જી.ના ઈન્ચાર્જ પી.આઈ. પી.સી. સીંગરખીયા, દ્વારકાના પી.એસ.આઈ. આર.એસ. સુવા તેમજ એસ.ઓ.જી. અને દ્વારકા પોલીસના સ્ટાફ દ્વારા કરવામાં આવી હતી.

**બે માસ પહેલા પણ ડ્રગ્સ ઝડપાયું હતું**

ગત શુક્રવારે રાત્રિના ઝડપાયેલા કરોડો રૂપિયાના ચરસના જથ્થાના આ બનાવ વચ્ચે આજથી આશરે બે માસ પહેલા પણ દ્વારકા વિસ્તારમાંથી મોટી માત્રામાં ડ્રગ્સ ઝડપાયું હતું. ત્યારે ગતરાત્રે પણ ઝડપાયેલા આ નશાકારક પદાર્થોએ અનેક સવાલો ખડા કર્યા છે. દ્વારકા નજીકના દરિયા વિસ્તારમાંથી કરોડો રૂપિયાના ડ્રગ્સની વ્યાપક હેરાફેરી થતી હોવાના જોવા મળતા ચિત્ર વચ્ચે પોલીસ પાસે આવતા આ થોડા ડ્રગ્સના જથ્થા વચ્ચે મોટો જથ્થો પગ કરી જતો હોય તો નવાઈ નહીં તે બાબતની ચર્ચાએ પણ જોર પકડ્યું છે.

તો કરોડો રૂપિયાની કિંમતના ડ્રગ્સને બિનવારસુ હાલતમાં છોડી દેવા પાછળ ક્યું આયોજન કે રમત છે? તેવા પણ પ્રશ્નો લોકોમાં પુછાય રહ્યા છે. વિદેશમાંથી દ્વારકાના દરિયા સુધી પહોંચતા કરોડો રૂપિયાના ડ્રગ્સ વચ્ચે બીજો કેટલો જથ્થો ક્યાં હશે તે બાબત પણ લોકો માટે જાણકારીનો વિષય છે. અગાઉ પોલીસ તપાસમાં અખાતના દેશોમાંથી ખંભાળિયા, સલાયા અને દ્વારકા પંથકમાં ડ્રગ્સ ઉતારીને અહીંથી મુંબઈ સહિતના સ્થળોએ સપ્લાય થતી હોવાનું ખુલ્યું હતું.

અગાઉ તત્કાલીન એસ.પી. સુનિલ જોશીએ અહીંથી ડ્રગ્સનું મોટું રેકેટ પકડી પાડી અને નાઈઝેરીયન શખ્સ તથા અન્ય શખ્સોને કરોડો રૂપિયાના મુદ્દામાલ સાથે ઝડપી લીધા હતા. તે પછી પણ ડ્રગ્સની હેરાફેરી અવિરત રીતે ચાલી રહી હોવાનું આ ઝડપાયેલા ચરસના બનાવ પરથી ફલિત થાય છે.

દાયકાઓ અગાઉ અહીંના સલાયા પંથકમાં સોના તેમજ ઈલેક્ટ્રોનિક્સ ચીજ વસ્તુઓની હેરાફેરી થતી. પરંતુ હવે ડ્રગ્સની વધતી જતી માંગ તેમજ અન્ય પરિબળોએ ડ્રગ્સના જથ્થાને સંતાડવો સહેલો પડતો હોય અને વહાણવટીઓ પણ આ બાબતથી પૈસા કમાવવાના શોર્ટકટમાં ડ્રગ્સની હેરાફેરીનો ધંધો વ્યાપક બન્યો હોવાનું કહેવાય છે. ત્યારે બિન વારસું ઝડપાયેલા આ તોતિંગ જથ્થા સંદર્ભે જિલ્લા પોલીસ દ્વારા ઊંડી તપાસ પણ હાથ ધરવામાં આવી છે.


---

### દ્વારકાના કુરંગા સ્થિત RSPL ઘડી કંપની દ્વારા CSR અંતર્ગત

# મહિલા સશક્તિકરણ માટે હસ્તકલા અને સીવણનો ૧૫ દિવસીય તાલીમ કાર્યક્રમ યોજાયો

**RSPL Welfare Foundation અને ગ્રામ્ય વિકાસ ટ્રસ્ટ, દ્વારકા દ્વારા મહિલાઓના કૌશલ્ય વિકાસની સાથે આત્મસન્માન અને આત્મનિર્ભરતા વધારવા માટેનું એક મહત્વપૂર્ણ પગલું**





(પ્રતિનિધિ દ્વારા)

દ્વારકા તા. ૧૦

દ્વારકાના કુરંગા સ્થિત RSPL ઘડી કંપની દ્વારા CSR (RSPL Welfare Foundation) અને ગ્રામ્ય વિકાસ ટ્રસ્ટ, દ્વારકાના સયુંકત ઉપક્રમે દ્વારકાના કુરંગા ગામ ખાતે મહિલાઓ સશક્ત અને આત્મનિર્ભર બને તે હેતુ થી તા.૧૭ મે, ૨૦૨૪ થી તા.૩ જુન, ૨૦૨૪ એમ ૧૫ દિવસીય હસ્તકલા અને સીવણ માટેનો તાલીમ કાર્યક્રમ યોજાયો હતો. મહિલાઓને હસ્તકલા અને સીવણ કામના વિવિધ પાસાઓમાં કૌશલ્ય પ્રદાન થાય તે માટે આ કાર્યક્રમમાં અનુભવી ટ્રેનર્સ દ્વારા ઉચ્ચ ગુણવત્તાની તાલીમ આપવામાં આવી હતી. મહિલાઓને આર્થિક અને સામાજિક રીતે મજબૂત કરવા માટે યોજાયેલ આ તાલીમ કાર્યક્રમ દ્વારા મહિલાઓને RSPL Welfare Foundation અને ગ્રામ્ય વિકાસ ટ્રસ્ટ, દ્વારકા દ્વારા કૌશલ્યો પ્રદાન કરવામાં આવ્યા જેનાથી મહિલાઓ આત્મનિર્ભર બની અને તેમના પરિવારની આર્થિક સ્થિતિ સુધારવા માટે સક્ષમ બનશે. આ કાર્યક્રમના અંતે સંપૂર્ણ તાલીમ લેનાર મહિલાઓને પ્રશંસાપત્ર એનાયત કરવામાં આવ્યા હતા. તાલીમ મેળવનાર તમામ મહિલાઓએ બંને સંસ્થાનો આભાર વ્યક્ત કર્યો હતો.

---

### ભાજપ સરકારની ખેડૂતોને આપી મોટી ભેટ

# રાજસ્થાનના ખેડૂતોને કિસાન સન્માન નિધિ અંતર્ગત ૮૦૦૦ રૂપિયા મળશે

**મુખ્યમંત્રી ભજનલાલ શર્મા દ્વારા સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર એક પોસ્ટ દ્વારા માહિતી આપવામાં આવી**

જયપુર, તા.૧૦

રાજસ્થાનના ખેડૂતો માટે મોટી ખુશખબરી છે. ચૂંટણીના પરિણામો આવ્યા બાદ રાજસ્થાનના ખેડૂતોને રાજ્યની ભાજપ સરકારે મોટી ભેટ આપી છે. સરકારે ખેડૂતોને સન્માન નિધિને વધારવાની જાહેરાત કરી છે. આ વાતની જાણકારી શનિવારે મુખ્યમંત્રી ભજનલાલ શર્મા દ્વારા સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર એક પોસ્ટ દ્વારા આપવામાં આવી હતી.

રાજસ્થાનના મુખ્યમંત્રી ભજનલાલ શર્માએ પીએમ કિસાન સન્માન નિધિ અંતર્ગત ૨ હજાર રૂપિયાની જાહેરા કરી છે. આ યોજના અંતર્ગત કેન્દ્ર સરકાર પહેલાંથી જ ૬૦૦૦ રૂપિયા ખેડૂતોને આપી રહી હતી. એવામાં હવે રાજ્ય તરફથી ૨૦૦૦ મળીને ૮૦૦૦ રૂપિયા ખેડૂતોને મળશે. આ વધારો રાજસ્થાન સરકાર પ્ર દર વર્ષે ૧૨૩૦૦ કરોડ રૂપિયાનો વધારો બોજો પડશે.

સીએમ ભજનલાલ શર્માએ એક્સ પોસ્ટમાં લખ્યું- 'ખેડૂતને ટેકો! મુખ્યમંત્રી ભજનલાલ શર્મા જનતાને કરેલા વાયદાનો પુરો કરવા માટે મિશન મોડમાં કામ કરી રહ્યા છે. એવામાં ખેડૂતોને ટેકો આપવા માટે રાજ્યમાં સન્માન નિધિની રકમ ૨૦૦૦ રૂપિયા વધારીને ૮ હજાર રૂપિયા કરી દીધી છે. તમને જણાવી દઈએ કે કિસાન સન્માન નિધિ યોજના કેન્દ્ર સરકાર દ્વારા ભારતના ખેડૂતોને આર્થિક સહાય પૂરી પાડવા માટે ચલાવવામાં આવે છે. ૨૦૨૩માં યોજાનારી વિધાનસભાની ચૂંટણી પહેલા ભાજપે તેના ઢંઢેરામાં કિસાન સન્માન નિધિ વધારવાનું વચન પણ આપ્યું હતું. ખેડૂતોને વચન તરીકે, એવું કહેવામાં આવ્યું હતું કે કિસાન સન્માન નિધિ દર વર્ષે વધારીને ૧૨,૦૦૦ રૂપિયા કરવામાં આવશે. હાલમાં સરકારે તેમાં ૨૦૦૦ રૂપિયાનો વધારો કર્યો છે. આ ૨ હજાર રૂપિયા રાજ્ય સરકાર દ્વારા દર વર્ષે રાજસ્થાનના લાભાર્થી ખેડૂતોના બેંક ખાતામાં જમા કરવામાં આવશે.

---

### ૮૭ વર્ષની વયે અંતિમ શ્વાસ લીધા

# રામોજી ફિલ્મ સિટીના માલિક રામોજી રાવનું થયેલું નિધન

હૈદરાબાદ, તા.૧૦

વરિષ્ઠ નિર્માતા અને હૈદરાબાદ ફિલ્મસિટીના વડા અને ETV નેટવર્કના માલિક રામોજી રાવનું અવસાન થયું છે. તેઓ ૮૭ વર્ષના હતા. તેમનું અવસાન ૮મી જૂન એટલે કે શનિવારે સવારે ૩.૪૫ કલાકે થયું છે. તેમના નિધનથી બોલિવૂડને મોટો આંચકો લાગ્યો છે. બોલિવૂડ અને રામોજી ફિલ્મ સિટી સિક્કાની બે બાજી મનાય છે.

વરિષ્ઠ નિર્માતા અને હૈદરાબાદ ફિલ્મ સિટીના વડા અને ETV નેટવર્કના માલિક રામોજી રાવનું નિધન થયું છે. તેઓ ૮૭ વર્ષના હતા. તેમનું અવસાન ૮ જૂન એટલે કે શનિવારે સવારે ૩.૪૫ કલાકે થયું હોવાની માહિતી પ્રાપ્ત થઈ રહી છે. તેઓ ૫ જૂનથી હોસ્પિટલમાં દાખલ હતા. તેમને શ્વાસ લેવામાં તકલીફ થઈ રહી હતી અને હાઈ બ્લડ પ્રેશર રહેતું હતું. રામોજીએ તેલુગુ ફિલ્મ ઉદ્યોગ, મીડિયા અને પત્રકારત્વમાં મહત્વપૂર્ણ યોગદાન આપ્યું છે. રામોજી રાવ પદ્મ વિભૂષણ પુરસ્કાર વિજેતા હતા. તેઓ થોડા વર્ષો પહેલા જ કોલોન કેન્સરમાંથી સાજા થયા હતા. રામોજીએ તેલુગુ ફિલ્મ ઉદ્યોગ, મીડિયા અને પત્રકારત્વમાં મહત્વપૂર્ણ યોગદાન આપ્યું છે. તેમના નિધનથી બોલિવૂડ જગતને પણ મોટો આંચકો લાગ્યો છે.

મળતા રિપોર્ટ્સ મુજબ તેમનું નિધન હૈદરાબાદમાં થયું છે, તેમની સારવાર હૈદરાબાદની સ્ટાર હોસ્પિટલમાં ચાલી રહી હતી. તેમણે આજે વહેલી સવારે ૩.૪૫ વાગ્યે અંતિમ શ્વાસ લીધા હતા. NDA દ્વારા વડાપ્રધાન પદ માટે ચૂંટાયેલા નેતા નરેન્દ્ર મોદીએ પણ રામોજી રાવના નિધન પર દુઃખ વ્યક્ત કર્યું છે. તેમણે લખ્યું છે કે, રામોજી રાવ ગારુનું નિધન થયું છે તે દુઃખદ ઘટના છે, તેઓ ભારતીય મીડિયાના પ્રણેતા છે. તેમણે ફિલ્મની દુનિયા અને પત્રકારત્વમાં મહત્વનું યોગદાન આપ્યું છે.

વધુમાં નરેન્દ્ર મોદીએ કહ્યું કે, તેમના પ્રયત્નોનના કારણે મીડિયા અને મનોરંજન જગતમાં ઘણી નવી શોધો થઈ શકી છે. તેઓ ભારતના વિકાસ માટે અત્યંત જુસ્સા સાથે પોતાનું યોગદાન આપ્યું છે.

હું ગૌરવ અનુભવું છું કે તેમને મળવાનનો અને તેમની સાથે સમય ગાળવાની તક મળી અને તેમના બુદ્ધિ ચાતુર્યને સમજવાની તક મળી. હું તેમના પરિવાર, મિત્રો અને અસખ્ય ચાહકોને આ કપરા સમયમાં શક્તિ મળે તેવી પ્રાર્થના કરું છું, ઓમ શાંતિ.

---

# ખંભાળિયા નજીક જીવંત વીજવાયરને અડી જતાં રેતી ભરેલા ટ્રકમાં આગ ભભુકી



(પ્રતિનિધિ દ્વારા)

ખંભાળીયા તા. ૧૦

ખંભાળિયા નજીકના સલાયા વિસ્તારમાં ગત ગુરૂવારે સવારે રેતી ભરેલા એક ટ્રકમાં જીવંત વીજ વાયરના કારણે આગજની સર્જાઈ હતી. આ સમગ્ર પ્રકરણની સૂત્રો દ્વારા જાણવા મળતી વિગત મુજબ ખંભાળિયા તાલુકાના સલાયા વિસ્તારમાં આવેલા રેલવે સ્ટેશન નજીક એક ટ્રકના ચાલકે પોતાના ટ્રક (ટોરસ)માં રહેલી રેતીને ખાલી કરવા માટે ટ્રક (ટોરસ)નું ઠાઠું ઊંચું કર્યું હતું. ત્યારે આ ટ્રકની ઉપરથી પસાર થઈ રહેલા જીવંત વીજ વાયરને આ ટ્રકનો ઉપરનો ભાગ અટકી ગયો હતો. જેના કારણે આ ટ્રકમાં જોરદાર આગ ભભૂકી ઊઠી હતી. આ બનાવ અંગેની જાણ સાબીરભાઈ સોઢા દ્વારા ફાયર વિભાગને કરવામાં આવતા જિલ્લા ફાયર અધિકારી મિતરાજસિંહ પરમારના માર્ગદર્શન હેઠળ ફાયર સ્ટાફના નરેશભાઈ ધ્રાંગુ, યોગેશભાઈ પાથર તેમજ ત્રણ ટ્રેઈની કર્મચારીઓ ફાયર ફાઈટર સાથે તુરંત ઘટના સ્થળે દોડી ગયા હતા અને પાણીનો મારો ચલાવતા આગ ઉપર કાબુ મેળવવામાં સફળતા મળી હતી. આ આગમાં ટ્રકને વ્યાપક નુકસાની થવા પામેલ હતું. જો કે કોઈ મોટી જાનહાની થતા અટકી

---

# આવતીકાલે કૃષિ યુનિ. પાસે પુસ્તક પરબનું થયેલ ઉદઘાટન

**આ પુસ્તક પરબનો સવારે ચાલનારા શહેરીજનો વિશેષ લાભ લઈ શકશે**

જૂનાગઢ તા. ૧૦

જૂનાગઢને વાંચતું કરવા ક્રાંતિકારી સંત શ્રી મુકતાનંદજી બાપુની હાજરીમાં વ્યક્ત કરેલા દ્રઢ નિર્ધારને વાંચન વલોણું સંસ્થા દ્વારા સાકાર કરવામાં આવેલ છે.

ગઈકાલે તા. ૯, જૂન ને રવિવારે સવારે ૯.૦૦ કલાકે કૃષિ.યુનિ. ઓડીટોરીયમ પાસે, ગેઈટ નંબર ૨ની અંદર પુસ્તક પરબનો પ્રારંભ કરવામાં આવેલ છે. આ પુસ્તક પરબને વરિષ્ઠ આગેવાનો જીતુભાઈ ભીંડી તથા કે.ડી. પંડ્યા દ્વારા ખુલ્લું મૂકવામાં આવેલ હતું. આ પુસ્તક પરબમાંથી વાંચકો પોતે પુસ્તક પસંદ કરીને વાંચવા લઈ જશે અને પરત આપી નવા પુસ્તકો લઈ જઈ શકશે. આ કાર્યક્રમમાં મોટી સંખ્યામાં પુસ્તક પ્રેમીઓ તથા સવારે ચાલનારા શહેરીજનો ઉપસ્થિત રહયા હતા તેમ વાંચન વલોણું સંસ્થાની યાદીમાં જણાવેલ છે.

---

# નીટની પરીક્ષામાં ૬૯૫ માર્કસ મેળવી જૂનાગઢના સરગવાડા ગામનું ગૌરવ વધાર્યું



જૂનાગઢ તા. ૧૦

જૂનાગઢના સરગવાડા ગામના રોનક દિનેશભાઈ વાઘેલા નામના વિદ્યાર્થીએ નીટની પરીક્ષામાં ૭૨૦ માંથી ૬૯૫ માર્કસ મેળવીને સમગ્ર ઈન્ડિયામાં ૩૨૭૬ નંબરનો રેન્ક પ્રાપ્ત કરીને સમગ્ર સોરઠ પંથક તથા જૂનાગઢ શહેર તથા સરગવાડા ગામનું ગૌરવ વધાર્યું છે.

---

### મામલો છત્તીસગઢના બલરામપુર જિલ્લાનો છે

# ભાજપની જીત માટે પોતાની આંગળી કાપીને દેવી માતાને અર્પણ કરી

બલરામપુર, તા.૧૦

લોકસભા ચૂંટણીના પરિણામો આવી ગયા છે, એનડીએ સરકાર બનવા જઈ રહી છે અને નરેન્દ્ર મોદી ત્રીજી વખત વડાપ્રધાન બનવા જઈ રહ્યા છે. ચૂંટણી પરિણામોને લઈને ઘણી પ્રતિજ્ઞાઓ માંગવામાં આવી હતી. તેવી જ રીતે છત્તીસગઢના એક વ્યક્તિએ ભાજપની તરફેણમાં પરિણામ મેળવવા માટે પોતાની આંગળી કાપીને દેવી માતાને અર્પણ કરી છે. મામલો છત્તીસગઢના બલરામપુર જિલ્લાનો છે, દીપડીહ ગામના રહેવાસી દુર્ગેશ પાંડે નામના વ્યક્તિએ પોતાના ડાબા હાથની તર્જની આંગળી કાપી નાખી હતી. તેણે તેને કાપીને મંદિરમાં અર્પણ કર્યું. જ્યારે તેમને પૂછવામાં આવ્યું તો તેમણે કહ્યું કે તેઓ ઈચ્છે છે કે ભાજપ ત્રીજી વખત સરકાર બનાવે. એટલા માટે તેણે પોતાની આંગળી કાપીને માતાને અર્પણ કરી અને ભાજપની જીત માટે પ્રાર્થના કરી હતી. આટલું જ નહીં દુર્ગેશે આંગળી કાપ્યા બાદ પૂજા પણ કરી અને પછી કપાયેલી આંગળી લઈને હોસ્પિટલ પહોંચ્યો. ડૉક્ટરે હોસ્પિટલમાં માણસની કપાયેલી આંગળીની સારવાર કરી. જો કે કપાયેલી આંગળીને ફરીથી જોડી શકાતી નથી, ઘાની સારવાર કરવામાં આવી હતી અને હવે તે રૂઝ આવવાની નજીક છે.

સૌથી આશ્ચર્યની વાત એ છે કે વ્યવસાયે ખેડૂત દુર્ગેશ ન તો ભાજપ સાથે સંકળાયેલો છે કે ન તો ભાજપનો સભ્ય છે, પરંતુ તે ભાજપના હિંદુત્વ વિચારોથી ઊંડો પ્રભાવિત છે. તેમણે લોકોને ભાજપ વિરુદ્ધ ચર્ચા કરતા સાંભળ્યા, કોંગ્રેસના નેતાઓ અને પ્રવકતાઓની વાત સાંભળીને તેઓ નિરાશ થઈ ગયા, ત્યારબાદ તેમણે માતાની પ્રાર્થના કરવાનું નક્કી કર્યું. ૪ જૂને પરિણામો આવ્યા, પરંતુ ૩ જૂને દુર્ગેશ દીપડીહના સામંત સરના એકલા ગયા. જ્યાં મા કાલી ની મૂર્તિ હાજર રહી પૂજા અર્ચના કરી હતી. દુર્ગેશે જણાવ્યું કે આ મંદિરમાં લોકોની ઊંડી શ્રદ્ધા છે અને તેમની મનોકામનાઓ પૂર્ણ થાય છે. આ જ કારણ છે કે મેં પણ અહીં એક ઈચ્છા કરી અને મારી ઈચ્છા પૂરી થઈ. જો ભાજપ ૪૦૦ને પાર કરી ગયો હોત તો મને વધુ આનંદ થયો હોત.

# કોડીનારની એસટી બસોના બોર્ડથી મુસાફરો મુંઝવણમાં



(અલ્તાફ મુગલ દ્વારા)

કોડીનાર તા.૧૦

કોડીનાર તાલુકામાં એસટીની સુવિધાઓ ખૂબ જ ઓછી છે. એ વાત હવે સામાન્ય થઈ ગઈ છે. પરંતુ જે રૂટોનુ સંચાલન થાય છે તે પણ ખૂબ જ આળસ સાથે થઈ રહ્યું છે. એસટી નિગમ દ્વારા એસટી બસોમાં એસટી બસની આગળ એક અને પાછળ એક એમ બે રૂટ બોર્ડ લગાવવામાં માટે વ્યવસ્થા કરી આપવામાં આવેલ છે.જેથી મુસાફરોને બસ ક્યાં રૂટની છે એ જાણવું સરળ થઈ જાય છે. પરંતુ કોડીનાર એસટી ડેપોમાં નિયમો નેવે મુકીને કામગીરી થઈ રહી છે. કોડીનાર ડેપોની બસોમાં રૂટ બોર્ડ લગાવવા, લાગેલા રૂટ બોર્ડ વ્યવસ્થિત રીતે વાંચી શકાય એ માટે બસોના કાચ પર લાગેલા બીનજરૂરી સ્ટીકરો દૂર કરવા. જે બસ જે રૂટની હોય એ જ રૂટ બોર્ડ એ બસમાં લગાવવા. વધારાના રૂટ બોર્ડ વર્કશોપમાં જમા કરાવવા. તથા રૂટ બોર્ડ ન હોય તો નવા રૂટ બોર્ડ બનાવવા. આવી તમામ બાબતો વિશે ડેપો મેનેજર કોડીનારને અનેક વખત રજૂઆત કરવામાં આવી છે. છતાં આ બાબત ગંભીરતાથી કોઈ જ ધ્યાન દેવામાં આવ્યું નથી. આજરોજ નવમી જુનને રવિવારના રોજ કોડીનાર ડેપોની **G.J.18 Z 6614** નંબરની બસ ઊના રેલવે ફાટક પાસે મળતા આ બસમાં પાછળના ભાગે કોડીનાર-વેરાવળ-કોડીનાર એવું બોર્ડ લગાડેલ હતું. જે બાબતની ટેલીફોનીક તથા લેખિત ફરીયાદ હરીભાઈ વાળાએ ડેપો મેનેજર કોડીનારને કરેલ છે. તથા એસટી નિગમના નિયમ મુજબ ફરજ પરના કૃ ને દંડાત્મક કાર્યવાહી કરવા માટે વિનંતી કરી છે. શું કાર્યવાહી થાય એ તો સમય જ બતાવશે.

# ખંભાળિયાની ઘી નદીમાં ગાંડી વેલમાં આગ લાગી



(પ્રતિનિધી દ્વારા)

જામ ખંભાળિયા, તા.૧૦

ખંભાળિયાના રામનાથ વિસ્તારમાં ગઈકાલે રવિવારે સાંજે ઘી નદીમાં રહેલી ગાંડી વેલમાં આગ લાગી હતી. જેને ફાયર વિભાગે બુઝાવી દીધી હતી. આ અંગે જાણવા મળતી વિગત મુજબ ખંભાળિયાના પાદરમાં રામનાથ વિસ્તારમાંથી પસાર થતી ઘી નદીમાં છેલ્લા ઘણા સમય વર્ષોથી ગાંડી વેલનું સામ્રાજ્ય છે. હાલ ઘી નદી મહદ અંશે ખાલીખમ્મ હોય, તેમ છતાં પણ અહીં ગાંડી વેલનું લીલું સામ્રાજ્ય જોવા મળી રહ્યું છે.

અહીંના રામનાથ વિસ્તારમાં આવેલી એક શાળા નજીકથી પસાર થતી ઘી નદીમાં રહેલી સૂકી ગાંડી વેલમાં રવિવારે સાંજે આગ લાગી હોવા અંગેની જાણ સ્થાનિકો દ્વારા નગરપાલિકાને કરવામાં આવતા આ અંગે ફાયર વિભાગને જાણ કરવામાં આવી હતી. જેને અનુલક્ષીને ફાયર અધિકારી મિતરાજસિંહ પરમારની સૂચના મુજબ ફાયર સ્ટાફના હરજુગ ગઢવી, શિવરાજસિંહ, જયપાલસિંહ, નિમેષભાઈ વિગેરે ફાયરની ટીમના જવાનોએ ફાઈટર સાથે દોડી જઈ અને પાણીનો મારો ચલાવી આગ પર કાબુ મેળવ્યો હતો.આ વચ્ચે મહત્વની બાબત તો એ છે કે છેલ્લા ઘણા વર્ષોથી મહત્વની એવી ઘી નદીમાં દર વર્ષે અવિરત રીતે ગાંડી વેલનું સામ્રાજ્ય છવાઈ જાય છે. જેના કારણે ગંદકી અને દુર્ગંધના સામ્રાજ્ય સાથે આ પાણી સંપૂર્ણપણે બિન ઉપયોગી બની રહે છે. નગરપાલિકા દ્વારા અગાઉ ટેન્ડરીંગ તેમજ કોન્ટ્રાક્ટની કામગીરી કરવામાં આવી હતી. પરંતુ આ તમામ બાબતનું પરિણામ શૂન્ય આવ્યું હતું અને ગાંડી વેલનું સામ્રાજ્ય સંપૂર્ણપણે પણ બરકરાર રહ્યું છે. ત્યારે વ્યક્ત કરાતી એક આશંકા મુજબ આ ગાંડી વેલના નિકાલ માટે આગ કોઈએ જાણી જોઈને આગ લગાવી હોય તેવું પણ બની શકે. નગરપાલિકા તંત્ર આ વેલના નિકાલ માટેની કામગીરીમાં સંપૂર્ણપણે નિષ્ફળ નીવડ્યું છે. ત્યારે ગઈકાલની આ આગના કારણે અહીં રહેલા જીવો, સરિશ્રુપો પણ ભોગ બન્યા હોય તેવી શંકા વ્યક્ત કરવામાં આવી રહી છે. આ આગ હાલ તો કાબુમાં આવી ગઈ છે. પરંતુ શહેર તેમજ ઘી નદીના વર્ષો જૂના આ યક્ષપ્રશ્નનું નિરાકરણ ચોમાસું જામે તે પૂર્વે થવું અનિવાર્ય છે.

# સોમનાથના પવિત્ર ત્રિવેણી સંગમ ખાતે ગંગા દસહેરા મહાપર્વનું આયોજન





(ફાઈલ તસ્વીર)

(પ્રતિનિધી દ્વારા)

પ્રભાસ પાટણ તા.૧૦

ભગીરથે ઉગ્ર તપસ્યા કરી ગંગાને પ્રસન્ન કરી ભારતભૂમિ ઉપર અવતરણ કર્યુ એ પાવનકારી તિથી એટલે ગંગા દશેરા.

આ દિવસે ગંગામાતાના દર્શન અને આરતીનું અનેરૂ મહાત્મ્ય છે. અને આપણી નદીઓને માતાનો દરજજો અપાયો છે. સાથો સાથ શ્રધ્ધાળુઓ ભાવિકોની માન્યતા અનુસાર ગંગા દશેરાએ ભારતના નદી, સરોવર, તળાવ, કુવા સહિત તમામ જળાશયોમાં સ્વયં ગંગાજી સ્વરૂપ જ હોય છે.

સોમનાથ ટ્રસ્ટ પ્રતિવર્ષ પ્રભાસ ક્ષેત્રના હિરણ, કપિલા અને સરસ્વતી નદીઓનું સમુદ્ર સાથે જયાં સંગમ થાય છે તે પવિત્ર ત્રિવેણી સંગમે ગંગા દશેરા ઉજવે છે. ભક્તિમય ઉજવાતા આ કાર્યક્રમમાં ગંગા માતાના અવરણની પુજા, ગંગા લહેરી સ્ત્રોતના પઠન, ત્રિવેણી માતાની શાસ્ત્રોકત વિધિવિધાન સાથે પુજા, સમુહમાં સંધ્યા મહાઆરતી, ભકતોને પ્રસાદ વિતરણ સહિતના કાર્યક્રમો યોજાય છે. આ કાર્યક્રમ પુર્વે ત્રિવેણી સંગમે નદીના પાણીની સ્થિતી , નદીના પટની સ્થીતી અને અન્ય આયોજનો અંગે નિરીક્ષણ વ્યવસ્થાઓ ગોઠવવામાં આવી છે જે પુર્ણ થતાં વિધીવત કાર્યક્રમ જાહેર કરાશે.

# ખંભાળિયામાં મહારાણા પ્રતાપની જન્મ જયંતીની વિશિષ્ટ ઉજવણી કરાઈ





(પ્રતિનિધી દ્વારા)

જામ ખંભાળિયા, તા.૧૦

વીર પુરુષ અને અડીખમ યોદ્ધા મહારાણા પ્રતાપજીની ૪૮૫ ની જન્મ જયંતીની વિશિષ્ટ ઉજવણીના ભાગરૂપે ખંભાળિયા રાજપૂત સેવા સમાજ દ્વારા ગઈકાલે રવિવારે અહીંના જામનગર હાઈવે પર આવેલી આઈ.ટી.આઈ.ની સામે મહારાણા પ્રતાપજીની પ્રતિમા પાસે ઉજવણીનો કાર્યક્રમ યોજાયો હતો.

જેમાં સવારે અહીંના ક્ષત્રિય અગ્રણી તેમજ જિલ્લા પંચાયત તથા માર્કેટિંગ યાર્ડના પી.એસ. જાડેજાના હસ્તે પૂજા તેમજ પુષ્પાંજલિ કાર્યક્રમ સાદગીપૂર્વક યોજાયો છે.

આ સાથે રાજકોટ ટી.આર.પી. ગેમ ઝોન દુર્ઘટનામાં મૃત્યુ પામેલા હતભાગીઓના માનમાં બે મિનિટનું મૌન પાડી, મૃતકોને શ્રદ્ધાસુમન અર્પણ કરવામાં આવ્યા હતા. આ આયોજનમાં અહીંના રાજપૂત સમાજના પ્રમુખ ચંદ્રસિંહ જાડેજા, ક્ષત્રિય અગ્રણી ભીખુભા ગોપાલજી જાડેજા, ભાવસંગ ગુલાબસિંહજી જાડેજા, ઈન્દ્રજીતસિંહ પરમાર, માનભા જાડેજા, હરપાલસિંહ સહિતના ક્ષત્રિય આગેવાનો, કાર્યકરો તથા હોદ્દેદારો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

# તુલસીશ્યામમાં પવન સાથે ધોધમાર વરસાદ વરસ્યો



(નવીન જોષી દ્વારા)

ઉના તા.૧૦

ગઈકાલે સવારે સખત બફારો અને વાદળિયું વાતાવરણ હતું અને બપોર ના ત્રણ પછી ઊના શહેર મા ધીમી ધારે વરસાદ શરૂ થયો હતો. તેમજ ઊના ના ગીર ગઢડા તાલુકાના મધ્ય ગીર મા આવેલ તુલશી શ્યામ મા ધોધમાર પવન સાથે વરસાદ શરૂ થયો હતો એકઈંચ વરસાદ નોંધાયો હતો. તેમજ નગડિયા , જશાધાર, ધોકડવા, ભાચાં વિગેરે ગામોમાં એક ઈંચ વરસાદ વરસી ગયો હતો વાતાવરણ મા ઠંડક પ્રસરી ગઈ છે. ઊના મા સખત બફારો થઈ

# જુનાગઢ લોકસભાનાં સાંસદ રાજેશ ચુડાસમાનાં પ્રયત્નો દ્વારા ભાવનગર - વેરાવળ ડેઈલી ટ્રેન વડાલ, શાપુર અને લુશાળા રેલ્વે સ્ટેશન પર સ્ટોપ થશે



(પ્રતિનિધી દ્વારા)

પ્રાચી તીર્થ તા.૧૦

જેમનાં હૈયે પ્રજાનું હીત છે તેવાં જુનાગઢ લોકસભાનાં યુવા સાંસદ શ્રી રાજેશભાઈ ચુડાસમાનાં અથાગ પ્રયત્નોથી રેલયાત્રિકોની સુવિધા માટે રજુઆત કરેલ જે રજુઆતને રેલ્વે વિભાગ ધ્વારા માન્ય રાખી ભાવનગર - વેરાવળ–ભાવનગર દૈનિક ટ્રેન ૦૯૫૬૬/ ૦૯૫૬૭ આગામી તા .૦૯ જુન ( રવિવાર ) થી વડાલ , શાપુર અને લુશાળા રેલવે સ્ટેશન ઉભી રહેશે . - જેની વિગત જોઈએ તો ભાવનગર થી વેરાવળ જતી ડેઈલી ટ્રેન નં – ૦૯૫૬૬ વડાલ રેલવે સ્ટેશન ઉપર સવારે – ૦૯:૦૦ વાગ્યે આવશે અને સવારે ૦૯:૦૧ વાગ્યે ઉપડશે અને શાપુર રેલ્વે સ્ટેશન ઉપર સવારે ૦૯:૩૩ વાગ્યે આવશે.અને સવારે ૦૯:૩૪ વાગ્યે ઉપડશે તેમજ લુશાળા રેલ્વે સ્ટેશન ઉપર સવારે ૦૯:૪૭ વાગ્યે આવશે.અને સવારે ૦૯:૪૮ વાગ્યે ઉપડશે.આવી જ રીતે વેરાવળ થી ભાવનગર જતી ડેઈલી ટ્રેન નં - ૦૯૫૬૭ લુશાળા રેલ્વે સ્ટેશન ઉપર બપોરે ૦૩:૫૦ વાગ્યે આવશે અને ૦૩:૫૧ વાગ્યે ઉપડશે અને શાપુર રેલ્વે સ્ટેશન ઉપર બપોરે ૦૪:૦૧ વાગ્યે આવશે.અને બપોરે ૦૪:૦૨ વાગ્યે ઉપડશે તેમજ વડાલ રેલ્વે સ્ટેશન ઉપર બપો રે ૦૪:૨૯ વાગ્યે આવશે.અને ૦૪:૩૦ વાગ્યે ઉપડશે . આમ મુસાફરોના હીતમાં સાંસદ શ્રી રાજેશભાઈ ચુડાસમા ધ્વારા ખૂબ જ આવકારદાયક કામગીરી કરવામાં આવી છે.આ રેલ્વે સ્ટોપથી રેલ્વેની આવકમાં વધારો થશે.મુસાફરો વધુમાં વધુ રેલ્વેની સેવાનો લાભ મેળવી શકશે.

(તસ્વીર : જાદવ ચુડાસમા)

# ગીરગઢડાના ભેભા ગામે રસ્તે ચાલવા બાબતે થયેલ હુમલામાં વધુ એકનું સારવાર દરમ્યાન મોત થતા બનાવ ડબલ મર્ડરમાં ફેરવાયો



(નવીન જોષી દ્વારા)

ઉના તા.૧૦

ઊના ના ગીર ગઢડા તાલુકાના ભેભા ગામે ગત તારીખ ૩/૬ના રોજ અગાઉ ખેતર માં રસ્તે ચાલવા બાબતે કરશન ભાઈ નાનું ભાઈ પરમાર અને શેઢા પાડોશી રામ ભાઈ ભીખા ભાઈ શિંગડ રે. ડમસા વચ્ચે બોલા ચાલી થઈ હતી તે તેમજ ૨૦વરસ પહેલા રામ ભાઈ ના પિતા ભીખા ભાઈ શિંગડ નું ખૂન થયું હતું જેમાં આરોપી તરીકે કરશન ભાઈ નાનું ભાઈ પરમાર અને હરેશ લાખ સોલંકી આરોપી તરીકે હતા પરંતુ કોર્ટ ના ચુકાદા મા બન્ને નિર્દોષ છુટેલ હતા તે થી ખૂન કા બદલા ખૂન નું વેર રાખી મૂળ ભેભાં અને હાલ ડમાસા ગામે રહેતા રામ ભીખા ભાઈ શિંગડ, શૈલેષ બાલુ શિંગડ, હરેશ બાલુ શિંગડ, ઘુઘા બોઘા શિંગડા સહિત ચાર લોકો એ જીવ લેણ હથિયાર લઈ પ્રથમ કરશન ભાઈ નાનું ભાઈ પરમાર ઉપર હુમલો કરતા સ્થળ ઉપર મૃત્યુ થયું હતું અને ત્યાર બાદ હરેશ ભાઈ લાખા ભાઈ સોલંકી ને ત્યાં જઈ હુમલો કરતા તેમને બચાવવા માટે તેમના પત્ની લાભુ બેન હરેશ ભાઈ સોલંકી ની ઉપર હુમલો કરતા બન્ને ને ગંભીર ઈજાઓ પહોંચી હતી તેમને તુરંત ઊના અને વધુ સારવાર માટે ભાવનગર હોસ્પિટલે ખસેડવામાં આવ્યા હતા. ગીર ગઢડા પોલીસ મા ચાર લોકો સામે ફરિયાદ હરેશ ભાઈ સોલંકી એ નોંધાવી હતી અને પોલીસે ચાર આરોપી ને પકડી લીધા હતા હાલ જેલ મા છે. જેમાં ફરિયાદી હરેશ લાખ સોલંકી નું સારવાર દરમિયાન મૃત્યુ થયું હતું. અને આ બનાવ ડબલ મર્ડર કેસમાં ફેરવાઈ ગયો હતો.

# કુરંગા વિસ્તારમાં મહિલા સશક્તિકરણઃ હસ્તકલા અને સીવણની વિના મૂલ્યે તાલીમ અપાઈ





(પ્રતિનિધી દ્વારા)

જામ ખંભાળિયા, તા.૧૦

દેવભૂમિ દ્વારકાના કુરંગા સ્થિત આર.એસ.પી.એલ. (ઘડી) કંપની દ્વારા સામાજિક સેવાકીય પ્રવૃતિઓ (સી.એસ.આર.) ના ભાગરૂપે મહિલા સશકિતકરણ માટે હસ્તકલા અને સીવણ માટેના ૧૫ દિવસીય તાલીમ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આર.એસ.પી.એલ. વેલ્ફેર ફાઉન્ડેશન અને દ્વારકા ગ્રામ્ય વિકાસ ટ્રસ્ટ દ્વારા મહિલાઓના કૌશલ્યના વિકાસની સાથે આત્મસન્માન અને આત્મનિર્ભરતા વધારવા માટેનું એક મહત્વપૂર્ણ પગલું બની રહ્યું હતું. દ્વારકા નજીકના કુરંગા ખાતે આવેલી આર.એસ.પી.એલ. ઘડી કંપની દ્વારા સી.એસ.આર. **(RSPL Welfare Foundation)** અને ગ્રામ્ય વિકાસ ટ્રસ્ટના સયુંકત ઉપક્રમે કુરંગા ગામ ખાતે મહિલાઓ સશક્ત અને આત્મનિર્ભર બને તે હેતુથી તા. ૧૭ મે થી તા. ૩ જૂન સુધી સતત ૧૫ દિવસીય હસ્તકલા અને સીવણ માટે નો તાલીમ કાર્યક્રમ યોજાયો હતો. જેમાં મહિલાઓને હસ્તકલા અને સીવણ કામના વિવિધ પાસાઓમાં કૌશલ્ય પ્રદાન થાય તે માટેના આ આયોજનમાં અનુભવી ટ્રેનર્સ દ્વારા ઉચ્ચ ગુણવત્તાની તાલીમ આપવામાં આવી હતી. મહિલાઓને આર્થિક અને સામાજિક રીતે સશક્ત કરવા માટે યોજવામાં આવેલા આ તાલીમ કાર્યક્રમ દ્વારા મહિલાઓને આર.એસ.પી.એલ. વેલ્ફેર ફાઉન્ડેશન અને ગ્રામ્ય વિકાસ ટ્રસ્ટ દ્વારા કૌશલ્યો પ્રદાન કરવામાં આવ્યા હતા. જેનાથી મહિલાઓ આત્મનિર્ભર બની અને તેમના પરિવારની આર્થિક સ્થિતિ સુધારવા માટે સક્ષમ બનશે. આ કાર્યક્રમના અંતે સંપૂર્ણ તાલીમ લેનાર મહિલાઓને પ્રશંસાપત્ર એનાયત કરવામાં આવ્યા હતા. આ મહત્વની તાલીમ વિના મૂલ્યે મેળવનાર તમામ મહિલાઓએ બંને સંસ્થાનો આભાર વ્યક્ત કર્યો હતો.

# પ્રાંચી મુકામે સમગ્ર શિક્ષા -ગીર સોમનાથ દ્વારા 'સક્ષમ શાળા' તાલીમ આયોજન





(પ્રતિનિધી દ્વારા)

પ્રાચી તીર્થ તા.૧૦

સમગ્ર શિક્ષા ગીર સોમનાથ દ્વારા પ્રાંચી મુકામે તા . ૬,૭ જુન –૨૦૨૪ ના રોજ ૨ દિવસીય નિવાસી 'સક્ષમ શાળા ' તાલીમનું આયોજન કરવામાં આવેલ હતું.જેમાં જિલ્લાના તમામ બીઆરસીકો.ઓડિ નેટરશ્રીઓ , ટીઆરપીશ્રીઓ અને સીઆરસી કો.ઓર્ડિનેટરો જોડાયા હતા. તાલીમના પ્રથમ દિવસે જિ.પ્રા.શિ. / ડીપીસી એ.એચ. પટેલ તેમજ નાયબ જિ.પ્રા.શિ. એન.ડી. અપારનાથી દ્વારા વગ ની મુલાકાત લઈ યોગ્ય માર્ગદશન આપવામાં આવ્યું ૨ દિવસીય નિવાસી તાલીમ દરમ્યાન સક્ષમ શાળાને લગતી તમામ બાબતોની ઝીણવટ પૂર્વક ચર્ચા તજજ્ઞશ્રીઓ દ્વારા કરવામાં આવી તેમજ બીજા દિવસે સક્ષમ શાળા અંર્તગત વાસાવડ પ્રા.શાળાની રૂબરૂ મુલાકાત લઈ એપ આધારિત ફોર્મ ભરવા બાબતે પ્રેકિટકલ જાણકારી આપવામાં આવેલ. તાલીમનું તમામ સંચાલન જિલ્લાના કયુયુઈએમ શાખાના કો.ઓર્ડિનેટરશ્રી પ્રવિણભાઈ મેર તેમજ વેરાવળ બીઆરસી સંદિપભાઈ સોલંકી દ્વારા કરવામાં આવેલ હતું.

(તસ્વીર : જાદવ ચુડાસમા)


## નામ બદલાવેલ છે

આથી હું નીચે સહી કરનાર જણાવું છું કે, મારૂ જુનું નામ **જસમીન રસીકલાલ રામાણી** હતું. જે બદલીને હવેથી મેં મારૂ નવું નામ **જસમીનભાઈ રસીકભાઈ રામાણી** રાખેલ છે. જેની લાગતા વળગતાઓએ નોંધ લેવી.

: સરનામું :

**જસમીનભાઈ રસીકભાઈ રામાણી**

બ્લોક નં. ૧૦, પ્રેરણાપાર્ક-૨, ખલીલપુર રોડ,

જોષીપરા, જૂનાગઢ - ૩૬૨૦01

## નામ બદલાવેલ છે

આથી હું નીચે સહી કરનાર જણાવું છું કે, મારૂ જુનું નામ **જયદેવ મિનેશભાઈ કામાણી** હતું. જે બદલીને હવેથી મેં મારૂ નવું નામ **જયદેવ મિનેશકુમાર કામાણી** રાખેલ છે. જેની લાગતા વળગતાઓએ નોંધ લેવી.

: સરનામું :

**જયદેવ મિનેશકુમાર કામાણી**

બ્લોક એ, ક્રિષ્નાપાર્ક એપાર્ટમેન્ટ, પટેલ મીલ કમ્પાઉન્ડ,

આંબાવાડી, કેશોદ - ૩૬૨૨૨૦

જૂનાગઢ શહેરમાં સક્કકરબાગ નજીક રામદેવપરા વિસ્તારમાં ગત રાત્રે બનેલી ઘટના

# માત્ર રૂ. ૫૦૦ માટે યુવાનની છરીનાં ઘા ઝીંકી કરપીણ હત્યા



જૂનાગઢ તા. ૧૦

માત્ર રૂ. ૫૦૦ જેવી નજીવી બાબતે જૂનાગઢ શહેરમાં સકકરબાગ નજીક આવેલ રામદેવપરા વિસ્તારમાં ૨૯ વર્ષનાં યુવાનની છરીના ઘા ઝીંકી કરપીણ હત્યા કરવામાં આવતાં ખળભળાટ મચી ગયો છે.

આ બનાવની પ્રાપ્ત વિગત મુજબ સંજય મકવાણા નામનો યુવાન તેનાં ઘરની બહાર હતો ત્યારે તેની પાડોશમાં રહેતા દેવા ચૌહાણ નામના શખ્સે તેની પાસેથી રૂા. ૫૦૦ની માંગણી કરી હતી. જે આપવાની સંજયે ના પાડતાં દેવાએ સંજય ચૌહાણ ઉપર છરી વડે હુમલો કર્યો હતો. ગંભીર ઈજા થતાં સંજય મકવાણા ઘટના સ્થળે જ ઢળી પડયો હતો. તેને તત્કાલ સીવીલ હોસ્પીટલમાં ખસેડવામાં આવતાં ફરજ ઉપરનાં ડોકટરોએ તેને મૃત જાહેર કર્યો હતો. આમ રૂા. ૫૦૦ જેવી નજીવી બાબતે યુવાનની હત્યા થતાં ૪ બાળકોએ પિતાની છત્રછાયા ગુમાવી છે. આ બનાવની જાણ થતાં જૂનાગઢ પોલીસ ઘટના સ્થળે ઘસી ગઈ હતી. અને એ ડીવીઝન પોલીસ સ્ટેશનમાં આઈપીસી ૩૦૨ મુજબ હત્યાનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરવામાં આવી છે. આ બનાવ અંગે મૃતક સંજય મકવાણાનાં ભાઈ અરવિંદ મકવાણાએ જણાવ્યું હતું કે તેમનાં ઘરની સામે રહેતા દેવા ચૌહાણ નામનાં શખ્સે તેનાં મોટા ભાઈ સંજય મકવાણાને રૂા. ૫૦૦ નહી આપવાની બાબતે છરીનાં ઘા ઝીંકી દીધા હતાં. અને તેની હત્યા કરી નાંખી હતી. હત્યા કર્યા બાદ દેવા ચૌહાણ નાશી છુટયો હતો. જેને ઝડપી લેવા માટે પોલીસ ટીમો કાર્યવાહી કરી રહી છે.

# ભવનાથમાં ફરી પ્રતિબંધિત પ્લાસ્ટીકની ચીજવસ્તુઓનું છાનેખુણે વેંચાણ

## મનપા, પોલીસ, વન વિભાગે થોડા દિવસ ચેકિંગ બંધ રાખ્યા બાદ અચાનક તપાસ કરતા ચારથી વધુ વેપારીઓ દંડાયા

(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૧૦

જૂનાગઢના ભવનાથ તળેટીમાં થોડા સમય પ્લાસ્ટીક ચેકિંગની કાર્યવાહી બંધ રહ્યા બાદ છાનેખુણે પ્લાસ્ટીકની બોટલો સહિતની અનેક પ્લાસ્ટીક પેકિંગની ચીજવસ્તુઓનું વેંચાણ શરૂ થઈ ગયું હતું. આ બાબત તંત્રને ધ્યાને આવતા મનપા, પોલીસ, વનતંત્ર સહિતનો કાફલો ભવનાથમાં ચેકિંગ હાથ ધર્યુ હતું. જેમાં પ્લાસ્ટીકના પેકિંગ વાળી ગુલ્ફી સહિતની ચીજવસ્તુઓ પકડાતા વેપારીઓને દંડ ફટકારાવમાં આવ્યો હતો. ગિરનાર વિસ્તાર ઈકો સેન્સેટીવ ઝોન હોય ભવનાથમાં પ્લાસ્ટીક પ્રતિબંધ છે. થોડા સમય પહેલા આ કાયદાની તંત્રએ કડક અમલવારી કરાવતા ભવનાથમાં પ્લાસ્ટીક પેકિંગની ચીજવસ્તુઓનું વેંચાણ બંધ થઈ ગયું હતું. ભવનાથમાં પ્લાસ્ટીક જતું અટકાવવા માટે અશોક શિલાલેખ નજીક પ્લાસ્ટીક ચેકિંગ માટેની ચેકપોસ્ટ પણ શરૂ કરી હતી. હાલ અશોક શિલાલેખ પાસે રસ્તાનું ખોદકામ ચાલતું હોવાથી ચેકપોસ્ટ બંધ જેવી હાલતમાં હોવાથી ફરી ભવનાથમાં પ્લાસ્ટીક પેકિંગની વસ્તુઓ ઘુસવા માંડી હતી. અમુક દુકાનદારો છાનેખુણે પ્લાસ્ટીકની બોટલ, પ્લાસ્ટીક પેકિંગમાં આવતી ગુલ્ફી સહિતની અનેક ચીજવસ્તુઓનું ઉંચા ભાવ લઈ વેંચાણ શરૂ કરી દીધું હતું. આ અંગે મનપાએ ભવનાથ વિસ્તારમાં ફરી અગાઉની જેમ ચેકિંગનો દોર શરૂ કર્યો હતો. જેમાં ચારથી વધુ દુકાનદારોને ત્યાં પ્રતિબંધીત પ્લાસ્ટીક પેકિંગની ગુલ્ફીનું વેંચાણ કરવામાં આવતું હતું તે ધ્યાને આવતા દુકાનદારોને દંડ ફટકારવામાં આવ્યો હતો.

# જૂનાગઢ મનપાના અધિકારીને દુષ્કર્મના કેસમાં ફસાવી દેવાની ધમકી આપી રૂા. ૨૦ લાખની માંગ કરી

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૧૦

ચામડી ઉપરનો રોગ બતાવવાનું કહી અશ્લીલ વિડિયો ઉતારી અને દુષ્કર્મના કેસમાં ફસાવી દેવાની ધમકી આપી જૂનાગઢ મનપાના અધિકારી પાસે રૂા. ૨૦ લાખની માગણી કરી હોવાની ફરિયાદ થતાં પોલીસે મહિલા સામે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી હતી. જૂનાગઢ મહાનગરપાલિકામાં નોકરી કરતા અને શહેરના રાયજીબાગ વિસ્તારમાં રહેતા અધિકારીએ બી ડિવિઝન પોલીસ સ્ટેશનમાં નોંધાવેલી ફરિયાદની વિગતો એવી છે કે, ગત તા. ૨૨ એપ્રિલના રોજ સવારે ૧૧ થી ૧૨ વાગ્યાના અરસામાં જેતપુરની એક આધેડ મહિલાએ મનપાના અધિકારી સાથે ઓળખાણ કરી પોતાના આધાર કાર્ડ તેમજ સરકારી કામોમાં મદદ કરવાનું કહી અધિકારી સાથે સંબંધો કેળવ્યા હતા. આ પછી મહિલાએ ચામડીના રોગની દવા દેશી ઓસડિયા આપવા માટેનું કહી વિડીયો કોલ કરાવી અને અધિકારીને કપડા ઉતારવાનું અને ન્યૂડ હાલતમાં શરીર ઉપરના ચામડી પરનો રોગ બતાવવાનું કહ્યું હતું. જેથી અધિકારીએ એ પ્રમાણે કરતા મહિલાએ પોતાના મોબાઈલમાં ન્યુડ વિડિયો રેકોર્ડિંગ કરી કામના બહાને અધિકારીને મનપા કચેરી ખાતે મળવા પહોંચી હતી. અને કચેરીની ચેમ્બરમાં બે વખત દુષ્કર્મ આચરી અને ન્યુડ થઈ વિડિયો કોલથી વાત કર્યાની અરજી મહિલાએ મનપાના અધિકારી વિરુદ્ધની અરજી પોલીસ સ્ટેશનમાં આપી તેમાં સમાધાન કરવા માટે અલગ અલગ વ્યક્તિઓ મારફત તેમજ પોતે રૂબરૂ અધિકારી પાસે પ્રથમ રૂપિયા ૧૪ લાખ બાદમાં રૂપિયા ૩૦ લાખની માગણી કરી દુષ્કર્માના ખોટા કેસમાં ફસાવી દેવાની ધમકી આપી હતી. અને છેલ્લે મનપાના અધિકારી પાસે બળજબરીથી રૂપિયા ૨૦ લાખ કઢાવવાની કોશિશ કરી હતી. આ મતલબની ફરિયાદ મનપાના અધિકારીએ રવિવારે કરતા બી ડિવિઝન પોલીસે મહિલા સામે આઈપીસીની કલમ ૩૮૯ મુજબ ગુનો નોંધીને વધુ તપાસ હાથ ધરી હતી. આ બનાવથી મનપા કચેરી વર્તુળમાં ચકચાર મચી ગઈ છે.

# જૂનાગઢના માંગનાથ રોડના ૮થી વધુ વેપારીઓને બીયુ મામલે મિલકત સીલ કરવાની નોટિસ આપતા રોષ

(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૧૦

જૂનાગઢના માંગનાથ રોડ ઉપરના ૮થી વધુ વેપારીઓને બીયુ સર્ટિફિકેટ મામલે બાંધકામ સીલ કરવાની મહાનગરપાલિકા દ્વારા નોટીસ આપવામાં આવતા વેપારીઓમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. આ અંગે વેપારીઓએ જણાવ્યું હતું કે, માંગનાથ રોડ પરની અનેક બિલ્ડીંગો જૂની પુરાની હતી જેને રિનોવેશન કરાવી ગોડાઉન તરીકે ઉપયોગ કરાય છે. ત્યારે બાંધકામ વપરાશ પ્રમાણપત્ર (બીયુ) વગર બિલ્ડીંગનો કોમર્શિયલ વપરાશ કરાતો હોય, અકસ્માત થાય તો અંદર જવા તેમજ બહાર આવવા માટેના યોગ્ય માર્ગની વ્યવસ્થા કરવામાં આવેલ ન હોય,કોમર્શિયલ વપરાશમાં અકસ્માત થાય તો તેના નિવારણ અર્થે કોઈ યોગ્ય વ્યવસ્થા કરવામાં આવી નહોવાનું જણાવી મહાનગરપાલિકાના સિનીયર ટાઉન પ્લાનરે આ બિલ્ડીંગોનો વપરાશ બંધ સીલ કરવામાં આવશે તેવી નોટીસ પાઠવી છે. અચાનક પાઠવેલી નોટીસથી વેપારીઓમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે.વેપારીઓએ જણાવ્યું હતું કે, આ બાંધકામોનો મોટાભાગે ગોડાઉન તરીકે ઉપપોગ કરાય છે. આ બાંધકામો કોમર્શિયલમાં નથી, પરંતુ રેસીડેન્સમાં ગોડાઉન તરીકે ઉપયોગ કરાય છે. ત્યારે બીયુ સર્ટિ મામલે સીલ મારવાની નોટીસથી વેપારીઓમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. એક વેપારીએ જણાવ્યું હતું કે, વેપારીઓને થતી કનડગત મામલે એક દબંગ ગણાતા નેતાને રજૂઆત કરી હતી. ત્યારે નેતાજીએ પણ જણાવ્યું હતું કે, બહું બહું તો હું સીલ મારવાની મુદતમાં થોડો વધારો કરાવી શકું. બાકી આ કમિશનર બહુ કડક છે, કોઈનું માનતા કે રાખતા નથી. તમે કમિશનરને રજૂઆત કરો. ત્યારે વેપારીઓએ કહ્યું હતું કે, અમે તમને(કોર્પોરેટર, ધારાસભ્ય, સાંસદને) મત આપીએ છીએ, કમિશનરને નહિ. માટે અમે તો તમને જ કહિએ ને? હાલ લગ્નગાળાની સીઝન ખુલવાની છે ત્યારે જ ૮થી વધુ વેપારીઓને બીયુ મામલે મિલકત સીલ કરવાની નોટીસ અપાતા વેપારી આલમમાં રોષની લાગણી ફેલાઈ છે.

# વંથલી માર્કેટીંગ યાર્ડ કેરીથી ઉભરાયું : ગત વર્ષ કરતા ૨૧ દિવસ વહેલી કેરીની સીઝન પૂર્ણ



(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૧૦

તાલાલા ગીરમાં હવે કેરીની સીઝન અંતિમ તબક્કામાં છે અને ગત વર્ષ કરતા સીઝનના દિવસોમાં ઘટાડો થઈ શકે છે. તાલાલા માર્કેટીંગ યાર્ડમાં એક માત્ર કેરીની હરરાજી જ થાય છે અને અહીંયા શરૂઆતમાં કેરીની ઓછી આવક થયા બાદ સમય જતાં આવકમાં સતત વધારો જોવા મળતો હોય છે જો કે આ વર્ષે બદલાતા વાતાવરણના લીધે આવકમાં ઘટાડો નોંધાયો છે. વાત કરીએ ગત વર્ષની તો કેરીની સીઝન ૬૩ દિવસ સુધી ચાલી હતી અને આ વર્ષે માત્ર ૪૮ દિવસમાં જ હરરાજી બંધ થઈ જશે અને હાલ એગ્રોના વેપારીઓ પણ નાની કેરીની ખરીદી કરવા માટે આવ્યા હોવાનું જાણવા મળી રહ્યું છે.૭ જૂન સુધી માં કેરીની આવકની વાત કરીએ તો ૫૭૨૭૧૦બોક્ષની આવક નોંધાઈ હતી જ્યારે ગત વર્ષે આટલા દિવસમાં ૯૬૧૯૮૦ બોક્ષની આવક થઈ હતી. ગત વર્ષ અને આ વર્ષના ભાવના તફાવતની વાત કરીએ તો ગત વર્ષ કરતા ૩૨૫ રૂપિયાનો તફાવત જોવા મળ્યો છે આ વર્ષે સરેરાશ ભાવ ૭૧૦ ની આસપાસ જોવા મળ્યા હતા. તાલાલા બાદ હવે વંથલી, કેશોદ પંથકમાં કેરીની સીઝન શરૂ થઈ છે અને વંથલી મેંગો માર્કેટમાં કેરીની સારી એવી આવક જોવા મળી રહી છે.

# જૂનાગઢ શહેરમાં મહતમ ૪૧.૪ ડિગ્રી તાપમાન નોંધાયું

(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૧૦

જૂનાગઢ શહેરમાં રાત્રિ, સવારનું તાપમાન યથાવત રહ્યા બાદ રવિવારની બપોરે મહતમ વધીને ૪૧.૪ ડિગ્રીએ પહોંચી જતા લોકો કાળઝાળ થઈ ગયા હતા. ગુરૂવારથી નવેસરથી સતત તાપમાનનો પારો ઉપર ચડી રહ્યો છે. શનિવારની રાત્રે ૩૦ ડિગ્રી તાપમાન રહ્યા પછી રવિવારની સવારે લઘુતમ તાપમાનનો પારો ૨૮.૫ ડિગ્રીએ સ્થિર થયો છે. સવારે વાતાવરણમાં પલટો ૭૮ ટકા રહ્યું હતું. આ સ્થિતિ સતત બીજા દિવસે યથાવત રહેતા સવારથી જ લોકોની મુશ્કેલી વધી ગઈ હતી. પ્રિમોનસુન એકટીવીટી વચ્ચે શનિવારે મહતમ તાપમાનનો પારો ૪૦.૫ ડિગ્રી રહ્યા પછી રવિવારની બપોરે તાપમાન ભારે વધારા સાથે ૪૧.૪ ડિગ્રી નોંધાયું છે. અને વાતાવરણમાં ભેજનું પ્રમાણ પણ ઘટીને ૩૪ ટકા થઈ ફરી ગરમીનું મોજુ ફરી વળ્યુ હતું. રવિવારે સવારથી શરૂ થયેલી ગરમીની સાથે ૯.૫ કિલોમીટરની ઝડપે ગરમ પવન ફૂંકાતા આકાશમાંથી અંગ દઝાડતી લુ વર્ષા થઈ હતી. આમ રવિવારે પણ આકરી ગરમી રહેતા લોકોની રજાની મજા બગડી ગઈ હતી.

# નાનીખોડિયારમાં જુગાર દરોડો, ૪ મહિલા સહિત ૭ શખ્સ ઝબ્બે

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૧૦

મેંદરડા પંથકના મોટી ખોડીયાર ગામે બી.એસ.એન.એલના ટાવર પાસે જુગાર ચાલતો હોવાની બાતમીના આધારે પોલીસે રેઈડ કરી હતી અને ૭ ને ઝડપી લઈ ગુનો દાખલ કરી આગળની ધોરણસરની કાર્યવાહી હાથ ધરી હતી. મેંદરડા તાલુકાના મોટી ખોડીયાર ગામે જાહેરમાં જુગાર ચાલી રહ્યોં હોય બાતમી મળતા જ પોલીસે વોચ ગોઠવી દરોડો પાડ્યો હતો અને તીન પતી રોન પોલીસનો જુગાર રમતાં અશોક ભોજાભાઈ મકવાણા, રામજી દુદાભાઈ બાબરીયા, રવજીભાઈ સોમાભાઈ સોંદરવા, ચંપાબેન ભનુભાઈ જાદવ, મુકતાબેન રામજીભાઈ જાદવ, મીનાબેન નારણભાઈ વાઘ, પ્રવીણાબેન અશોકભાઈ મકવાણાને ઝડપી લીધા હતા અને રૂા.૪૫૧૦નો મુદ્દામાલ કબ્જે કરી આગળની ધોરણસરની કાર્યવાહી હાથ ધરી હતી. આમ પોલીસની જુગાર રેઈડથી જુગારીઓમાં ફફડાટ ફેલાયો હતો.

# માણાવદરનાં થાપલા અને ભાલછેલમાંથી ૯ જુગારી ઝડપાયા

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૧૦

માણાવદરના થાપલા ગામે સીમ વિસ્તારમાં વૃધ્ધ દ્વારા તેના મકાનમાં જુગાર રમાડવામાં આવતો હતો. પોલીસે જુગારની કલબ ઉપર દરોડો પાડી જુગાર રમતા માણાવદર પંથકના છ શખ્સોને ૫૩,૪૬૦ના મુદ્દામાલ સાથે ઝડપી જુગાર ધારા હેઠળ ગુનો નોંધી વધુ કાર્યવાહી હાથ ધરી છે. આ બનાવ અંગે પોલીસમાંથી પ્રાપ્ત વિગત અનુસાર, માણાવદરના થાપલા ગામે સીમ વિસ્તારમાં રહેતા ખીમાભાઈ લાખાભાઈ રાવલીયા (ઉ.વ.૭૨) તેના મકાનમાં જુગારની કલબ ચલાવતા હોવાની બાતમીને આધારે પોલીસે દરોડો પાડયો હતો. દરોડા દરમ્યાન જુગાર સંચાલક ખીમાભાઈ રાવલીયા, વિરમભાઈ મારડીયા, બોઘાભાઈ ભાટુ, ભીખાભાઈ સોલંકી, સંદિપ રાવલીયા, કરણ કોડીયાતર સહિત કુલ છ શખ્સોને ૨૦,૪૬૦ના મુદ્દામાલ સાથે ઝડપી જુગાર ધારા હેઠળ ગુનો નોંધી વધુ કાર્યવાહી હાથ ધરી છે.

મેંદરડાનાં ભાલછેલમાંથી ત્રણ જુગારી ઝડપાયા

મેંદરડા તાલુકાનાં ભાલછેલ ગામે જાહેરમાં જુગાર રમતા દેવેન્દ્ર પ્રચ્છક, લોકેશ જાની, હીમેશ ત્રિવેદીને રોકડ રૂા. ૭૨૪૦ સાથે ઝડપી લઈ જુગારધારા અંતર્ગત ગુનો નોંધી મેંદરડાનાં પો.હે.કો. બી.સી. વાળાએ તપાસ હાથ ધરી છે.

અપમૃત્યુ

વિસાવદર તાલુકાનાં ભુતડી ગામનાં ભરતભાઈ દીલીપભાઈ સોંદરવા (ઉ.વ. ૧૯)એ પોતાની વાડીએ કોઈ અગમ્ય કારણોસર ગળાફાંસો ખાતા મૃત્યું પામેલ છે. આ બનાવ અંગે વિસાવદરનાં એએસઆઈ બી.વી. કરમટાએ વધુ તપાસ હાથ ધરી છે.

# જૂનાગઢ પોલીસની બૂટલેગરો ઉપર તવાઈ : દારૂના ૬ કેસ

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૧૦

જૂનાગઢમાં પોલીસે દરોડા પાડી બૂટલેગરો ઉપર તવાઈ બોલાવી હતી. એ ડિવિઝન પોલીસે દોલતપરાના નેમીનાથનગરમાં રહેતા જયેન્દ્ર ઉર્ફે જયલો મંગળભા જાડેજાના રહેણાંક મકાનમાંથી રૂપિયા ૧૮૦૦ની કિંમતનો દેશી દારૂ બનાવવાનો આથો, પંચેશ્વરમાં રહેતા દેવાભાઈ લખમણ મોરીની કાળવા કાંઠે આવેલ કબજાની જગ્યાએથી રૂપિયા ૨૬૦૦નો દેશી દારૂ તથા આથો તેમજ પંચેશ્વરના માંડા ભીમાભાઈ મોરીનાં રહેણાક મકાનમાંથી રૂપિયા ૧૮૦૦નો દેશી દારૂ બનાવવાનો આથો અને પંચેશ્વર રબારીવાસમાં રહેતા ભીખાભાઈ ખીમાભાઈ ઉલવાના મકાનની પાછળથી પણ રૂપિયા ૧૮૦૦નો આથો કબજે કરી તેનો નાશ કર્યો હતો પરંતુ આમાંથી એક બુટલેગર હાથ નહિ આવતા પોલીસે વધુ તપાસ હાથ ધરી હતી.

જ્યારે સી ડિવિઝન પોલીસે દુબળી પ્લોટમાં રહેતા આકાશ જીતુભાઈ પરમારને રૂપિયા ૧૦૦ના વિદેશી દારૂ સાથે, દીપાંજલીના પાવન હસમુખ ચુડાસમાને રૂપિયા ૪૦ના દેશી દારૂ સાથે અને હાઉસિંગ કોલોનીના પંકજ રતિલાલ જયસ્વાલને રૂપિયા ૬૦ના દેશી દારૂ સાથે ઝડપી લઈ પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

# જૂનાગઢ બસ સ્ટેશન પાર્કિંગમાં અશક્તિથી શરીર નબળું પડી જતા યુવકનું મોત

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૧૦

તાલાલાના સીદીવાડામાં રહેતા અને રખડતું ભટકતું જીવન પસાર કરતાં અબ્બાસભાઈ ગુલુભાઈ મકવાણા(ઉ.વ.૩૫)ને ખોટી આદતોના કારણે શરીર નબળું પડી જતા અને અશક્તિના કારણે શનિવારે જૂનાગઢના એસટી બસ સ્ટેશનના પાર્કિંગ વિસ્તારમાં તેમનું મૃત્યું થતાં બી ડિવિઝન પોલીસે આગળની કાર્યવાહી કરી વધુ તપાસ હાથ ધરી હતી.

અન્ય એક બનાવમાં માનસિકતાના કારણે લગ્ન નહીં થતાં મરમઠના યુવાને ગળાફાંસો ખાઈ લેતા પોલીસે આગળની કાર્યવાહી કરી હતી. માણાવદર તાલુકાના મરમઠ ગામે પ્લોટ વિસ્તારમાં રહેતા રામદેભાઈ લીલાભાઈ ભાટુ(ઉ.વ.૩૨) નામના યુવાન ૧૦ વર્ષની ઉંમરે પડી ગયા હતા. જેથી માનસિકતા અને અસ્થિર મગજના કારણે વાત વાતમાં મનોમન ખોટું લાગી જતું હતું અને માનસિકતાના કારણે લગ્ન થયેલ ન હોવાથી પોતાના ઘરની બાજુમાં આવેલ ડેલામાં શનિવારે ગળાફાંસો ખાઈને મોતને મીઠું કરી લેતા અરેરાટી પ્રસરી ગઈ હતી.


ધો.૧૨ પછી શું ?

ઓલ ઈન્ડિયા ઈન્સ્ટીટયુટ ઓફ લોકલ સેલ્ફ ગવર્મેન્ટ-સંચાલિત

ડિપ્લોમાં કોર્ષ

સેનેટરી ઈન્સ્પેકટર

: મળવાપાત્રક તક :

નગરપાલિકા, મહાનગરપાલિકા, સરકારી હોસ્પીટલ, પોર્ટ, એરપોર્ટમાં નોકરીની વિશાળ તક.

જીએસપી સ્કૂલ

સરકારી ગોડાઉન પાછળ, સિંધી સોસાયટી રોડ, ગાંધીગ્રામ, જૂનાગઢ. ફોન : ૨૮૫-૨૬૫૩૪૭૦

મો. ૮૮૬૬૨ ૬૨૬૫૬

બોમ્બે બજાર શો-રૂમ બંધ કરવાનો હોવાથી

સ્ટોક કલીયર કરવા સબબ

દરેક સ્કૂલ યુનિફોર્મ તેમજ કાપડ

વાઈટ, એપ્રોન વાઈટ ઝબ્બા

આલ્ફા સ્કૂલ, કાલરીયા સ્કૂલ અને નોબલ સ્કૂલનાં યુનિફોર્મ અડધા ભાવમાં

પાણીનાં ભાવમાં રૂા. ૫૦૦ની આઈટમ

ફકત રૂા. ૧૫૦/માં

જૂજ માલ જ હોય આ ભાવમાં પછી મળશે નહી

જેનિલ શોપીંગ સેન્ટર - જૂનાગઢ

મો. ૯૪૨૯૩ ૨૦૮૦૫

ઓફર...ઓફર... M. 99787 06355 ☎: (૦૨૮૫) ૨૬૨૭૩૬૨

તમારૂ જુનુ TV, LED TV, ફ્રીઝ, વોશીંગ મશીન, ઘરઘંટી દઈને નવું લઈ જાવ.




બીના ઈલેક્ટ્રોનિક્સ

MI-GL, સોની, વર્લપુલ, સેમસંગ, પ્રાઈમવર્ક.

LED ટીવી, ફ્રીઝ, A/C, વોશીંગ મશીન, ઘરઘંટી, હોમથીએટર, DJ

0% ફાઈનાન્સ 0% ડોક્યુમેન્ટ ચાર્જ

જે.વી. ચોટાઈ કોમ્પલેક્ષ, અન્ડર ગ્રાઉન્ડ, વણઝારી ચોક, જૂનાગઢ.

માણસો જોઈએ છે આકર્ષક પગાર ધોરણે.